સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

જાન્યુઆરી - ૨૦૦૬





પ.પૂ. ધ.ધુ ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી સરધારધામને આંગણે તૈયાર થયેલ ભવ્ય 'સંતઆશ્રમ' અને 'શ્રી નૃગેન્દ્ર સભામંડપ'નું ઉદ્‌ઘાટન કરતા પૂ. સ્વામી તથા મહાનુભાવો

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી
કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
તંત્રી : સાધુ દિવ્યસ્વરૂપદાસજી ❖ વર્ષ :- ૧, અંક :- ૮, તા. ૨૦-૧-૦૬

## :: સંસ્થાપક ::

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

## :: અધ્યક્ષ ::

પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ - વડતાલ

## :: પ્રયોજક ::

પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

## :: સુચનાઓ ::

- શ્રી સ્વામિનારાયણ ચિંતન દર મહિનાની ૨૦મી તારીખે પ્રગટ થાય છે. કોઈ કારણસર અંક ન મળે તો ભારતમાં સ્થાનિક પોસ્ટ ઓફિસમાં તપાસ કરીને કાર્યાલયમાં જાણ કરવી.
- ગ્રાહકે સરનામું બદલાતા કાર્યાલયમાં ગ્રાહક નંબર સાથે જાણ કરવી
- ગમે તે મહિનાથી ગ્રાહક થઈ શકાય છે.
- કોઈ અનિવાર્ય સંજોગોમાં માસિક બંધ કરવામાં આવે, તો લવાજમપરત મળશે નહિ.

## :: લેખો અંગે પત્રવ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫

## :: લવાજમના દર ::

| | |
|---|---|
| વાર્ષિક લવાજમ | : રૂા. ૮૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચીસ વર્ષ લવાજમ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ ૧૩૦ U.S.A. |
| | : £ ૧૦૦ U.K. |

## :: અનુક્રમણિકા ::

૧ પ.પૂ. લાલજી મહારાજના અમૃતવચનો..............(અમૃતવાણી ચિંતન) ૨
૨ પૂ. સ્વામીનો પત્ર..............(પ્રેરણા ચિંતન) ૩
૩ શિક્ષાપત્રીનું વૈશિષ્ટ્ય-દર્શન..............(શિક્ષાપત્રી જયંતી ચિંતન) ૫
૪ આત્યંતિક કલ્યાણ..............(આજ્ઞા-ઉપાસના ચિંતન) ૮
૫ ધર્મામૃત..............(સંત પંચવર્તમાન ચિંતન) ૧૨
૬ જય સદ્‌ગુરુ સ્વામી..............(ચરિત્ર પ્રસંગ ચિંતન) ૧૫
૭ સરધામધામમાં સૌપ્રથમવાર શ્રીજી મહારાજની પધરામણી...(તીર્થ ચરિત્ર ચિંતન) ૧૭
૮ પુરુષોત્તમ પ્રકાશ..............(શાસ્ત્ર પરિચય ચિંતન) ૨૦
૯ ભારતીય સંસ્કૃતિ બચાવો..............(સંસ્કૃતિ ચિંતન) ૨૨
૧૦ શ્રીહરિનું મંદવાણ ગ્રહણસ્થાન..............(તીર્થ મહિમા ચિંતન) ૨૬
૧૧ સંતના જીવનનું સામર્થ્ય અને વ્હાલપનાં વેણ..... (સંત-ચારિત્ર્ય ચિંતન) ૨૭
૧૨ સત્સંગ શબ્દજ્ઞાન મનોરંજન..............(બાલ-યુવા સત્સંગ ચિંતન) ૨૮
૧૩ સત્સંગ સમાચાર પત્રિકા..............( સંકલિત) ૩૧

## :: લવાજમ અંગે ગ્રાહક પત્રવ્યવહાર ::

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhar.org ◆ E-mail : amrutdhara2003@yahoo.com

અમૃતવાણી ચિંતન **પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ - વડતાલના**

# "અમૃતવચનો"

શ્રીજીના લાડીલા હરિભક્તો.


વડતાલ શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવના ચરણકમળ સમીપથી તથા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા અમારા ખૂબ ખૂબ શુભાશીર્વાદ સહ જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિ. શ્રીજી મહારાજે આ સંસારમાં પ્રગટ થઈને પામર જીવાત્માને મોક્ષના પંથે ચડાવવા અનેક લીલાઓ કરી, અનેક પ્રકારનો ઉપદેશ કર્યો; તેમજ શ્રીજી મહારાજનું પ્રગટપણું સિદ્ધ કરવા અનેક જીવોને ભગવાન શ્રીહરિ સાથે પ્રીતિ થાય તે માટે નંદસંતોએ ઘણો દાખડો કર્યો. આ સત્સંગમાં નાત-જાત, ઉચ્ચ-નીચ, ધનાઢ્ય કે ગરીબ, પ્રાંત, ભાષા આ સર્વથી ઉપર થઈ અને જીવ એ સદાચારી બને, એ ભક્ત બને અને એ મુક્ત બને તેવું સુંદર સમન્વય આ સંપ્રદાયમાં છે. ધર્મનો અને સત્યનો માર્ગ પરમપદવીને એટલે કે મોક્ષને આપનારો છે અને એટલા જ માટે શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં દરેક ભક્તોને આજ્ઞા કરી છે કે અમારા આશ્રિતોએ ધર્મ-મર્યાદામાં રહી ભગવાનની નિષ્કામભક્તિ કરવી. ભક્તિના સ્વરૂપને વિવિધ શાસ્ત્રોમાં સુંદર રીતે વર્ણવેલું છેઃ-

**श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् । अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥**

આ પ્રકારે ભક્તિના સ્વરૂપો બતાવ્યા છે અને વિશેષ પ્રેમલક્ષણા ભક્તિ એમ નવધા ભક્તિનો યોગ શાસ્ત્રમાં બતાવે છે. આપણે સૌએ આ સદ્ધર્મ ભક્તિના માધ્યમથી પરમાત્માને પ્રાપ્ત કરવાના છે. તો સર્વેને આ લક્ષ્યમાં આ ભક્તિમાર્ગમાં દૃઢ રહેવા પરમ કૃપાળુ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન બળ, બુદ્ધિ અને ઐશ્વર્ય પ્રાપ્ત કરાવે એવી ભગવાન શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના સહ...

આ સાથે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજ શ્રી અજેન્દ્રપ્રસાદ મહારાજ તથા પ.પૂ. અ.સૌ. ગાદીવાળા માતુશ્રીએ સર્વે ભાઈઓ-બાઈઓને ખૂબજ સત્સંગનું બળ વધે અને સત્ય સિદ્ધાંત સમજવાનું બળ આપે એવા રૂડા આશીર્વાદ પાઠવ્યા છે. તમારા ગામના સર્વે ભક્તો ખૂબજ સુખીયા થાય તેવી વડતાલવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવના ચરણકમળમાં પ્રાર્થના કરીએ છીએ.



અત્ર કુશળ તત્રાસ્તુ.

આશીર્વાદ સહ......

પ.પૂ. ૧૦૮ લાલજી મહારાજ શ્રી
સંસ્થાન - વડતાલ

# પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીનો પત્ર

સત્સંગના લાડીલા સર્વે હરિભક્તોને ઘણાજ હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ...

વ્હાલા ભક્તજનો ! આજના યુગમાં દેહધારીઓ જગતના નાશવંત સુખને જ સાચુ સુખ માનીને મંડ્યા છે. મર્યા પછી શું હાલત થશે, તેનો લેશમાત્ર વિચાર નથી. વિષયમાં અંધ બની મોક્ષની તમામ વાતને ભૂલી જઈ આડેધડ દોટું દઈ રહ્યા છે. આવા વિપરીત રજોગુણી વાતાવરણમાં રહ્યા પછી પણ આપણને અખંડ ભગવાન કેમેય કરીને રાજી કરી લેવા છે, તેવા સતત સંકલ્પ થાય છે. માટે આપણા જેવો કોઈ ભાગ્યશાળી નથી. કારણ કે સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં લખ્યું છે કે : ''આ લોકમાં નરકનું દુઃખ તે શું ? તો ભુંડા ભુંડા ઘાટ ઊઠે તે નરકનું દુઃખ છે. અને આ લોકમાં અક્ષરધામનું સુખ તે શું ? તો શુભ સંકલ્પ ઊઠે તે.'' માટે આપણે તો સતે દેહેજ અક્ષરધામ જેવું સુખ ભોગવીએ છીએ.

અને એક વાત બહુજ સત્ય છે કે જેને ભગવાનમાં પ્રેમ બંધાણો, ભગવાન જ સુખનિધિ મનાણા તેના મહિમાનો પારાવાર નથી. તેથી તો ભગવાન શ્રીહરિ પણ ઘણીવાર આપણી સહુની મહત્તા કહેતા. જેને સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ કાવ્યમાં સ્પષ્ટ લખેલ છે :

**'પછી પ્રભુજી બોલીયા, તમે સાંભળો હરિજન સહુ;**
**અતિ રહસ્ય એકાંતની, એક વાલ્યપની વાત કહું.**
**આ સભામાં આપણ સહુનાં, તેજોમય તન છે;**
**છટા છુટે છે તેજની, જાણું પ્રકટિયા કોટિ ઈન્દુ છે.**
**વળી કહું એક વારતા, સર્વે કીધું આપણું થાય છે;**
**સુખદુઃખ વળી જય પરાજય, યત્કિંચિત જે કહેવાય છે.'**

આટલી બધી મહત્તા ભગવાનના એકાંતિક સંતો-ભક્તોની છે. એક વાતની સ્પષ્ટતા કરવી ઘટે છે આ બધી મહત્તા સાચા હીરાની છે, પણ કથીરની નથી. જેમને ભગવાન શ્રી સ્વામિનારાયણ જીવનપ્રાણ મનાણા છે, તેની જ આ મહત્તા છે. માટે જેમણે મહારાજની આગળ મોટું થવું હોય તેમણે તો મહારાજની સર્વોપરી ઉપાસના અને આજ્ઞા આ બંનેને જીવનમાં રાખીને તેને પાળવા માટે મંડી પડવું.

જો સર્વોપરી ઉપાસના અને આજ્ઞા આ બંને દૃઢ હશે તો માયા પણ મોક્ષમાર્ગમાં વચ્ચે વિઘ્ન કરવા નહિ આવે. સ્વયં ભગવાન શ્રીહરિ વડતાલના ૫માં વચનામૃતમાં કહે છે કે : ''ભગવાનના એકાંતિક ભક્તને તો માયા સહાયરૂપ થાય છે. માયા ભક્તને ત્યારે જ વિષયને આધીન કરી પરાજીત કરી શકે કે જ્યારે ભક્તની નિષ્ઠામાં ફેર પડે અને આજ્ઞાનું ઉલ્લંઘન કરે. માટે માયાથી બચવામાં આજ્ઞા-ઉપાસના અને ભજન અતિ મહત્ત્વના છે.''

પરંતુ આજકાલ જગતના ખેંચાણે ત્યાગી-ગૃહી બધામાં જ આજ્ઞા-ઉપાસનામાં શિથિલતા લાવી દીધી છે. જેથી કરી હું કોણ ? અને કોનો આશ્રિત ? તે વાત ભૂલાઈ ગઈ છે. અને વાતેય બહુજ સમજ્યા જેવી છે. વિષયાધીન જગતના સુખનો ગુલામ ભગવાનનો ભક્ત ક્યાંથી બની શકે ? માટે મોક્ષમાર્ગમાં સાવધાન બની જાગી જવાનો સમય આવી ગયો છે. અને આવા અવસરે જો નહિ જાગીએ તો ફરીને આ સમય પ્રાપ્ત નહિ થાય. માટે બધુંજ પડતું મુકીને મહારાજની મૂર્તિમાં ખૂબજ પ્રેમ કરી લેવો. અને આ સંપ્રદાયમાં પ્રવેશ કર્યો છે તો ફક્ત મોક્ષનો જ હેતુ રાખવો. પણ અન્ય કોઈ સંકલ્પ ન કરવો. બાકી તો ધાર્યું બધું ભગવાન શ્રીહરિનું જ થાય છે. અત્યારે વર્તમાનકાળમાં સંપ્રદાયમાં વિષમ દેશકાળ વર્તે છે. અને પેપરો, ટી.વી વગેરે મીડીયામાં આવતા સાચા-ખોટા સમાચારથી ભક્તોના હૃદયમાં અનેક સંકલ્પ-વિકલ્પ થતા હશે. પરંતુ હું તો એમ કહું કે બધીજ ચિંતા છોડી ભગવાનનું ભજન વધારી દેજ્યો. 'ભગવાનની ઘેરે દેર છે પણ અંધેર નથી' તે ન્યાયે ભગવાન શ્રીહરિ એકને એક દિવસ પોતાનું સર્વોપરીપણું વાપરી સાચેસાચું અને ખોટું તે ખોટું તેવું સાબિત કરીને આપણી વચ્ચે મુકી દેશે. આ લોકની ધન-સંપતિ કે લાગવગ બધુંજ પડ્યું રહેશે અને જેમ દેહ અને આત્મા અલગ થાય છે તેમ સત્ય-અસત્ય ને અલગ કરી દેશે. માટે ભગવાનના ભક્તો ! મોજમાં રહી ભજન કરી લેજ્યો. હવે તમારો સહન કરવાનો સમય બહુ બાકી રહ્યો નથી. ટૂંકસમયમાં જ સંપ્રદાયમાં સોનાનો સુરજ ઊગશે. માટે મસ્તીમાં રહી ભજન કરજ્યો. અને મહારાજની સર્વોપરી ઉપાસનામાં સ્વપ્નમાં પણ બીજો સંકલ્પ ન ઊઠે તેવું કરી રાખજ્યો. બસ, એટલી જ ભલામણની સાથે પત્રને પુરો કરું છું.

વિચાર વિમર્શ

સંકલન : સાધુ મહાપુરુષદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી (સરધાર)

# સત્યને માટે બધું જ છોડી શકાય, બધાને માટે સત્યને છોડી ન શકાય...!

## પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના સત્સંગ-પ્રવચનોમાંથી સંકલિત.

જે બધા સમયે બધી જગ્યાએ બધી સ્થિતિમાં એક સમાન રહે એનું નામ સત્ય. એ પરમ તત્ત્વનો સ્વભાવ છે. એનો કદી અભાવ હોતો નથી. ગીતાજી કહે છે :- 'અસત્યનું કદી અસ્તિત્વ હોતું નથી, અને સત્યનું કદી અનસ્તિત્વ (અભાવ)હોતું નથી.' 'नासतो विद्यते भाव: नाभावो विद्यते सत:'

જે સત્ય છે તે ભૂતકાળમાં હતું, વર્તમાનકાળમાં છે અને ભવિષ્યકાળમાં રહેશે. આર્ષદૃષ્ટાઓ કહે છે કે મેં સત્યને મેળવી લીધું એમ ન કહો. પણ એમ કહો કે મેં સત્યને માર્ગે ચાલતા ચાલતા ભગવાન મેળવી લીધા. સત્ય અને પરબ્રહ્મ આ બંને એક જ છે. એટલે જ તો શ્રુતિ કહે છે : 'सत्यं ज्ञानं अनन्तं ब्रह्म' સત્ય, જ્ઞાન, અનંત અને બ્રહ્મ આ એકબીજાના પર્યાયવાચક છે. સત્યનું ફલક બહુ મોટું છે. એનો વ્યાપ બહુ વિશાળ છે. એવું કશું નથી જ્યાં એ ન હોય. ઋષિઓ કહે છે : તું તારા હોઠ બંધ રાખ, કાન બંધ રાખ, નેત્ર બંધ રાખ, આટલું કર્યા પછી પણ સત્યનું ગૂઢ રહસ્ય ન મળે તો અમારી હાંસી ઉડાવજે. જીવનમાં એ ધ્યાન રાખવું ઘટે કે સત્ય માટે બધું છોડી શકાય છે પણ બધાને માટે સત્ય છોડી દેવું યોગ્ય નથી.

સત્યને છોડાવવા સોક્રેટિસને ઝેર પીવડાવીને મારી નાખવામાં આવ્યા હતા. સોક્રેટિસ ધારત તો બચી શક્યા હોત, પણ તેણે સત્યદ્રોહ કરતા મોતને વહાલું ગણ્યું હતું. પોતાના વિચારમાં અને ધ્યેયમાં સોક્રેટિસની સ્થિરતા હતી. ઈસુના નામે ઈસવી સન શરૂ કરનારાઓએ જ ઈસુને પ્રથમ સત્યને છોડાવવા જીવતા વધસ્તંભ (ક્રોસ) ઉપર જડી દીધા હતા.

સાચું નારિયેલ હમેશાં વધેરાય જતું હોય છે અને ખોટું જ નારિયેલ મોતિયે મઢાય છે. સમાજ એવા લોકોને રસ્તા વચ્ચેથી દૂર કરે છે કે જે ચલિત થતા નથી, જે ચલિત થઈ શકે છે તે લાંબો વખત આડા આવતા નથી. તેમના પ્રાણ લેવાની કોઈ જરૂર રહેતી નથી. કડવું સત્ય પણ પરિણામે માઠા અસત્યથી વધારે સારું છે. સત્યથી જે ગુમાવાય તે હાનિ નથી પણ મોટી પ્રાપ્તિ છે. અસત્યથી જે પ્રાપ્ત કરીએ, એ પ્રાપ્તિ નહિ પણ મોટી હાનિ છે. સાપ-સીડીની રમતની જેમ સતાણુંના ખાના સુધી પહોંચેલું અસત્ય સાપના મુખેથી ત્રણ નંબરે - તળીયે ઉતરી જતાં જરાય વાર લાગતી નથી.

**'સચ્ચાઈ છીપ નહિ સકતી, બનાવટ કી અસુલો સે,**
**ખૂશ્બુ આતી નહિ હરગીઝ, કભી કાગજ કે ફુલોસે.'**

કોઈ સત્યને દબાવી અસત્યનો હરણફાળ પ્રચાર કરે તો પણ સનાતન સત્ય ક્યારેય દબાતું નથી. એટલે જ તો સત્યની પ્રતિષ્ઠા સામુદાયિક કલ્યાણ કરી શકે. સત્યને રાખનાર સંસારના દુઃખોને અતિક્રમી પરબ્રહ્મના આનંદનો અનુભવ કરે છે.

સત્યને થેલીમાં નાંખી પંદર વર્ષની વયનો એક કિશોર કોઈ કામમાટે શહેરમાં જઈ રહ્યો હતો. એની માતાએ એને ૫૦૦ રૂપિયા આપ્યા અને ખૂબ સાચવીને લઈ જવા કહ્યું. એ જમાનામાં ૫૦૦ રૂપિયા ઘણી મોટી રકમ હતી. એની માતાએ તો ઉપદેશ આપતા કહ્યું : "બેટા ! હમેશાં સાચું જ બોલવું. સચ્ચાઈ પર આખી દુનિયા ટકેલી છે." માતાનો ઉપદેશ હૃદયમાં ઉતારી તે કિશોર શહેર જવા નીકળ્યો. રસ્તામાં નિર્જન પ્રદેશમાં કેટલાક લૂંટારાઓએ એને ઘેરી લીધો. આ કિશોર પાસે કશું વધારે હોય એવી એમને ધારણા તો નહોતી છતાં એમણે એને પૂછવા ખાતર પૂછ્યું : "બોલ, તારી પાસે શું છે ? જે હોય તે કહી દે." એક લૂંટારાએ કહ્યું : "જવા દો ને, આની પાસે કશું નહીં હોય. આટલા નાના કિશોર પાસે શું હોય ?" ત્યાં જ એ કિશોર બોલી ઊઠ્યો : "ના, તમારી વાત સાચી નથી. મારી પાસે આ કપડાં ઉપરાંત ૫૦૦ રૂપિયા પણ છે." લૂંટારાઓએ એની થેલી તપાસી તો ખરેખર કપડાંની અંદર ૫૦૦ રૂપિયા પણ જોયા. લૂંટારાના સરદારને ખૂબ આશ્ચર્ય થયું. તેણે તે કિશોરને કહ્યું : "અમે તને લૂંટ્યા વિના હેમખેમ જવા દેતા હતા છતાં તે સાચું કેમકહી દીધું કે તારી પાસે આટલા બધા રૂપિયા પણ છે ?" ત્યારે એ કિશોરે કહ્યું : "મારી માએ મને શીખવ્યું છે કે હમેશાં સાચું જ બોલવું. પોતાના પ્રાણ સંકટમાં હોય તોય કદી જૂઠું ન બોલવું. સત્ય એજ પરમેશ્વર છે. જેમ આપણે પરમેશ્વરને છોડી દેતા નથી એમ સત્યને છોડવું નહિ.

એ કિશોરની સત્યવાદિતા, પ્રમાણિકતા અને નિર્ભીકતાથી એ લૂંટારાઓ પ્રભાવિત થઈ ગયા. તારી સચ્ચાઈથી અમે રાજી થયા છીએ. અમે તને લૂંટવા માગતા નથી. તને જવા દઈએ છીએ. ત્યારે પેલા કિશોરે કહ્યું : "તમે ખરેખર આ સારું કામકર્યું. ભગવાન તમારા પર રાજી રહેશે, પણ એ ક્યાં સુધી રહેશે એ કહેવું મુશ્કેલ છે. તમે ફરી પાછી લૂંટફાટ કરશો એટલે પરમાત્મા ખફા થશે. તમે આવા ખરાબ કામ કરવાના કાયમને માટે છોડી ન શકો ? ભગવાનને સદાય રાજી ન રાખી શકો ?" એ કિશોરના આ શબ્દો લૂંટારાઓના હૃદયમાં ઉતરી ગયા. એમનો હૃદયપલટો થઈ ગયો. એ દિવસથી જ એમણે લૂંટફાટનું કામછોડી દીધું અને મહેનત-મજૂરીથી જીવન પસાર કરવા લાગ્યા. આ લૂંટારાઓના જીવનને સુધારનાર એ કિશોર આગળ જતાં ભારતનું એક રત્ન બન્યો. એ જ હતા આપણા સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ બાબુ...!!!

સ્વામી આનંદસ્વરૂપદાસજી
(વેદાંતાચાર્ય)
સરધાર

### ૧૮૦મી જન્મતિથિ પ્રસંગે

# શિક્ષાપત્રીનું વૈશિષ્ટ્ય-દર્શન



મહા સુદ - ૫ (પાંચમ) એટલે વસંત પંચમીનો મહા પવિત્ર દિવસ. આ દિવસ આપણા સંપ્રદાય સાથે અનેક રીતે સંકળાયેલો છે.

આપણા સંપ્રદાયને માટે વસંત પંચમી એટલે મોક્ષદાયક શિક્ષાપત્રીનો જન્મદિવસ !! તદુપરાંત આ વસંતપંચમી એટલે...

- ધોલેરા શ્રી હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવનો દિન.
- મૂળી શ્રી રાધાકૃષ્ણ દેવના પાટોત્સવનો દિન.
- સ.ગુ.બ્ર. આનંદાનંદ સ્વામીનો જન્મ દિવસ.
- સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીનો જન્મ દિવસ.
- સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીનો જન્મ દિવસ.
- સ.ગુ. વિજ્ઞાનાનંદ સ્વામીનો જન્મ દિવસ.

આમ, અનેકાનેક રીતે આ તહેવાર આપણી સાથે જોડાયેલ છે. સં. ૨૦૬૨ મહા સુદ - ૫ (પાંચમ)ના દિવસે શિક્ષાપત્રીના ૧૮૦ વર્ષ પૂર્ણ થાય છે.

શ્રીજી મહારાજે શિક્ષાપત્રી સં. ૧૮૮૨ મહા સુદ - ૫ (વસંત પંચમી) તા. ૧૨-૨-૧૮૨૬ના રવિવારને દિવસે વડતાલમાં હરિમંડપે રચના કરી હતી.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વરિષ્ઠ સંતો-ભક્તોએ શિક્ષાપત્રીને 'ગાગરમાં સાગર'ની ઉપમા યથાર્થ આપી છે. કારણ કે આ શિક્ષાપત્રીમાં ૩૫૦થી વધારે શાસ્ત્રોનો સાર તથા ૩૯૭૨ જેટલા અનેક શાસ્ત્રોના વાક્યોનું આલેખન થયેલ છે. તેથી તો શિક્ષાપત્રીની ઘણી મોટી મહત્તા છે. આ પૃથ્વી પરનું કોઈ એવું સત્શાસ્ત્ર નથી કે જેની કોઈ ને કોઈ કલમઆ શિક્ષાપત્રીમાં ન લખાયેલ હોય. ટૂંકમાં દરેક સત્શાસ્ત્રની કોઈને કોઈ વાત શિક્ષાપત્રીમાં ગ્રહણ થઈ જ છે. આમ, શિક્ષાપત્રી સર્વશાસ્ત્રનો સારરૂપ 'ઘી' છે. એટલે તો કહ્યું છે :

सच्छास्त्राणां समद्धृत्य सर्वेषां सारमात्मना ।
पत्रीयं लिखिता नूणामभीष्टफलदायिनी ॥

અને હા, સાથોસાથ

'सर्वजीवहितावहः' (શ્લોક-૭) સર્વ જીવપ્રાણીમાત્રના માટે મોક્ષરૂપિણી આ શિક્ષાપત્રી છે.

શિક્ષાપત્રી ખરેખર એક અજોડ શાસ્ત્ર છે. શાસ્ત્રનો અર્થ જે :- 'शासु अनुशिष्टौ' તથા 'शसि वाक्यप्रबन्धे' આ બંને ધાતુને 'ष्ट्रन्'પ્રત્યય કરી શાસ્ત્ર શબ્દની ઉત્પત્તિ થાય છે.

शासनात्शंसनात्
शास्त्रमित्यभिधीयते ।

જેના દ્વારા શાસન થઈ શકે
જેના વાક્યોથી નિયમન થઈ શકે તેને
શાસ્ત્ર કહેવાય. આ વ્યાખ્યા સાંગોપાંગ રીતે શિક્ષાપત્રીને ઘટે છે.

☞ હવે શિક્ષાપત્રીના અર્થને વિચારીએ તો...

આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે ભાષ્યમાં ખૂબજ સુંદર અર્થ બતાવેલો છે :

'शिक्षायाः पत्री शिक्षार्था वा पत्री ।'

'शिस्' ધાતુને ભાવાર્થક કૃદન્ત 'घञ्' પ્રત્યય કરી 'अजाद्यतष्टाप्' સૂત્રથી સ્ત્રીત્વવિવક્ષાર્થે 'टाप्'પ્રત્યય કરી શિક્ષા શબ્દ નિષ્પન્ન થાય. પત્રીની સાથે 'षष्ठीतत्पुरुष समास' કરી શિક્ષાપત્રી શબ્દ બને.

તેનો સંસ્કૃત અર્થ : 'शिक्ष्यते उपदिश्यते मुमुक्षूणामसाधारणं धर्मतत्त्वमनया इति शिक्षा ।'

ગુજરાતી અર્થ : 'સર્વે શિક્ષાઓનું સંકલન કરનારી પત્રી એટલે શિક્ષાપત્રી'

☞ શું કામ લખવામાં આવી ?

આ પ્રશ્નના જવાબમાં શિક્ષાપત્રી ધ્યાન-માહાત્મ્યના પહેલા શ્લોકમાં કહ્યું છે :

'विज्ञाने विलयं गते प्रसरति क्षोण्यां तमस्यांतरे । दिङ्मूढेषु भवाध्वगेषु परितः पीडैकशैषे विधौ ॥' - १

જ્ઞાનનો વિલય થયો, અજ્ઞાનના અંધકાર ચારેબાજુ ઘેરી વળ્યા, પ્રજા કર્તવ્ય શૂન્ય (દિઙમૂઢ) બની તેમજ વેદોક્ત કર્મકાંડની વિધિઓ પણ પીડા માત્ર અવશેષ રહી ત્યારે કરુણાવતારે કરુણા કરી શિક્ષાપત્રીનું આલેખન કર્યું. તેમજ શિક્ષાપત્રી લખવાનો હેતુ મહારાજે શ્રીમદ્ સત્સંગિજીવનમાં પણ બતાવ્યો છે કે :

'अन्तर्हिते मयि भुवो मदीयानां च सर्वशः । स्फुटमद्वाक्यरूपा सा भवित्र्यालम्बनं महत् ॥' ( ૪,૪૩, ૨૧ )

હું જ્યારે આ પૃથ્વી પરથી અંતર્ધાન

થઈશ ત્યારે મોક્ષ માર્ગે પ્રવર્તનારા મારા આશ્રિતો માટે સર્વધર્મ સારસંગ્રહરૂપ આ પત્રિકા સહાયક બને તે માટે લખું છું. તેથી તો મહારાજે જ્યારે સ્વધામગમન સમયે સૌ આશ્રિતોને ઉપદેશ આપ્યો ત્યારે પણ વારંવાર કહેલું કે 'શિક્ષાપત્રી પ્રમાણે સૌ રહેજો.'

આમ, શિક્ષાપત્રી શાસ્ત્રને એક દૃષ્ટિથી જોઈએ તો 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી છે. કારણ કે ખુદ પરબ્રહ્મ પુરુષોત્તમની કલમે લખાયેલ ગ્રંથ... એક સર્વસામાન્ય દૃષ્ટિથી જોઈએ તો શ્રીરામચંદ્રજી ભગવાને પોતાની વાણીનું તથા સ્વહસ્તે લેખિત કોઈ શાસ્ત્રની રચના કરી હોય તેવું જણાતું નથી, શ્રીકૃષ્ણ ભગવાને સ્વલેખિત શાસ્ત્ર તો કોઈ નથી બનાવ્યું પરંતુ વાણીરૂપી શાસ્ત્ર (શ્રીમદ્ ભગવત્ ગીતા) બનાવ્યું છે. જ્યારે શ્રીજી મહારાજે તો વાણીરૂપી (વચનામૃત) શાસ્ત્ર તથા સ્વહસ્ત લેખિત શિક્ષાપત્રી શાસ્ત્ર એમબંને બનાવ્યા છે. તેથી તો આ શિક્ષાપત્રીથી ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરિતા સાબિત થાય છે. સાથો સાથ શિક્ષાપત્રીનો ૧૦૮મો શ્લોક તે મહારાજની ઉપાસનાની દૃઢતા માટે પુરતો જ છે. તેનું વિવેચન ઘણું જ લાંબુ છે. તેથી તેનું વર્ણન અહિં નથી કર્યું.

હવે એક કદમ આગળ વધી શિક્ષાપત્રી વિશે વિચારીએ તો વેદ છે તે ભગવાનના સ્વમુખની વાણી હોવાથી શ્રીમુખની વાણી તથા અપૌરુષેય મનાય છે. તેમજ શિક્ષાપત્રી તો એ ન્યાયે ભગવાનની સ્વલેખિત વાણી છે. તેથી શ્રીમુખ વાણી હોવાથી એ ગ્રંથને પણ અપૌરુષેય માનવામાં કોઈ અતિશયોક્તિ નથી.

"ઔપચારિક દૃષ્ટિએ જોઈએ તો સૌપ્રથમઆચાર્યશ્રીનું સંબોધન કરેલું છે અને સૌથી છેલ્લે સાધુનું સંબોધન કરી ઉપદેશ આપેલો છે. તેના પરથી એ સ્પષ્ટ સાબિત થાય છે કે 'આચાર્યશ્રી છે તે એન્જિનની જગ્યાએ છે અને સાધુ છે તે ગાર્ડની જગ્યાએ છે. વચ્ચેના સર્વેને ડબ્બા તરીકે જોઈએ તો આ કુલ નવ ડબ્બાની અક્ષરધામે પહોંચાડનારી ટ્રેન છે. પરંતુ જો આ ટ્રેનમાં ભગવાન શ્રીહરિ સ્થાપિત એન્જિનરૂપી આચાર્યશ્રી ન હોય તો તે ટ્રેનને ટ્રેન જ ન કહેવાય, તેને ડબ્બા જ કહેવાય. તે ટ્રેન અક્ષરધામમાં ન જ પહોંચે."

આવી રીતે અનેકાનેક વિધ વિધ પ્રકારનો મહિમા શિક્ષાપત્રીનો છે. જેથી તો ભારત સ્વાતંત્ર્યના લડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલે પણ કહ્યું હતું કે 'આ શિક્ષાપત્રીનું વાંચન કર્યા પછી મને એમ અનુભવ થાય છે કે જો દરેક ભારતીય પ્રજા આ શિક્ષાપત્રીનું પાલન યથાર્થ કરે તો કરોડો રૂપિયાના ખર્ચ પોલિસ પાછળ થાય છે તે ન થાય અને પુરા ભારતમાં પોલિસ તંત્રની જરૂર જ ન રહે.'

☞ શિક્ષાપત્રી ઉપર આપણા આચાર્યશ્રીઓએ તથા નંદસંતોએ ભાષ્ય અને ટીકા-વ્યાખ્યાઓ કરી છે. તેની ટૂંકી યાદી લખીએ તો...

- સં. ૧૮૮૫ના કારતક સુદ - ૩થી માગશર સુદ - ૫ સુધીમાં સ.ગુ. શતાનંદ સ્વામીએ 'અર્થદીપિકા' નામની ટીકા લખેલી છે.
- સં. ૧૮૮૬માં ફરીવાર સ.ગુ. શતાનંદ સ્વામીએ જ મહારાજ અંતર્ધાન થયા પછી પોતાની 'અર્થદીપિકા' ટીકાને સરળ સંક્ષિપ્ત બનાવી 'અન્વયદીપિકા' ટીકા લખેલી છે.
- આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે શિક્ષાપત્રીનું ભાષ્ય સંસ્કૃતમાં લખી, શિક્ષાપત્રીનું વિસ્તરણ કર્યું છે.
- આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે આ પૂર્વોક્ત ભાષ્યને સરળ બનાવતી ટીકા લખી.
- આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે શિક્ષાપત્રીની 'ભાવપ્રબોધિની' ટીકા સંસ્કૃતમાં લખી છે.
- સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથને ૨૬૦ ચોપાઈમાં રચી 'શિક્ષાપત્રી ભાષા' ગ્રંથની રચના કરી.
- સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ ૨૧૨ ચોપાઈમાં આ ગ્રંથને ગુંથી પદ્યમાં ફેરવેલ છે.
- સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીએ હિન્દી પદ્યમાં તથા ગુજરાતી પદ્યમાં શિક્ષાપત્રીનું સુંદર આલેખન કરેલ છે.
- સ.ગુ. શતાનંદ સ્વામીએ પૂરી શિક્ષાપત્રીને સત્સંગિજીવન ગ્રંથના ચોથા પ્રકરણના ૪૪માં અધ્યાયમાં લખેલ છે.
- સ.ગુ. પ્રેમાનંદ સ્વામીએ શ્રીજી મહારાજની આજ્ઞાથી શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકને ગુજરાતીભાષામાં રૂપાંતર કરી કુલ ૨૧૫ દોહા બનાવેલ છે.

આ ઉપરાંત મહારાજ પછીના દાસપંક્તિના સંતો-હરિભક્તોએ પણ શિક્ષાપત્રી પર ઘણી ઘણી ટીકા-વ્યાખ્યા-લેખો-મહાનિબંધો લખેલા છે.

શિક્ષાપત્રીના આધારે જોઈએ તો મહારાજે પોતાના આશ્રિતોને 'મદાશ્રિતાનાં' કહી આશ્રિતોને કુલ નવ પ્રકારે સંબોધેલ છે. ૧. આચાર્ય ૨. આચાર્ય પત્ની ૩. રાજા ૪. ગૃહસ્થ ૫. સધવા સ્ત્રી ૬. વિધવા સ્ત્રી ૭. બ્રહ્મચારી ૮. બ્રાહ્મણ ૯. સાધુ.

આવી રીતે મહારાજે આપણને સર્વને સંબોધેલા છે. ઉપરના સંબોધનને ઔપચારિક દૃષ્ટિએ જોઈએ તો સૌપ્રથમ આચાર્યશ્રીનું સંબોધન કરેલું છે અને સૌથી છેલ્લે સાધુનું સંબોધન કરી ઉપદેશ આપેલો છે. તેના પરથી એ સ્પષ્ટ સાબિત થાય છે કે 'આચાર્યશ્રી છે તે એન્જિનની જગ્યાએ છે અને સાધુ છે તે ગાર્ડની જગ્યાએ છે. વચ્ચેના સર્વેને ડબ્બા તરીકે જોઈએ તો આ કુલ નવ ડબ્બાની અક્ષરધામે પહોંચાડનારી ટ્રેન છે. પરંતુ જો આ ટ્રેનમાં ભગવાન શ્રીહરિ સ્થાપિત એન્જિનરૂપી આચાર્યશ્રી ન હોય તો તે ટ્રેનને ટ્રેન જ ન કહેવાય, તેને ડબ્બા જ કહેવાય. તે

ટ્રેન અક્ષરધામમાં ન જ પહોંચે. પછી કદાચ ગાર્ડરૂપી સાધુ લીલી ઝંડી આપે તો પણ ટ્રેન યાર્ડની બહાર ન નીકળે...તે ન જ નીકળે. માટે આચાર્યરૂપી એન્જિનને સાથે રાખીએ ત્યારે જ અક્ષરધામરૂપી ફળને પામીએ તેવું શ્રી સહજાનંદ સ્વામી મહારાજનું શિક્ષાપત્રીમાં ઉપદેશાત્મક સંબોધનનું ઊંડું રહસ્ય છે.' સાથોસાથ છેલ્લે મહારાજે આશીર્વાદ પણ આપેલા છે કે :

सच्छास्त्राणां समद्धृत्य सर्वेषां सारमात्मना । पत्रीयं लिखिता नृणामभीष्टफलदायिनी ॥ २०८ ॥

સર્વે શાસ્ત્રના સારરૂપ, અમારી લખેલી આ શિક્ષાપત્રી સર્વે મનુષ્ય માત્રને મનવાંછિત ફળને આપનારી છે, અને ચારે પુરુષાર્થને આપનારી છે. (શિક્ષાપત્રી શ્લોક. ૨૦૪)

તેથી તો શ્રીજી મહારાજ ગ.અં.પ્રના ૧લા વચનામૃતમાં આજ્ઞા કરતા કહે છે કે, ''અમારી લખાયેલી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારા આશ્રિત જે ત્યાગી સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ-ભાઈ સર્વે તેમણે નિત્ય કરવો. અને જેને ભણતાં ન આવડતું હોય તેને નિત્યે શ્રવણ કરવું અને જેને શ્રવણ કરવાનો યોગ ન આવે તેને નિત્યે શિક્ષાપત્રીની પૂજા કરવી, એવી રીતે અમે શિક્ષાપત્રીમાં જ લખ્યું છે. માટે એ ત્રણમાંથી જેને ફેર પડે તેને એક ઉપવાસ કરવો, એમઅમારી આજ્ઞા છે.''

'છેલ્લિ વાત એ છે માની લેજો રે, શિક્ષાપત્રી પ્રમાણે સહુ રેજ્યો રે; શિક્ષાપત્રી માંહિ અમે રેશું રે, રહી એમાં સહુને સુખ દેશું રે.' (પુરુષોત્તમપ્રકાશ : ૪૮/૧૦)

नेत्थं य आचरिष्यन्ति ते त्वस्मत्सम्प्रदायतः । बहिर्भूता इति ज्ञेयं स्त्रीपुंसैः साम्प्रदायिकैः ॥२०७॥

અને જે કોઈ આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે તો અમારા સંપ્રદાયથી વિમુખ છે. એમ સર્વે આશ્રિતોએ જાણવું. (શિક્ષાપત્રી શ્લોક. ૨૦૭)

અરે ! ખુદ ભગવાન શ્રીહરિ શિક્ષાપત્રીનું માહાત્મ્ય બતાવતા છેલ્લે લખે છે :

मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ॥२०९॥

'આજે અમારી વાણી તે અમારું જ સ્વરૂપ છે' એ પ્રમાણે આદરથી માનવી.

તેથી આપણી દરેકની પણ ફરજ બને શિક્ષાપત્રીને મહારાજનું સ્વરૂપ સમજી આજ્ઞા પ્રમાણે તેના ઓછામાં ઓછા દરરોજ પાંચ શ્લોકને વાંચવા, સવારે નિત્યપૂજામાં તેને ફરજીયાત રાખી પૂજન કરવું તથા શિક્ષાપત્રી પણ મહારાજનું સ્વરૂપ હોવાથી થાળ ધરાવવો.

☞ હવે જોઈએ શિક્ષાપત્રીનું થોડું વિભાગીકરણ...

| | | | |
|---|---|---|---|
| ૧. | શિક્ષાપત્રીમાં ત્રણ શ્લોક મંગલાચરણના છે (નં. ૧-૧૦૮-૨૧૨) | - | ૩ |
| ૨. | શિક્ષાપત્રીમાં નામના નિર્દેશ માટેના શ્લોક નં. ૨ થી ૫ છે | - | ૪ |
| ૩. | શિક્ષાપત્રીમાં હેતુનાં નિર્દેશ માટેના શ્લોક નં. ૬ થી ૧૦ છે | - | ૫ |
| ૪. | શિક્ષાપત્રીમાં સર્વ સામાન્ય વિધિ-નિષેધના શ્લોક નં. ૧૧ થી ૯૨ છે | - | ૮૨ |
| ૫. | શિક્ષાપત્રીમાં સત્શાસ્ત્રોના નિર્દેશના શ્લોક નં. ૯૩ થી ૧૦૨ છે | - | ૧૦ |
| ૬. | શિક્ષાપત્રીમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યના શ્લોક નં. ૧૦૩ થી ૧૦૪ છે | - | ૨ |
| ૭. | શિક્ષાપત્રીમાં જીવ, માયા, ઈશ્વરના શ્લોક નં. ૧૦૫ થી ૧૦૭ છે | - | ૩ |
| ૮. | શિક્ષાપત્રીમાં એકેશ્વરવાદ નિરૂપણના શ્લોક નં. ૧૦૯ થી ૧૧૨ છે | - | ૪ |
| ૯. | શિક્ષાપત્રીમાં સમજણ માટેના શ્લોક નં. ૧૧૩ થી ૧૨૨ છે | - | ૧૦ |
| ૧૦. | શિક્ષાપત્રીમાં આચાર્ય ધર્મના શ્લોક નં. ૧૨૩ થી ૧૩૨ છે | - | ૧૦ |
| ૧૧. | શિક્ષાપત્રીમાં આચાર્યપત્નીના ધર્મના શ્લોક નં. ૧૩૩ થી ૧૩૪ છે | - | ૨ |
| ૧૨. | શિક્ષાપત્રીમાં ગૃહસ્થાશ્રમધર્મના શ્લોક નં. ૧૩૫ થી ૧૫૬ છે | - | ૨૨ |
| ૧૩. | શિક્ષાપત્રીમાં શાસનકર્તાઓના ધર્મના શ્લોક નં. ૧૫૭ થી ૧૫૮ છે | - | ૨ |
| ૧૪. | શિક્ષાપત્રીમાં સધવા સ્ત્રી ધર્મના શ્લોક નં. ૧૫૯ થી ૧૬૨ છે | - | ૪ |
| ૧૫. | શિક્ષાપત્રીમાં વિધવા સ્ત્રી ધર્મના શ્લોક નં. ૧૬૩ થી ૧૭૨ છે | - | ૧૦ |
| ૧૬. | શિક્ષાપત્રીમાં સધવા-વિધવા સ્ત્રી ધર્મોના શ્લોક નં. ૧૭૩ થી ૧૭૪ છે | - | ૨ |
| ૧૭. | શિક્ષાપત્રીમાં બ્રહ્મચારી ધર્મોના શ્લોક નં. ૧૭૫ થી ૧૮૭ છે | - | ૧૩ |
| ૧૮. | શિક્ષાપત્રીમાં સાધુના ધર્મોના શ્લોક નં. ૧૮૮ થી ૧૯૬ છે | - | ૯ |
| ૧૯. | શિક્ષાપત્રીમાં સાધુ બ્રહ્મચારીના ધર્મોના શ્લોક નં. ૧૯૭ થી ૨૦૨ છે | - | ૬ |
| ૨૦. | શિક્ષાપત્રીમાં ઉપસંહારના શ્લોક નં. ૨૦૩ થી ૨૧૧ છે | - | ૯ |
| | કુલ | - | ૨૧૨ |

ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્યારે શિક્ષાપત્રી લખી ત્યારે વડતાલમાં જ સ.ગુ. ગોપાળાનંદ સ્વામી, સ.ગુ.

અનુસંધાન પાન નં. ૧૧

જેમને ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વપ્નમાં દર્શન થઈને
આ ગ્રંથ રચવાની આજ્ઞા કરી છે એવા ભૂજ મંદિરના
સ.ગુ. સ્વામી શ્રી નંદકિશોરદાસજી રચિત

# આત્યંતિક કલ્યાણ

ગતાંકથી ચાલુ.....

શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે : ''અમને તો એમભાસે છે, જે પૂર્વ જન્મનો સંસ્કાર હશે તે પણ સત્પુરુષને યોગે કરીને થયો હશે અને આજ પણ જેને સંસ્કાર થાય છે તે સત્પુરુષને યોગે કરીને જ થાય છે; માટે એવા સત્પુરુષનો સંગ પ્રાપ્ત થયો છે તો પણ જેને જેમછે તેમસમજાતું નથી તેને અતિશય મંદબુદ્ધિવાળો જાણવો, શા માટે જે જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક-વૈકુંઠ લોકને વિષે સભા છે ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વે હરિભક્તને અતિશય પ્રકાશે યુક્ત દેખું છું- એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમ છે- તે સમ શા સારુ ખાવા પડે છે જે સર્વેને એવું અલૌકિકપણું સમજાતું નથી અને દેખવામાં પણ આવતું નથી તે સારુ સમ ખાવા પડે છે; અને બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ, તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે તેનું કારણ એ છે જે જેવી એ જીવને પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિષે દઢપણે પ્રતીતિ થતી નથી. તે શ્રુતિમાં કહ્યું છે : 'જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુ રૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વ અર્થ તેને પ્રાપ્ત થાય છે; અને જ્યારે આવો સંત-સમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે; માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ, તેને છતે દેહે જ પામ્યો છે......''



શ્રી મુખે શ્રી સ્વામિનારાયણ ભગવાને ઉપર જણાવ્યા પ્રમાણે સ્પષ્ટતા કરી કે શ્વેતદ્વીપની સભા એટલે શ્વેતદ્વીપની સભાના અધિપતિ શ્રી વાસુદેવનારાયણ અને તેમના સભાસદો-તે ધામના મુક્તો-તે કરતાં; ગોલોકની સભાના અધિપતિ ભગવાન શ્રી કૃષ્ણચંદ્ર અને તેમના સભાસદો-તે ધામના મુક્તો-તે કરતાં; વૈકુંઠની સભાના અધિપતિ શ્રી રામચંદ્રજી ભગવાન અને તેમના સભાસદો-તે ધામના મુક્તો-તે કરતાં અને બદરિકાશ્રમની સભાના અધિપતિ શ્રી નરનારાયણ દેવ અને તેમના સભાસદો-તે ધામના મુક્તો-તે કરતાં આ સત્સંગીની સભા એટલે જે સભામાં ગઢપુર મધ્યે દાદા ખાચરના, દરબારમાં શ્રી વાસુદેવ નારાયણના મંદિરના ફળિયાને વિષે બાજોઠ ઉપર, પોતે સ્વયં મનુષ્યરૂપે તે સભાના અધિપતિ તરીકે વિરાજમાન હતા તે પોતે અને તે સભામાં-સભાસદ તરીકે વિરાજતા સર્વે સત્સંગીઓ-ત્યાગી ગૃહસ્થ સમસ્ત - તે સભાને પોતે અધિક જાણે છે અર્થાત્ રામ, કૃષ્ણ, નરનારાયણ, વાસુદેવનારાયણ એ સર્વથી પોતે અધિક છે-તે સર્વના કારણ છે-અને તે તે ધામના મુક્તો કરતાં પુરુષોત્તમ નારાયણના મુક્તો અધિક છે; એટલું જ નહિ, પણ આગળ જતાં પોતે કહે છે : ''અને સર્વ હરિભક્તને અતિશય પ્રકાશે યુક્ત દેખું છું.'' એટલે અક્ષરધામમાં જેવા પોતાના મુક્તો અતિશય પ્રકાશે યુક્ત છે તેવા આ લોકમાં મનુષ્યરૂપે સભામાં બેઠેલા સત્સંગીઓને પોતે અતિશય પ્રકાશે યુક્ત દેખે છે. અક્ષરધામમાં શ્રીજી મહારાજ (શ્રી સ્વામિનારાયણ ભગવાન) દિવ્ય તેજોમય મૂર્તિ વિરાજે છે અને તેમના મુક્તો તે ધામમાં અતિશય પ્રકાશે યુક્ત છે તેવા જ આ પૃથ્વી ઉપર મનુષ્ય રૂપે પ્રત્યક્ષ વિરાજે છે તો પણ પોતે અને પોતાના મુક્તો તેવી જ દિવ્ય તેજોમય મૂર્તિ છે - એવું કહેવું છે. 'સ્વરુપાદ્વૈત'નો સિદ્ધાન્ત-અક્ષરધામની સભા ને આ સભા એક જ છે-સમ ખાઈને પણ પોતે ઉપદેશ્યો છે તેમજ પોતાનું સર્વ અવતારના કારણ અવતારીપણું પણ પ્રતિપાદન કર્યું છે.

આવા પ્રત્યક્ષ પરમાત્મા અને એમના દિવ્ય મુક્તો-અભિજ્ઞ એવા સત્પુરુષો-ને વિષે, સત્સંગ કરતાં કરતાં જ્યારે શ્રદ્ધા, પ્રીતિ ને ભક્તિ થાય છે ત્યારે આ જીવના અનાદિ અજ્ઞાનની નિવૃત્તિ થાય છે. આ

જીવને જેવી વાત, પિત્ત ને કફે યુક્ત એવા શરીરમાં આત્મબુદ્ધિ છે અને સ્ત્રી-પુત્રાદિક સંબંધીજનોને વિષે મમત્વબુદ્ધિ છે તથા પ્રતિમાઓને વિષે દેવબુદ્ધિ છે તેમજ જળને વિષે તીર્થબુદ્ધિ છે તેવી આત્મબુદ્ધિ, મમત્વબુદ્ધિ, દેવતાબુદ્ધિ અને તીર્થબુદ્ધિ જો અભિજ્ઞ એવા સત્પુરુષને વિષે નથી થતી, તો તે પુરુષ બળદ અને ગધેડા જેવી જડતાવાળો અને તેથી વિશેષ અવિવેકી જાણવો - આવું વચન ભગવાન શ્રી કૃષ્ણચંદ્રે કુરુક્ષેત્રમાં એકત્રિત થયેલા ઋષિઓ પ્રત્યે કહેલું છે. કપિલદેવ ભગવાને દેવહૂતિ માતા પ્રત્યે કહ્યું છે :-

प्रसङ्गमजरं पाशम् आत्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥

આ જીવને પોતાના સંબંધીને વિષે જેવો દૃઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સંતને વિષે થાય, તો આ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે-આવું વિદ્વાનો-જ્ઞાની પુરુષો પણ જાણે છે.

આ ઉપરથી એવું ફલિત થાય છે કે પ્રત્યક્ષ ભગવાન કે પ્રત્યક્ષ ભગવાનના એકાંતિક સંત જે આત્યંતિક કલ્યાણના દાતા છે તેમના પ્રસંગથી-તેમને વિષે આત્મબુદ્ધિ કરવાથી મુમુક્ષુ માટે આત્યંતિક કલ્યાણનું દ્વાર ખુલ્લું થાય છે.

# પ્રકરણ ૩ જું "કુશાગ્રબુદ્ધિ"

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥

"આત્મા-પરમાત્માના જ્ઞાનથી વંચિત એવા સર્વ જીવ પ્રાણી માત્રની બુદ્ધિ મોક્ષમાર્ગમાં—આત્યંતિક કલ્યાણના માર્ગમાં—રાત્રિની પેઠે અંધકારયુક્ત વર્તે છે; જ્યારે જ્ઞાની ને સંયમી પુરુષોની બુદ્ધિ તેમાં સજાગ છે; વિષયમાર્ગે અજ્ઞાની મનુષ્યોની બુદ્ધિ સજાગ વર્તે છે, જ્યારે આત્મા-પરમાત્માના સાક્ષાત્કારવાળા મુનિઓની બુદ્ધિ તે માર્ગથી પરાઙ્ગમુખ રહે છે."

(૧) ભગવદ્ગીતા અધ્યાય ૨ શ્લોક ૬૯ (ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર)

પરમકૃપાળુ પરમાત્માએ બક્ષેલી બુદ્ધિનો મનુષ્યમાત્ર ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં ઉપયોગ કરે છે. કેટલાક અર્થપ્રાપ્તિ પાછળ પોતાની બુદ્ધિ ખર્ચે છે, તો કેટલાક કામોપભોગ માટે બુદ્ધિનો વ્યય કરે છે. વ્યવહારજ્ઞ પુરુષો વ્યહારમાર્ગમાં બુદ્ધિ દોડાવે છે, તો રાજ્યનીતિજ્ઞો રાજ્યશાસનનું સફળ સંચાલન કરી પોતાની તીક્ષ્ણ બુદ્ધિનાં દર્શન કરાવે છે. કોઈક વિદ્વાનો, પંડિતો, શાસ્ત્રી-પુરાણીઓ દેશદેશાંતરની ભાષા ઉપરના તેમના કાબૂથી, ગદ્યપદ્યના નવનિર્માણની દક્ષતાથી તેમજ તીવ્ર સ્મરણશક્તિથી પોતાને બુદ્ધિશાળી માને છે અને વિદ્વત્તાના ગુમાનથી મસ્તક ઊંચું રાખી ફરે છે; પરંતુ તે સર્વેની બુદ્ધિ જો પોતાનું આત્યંતિક કલ્યાણ સિદ્ધ કરવામાં સજાગ ન હોય તો તે બુદ્ધિ કુશાગ્ર ન કહેવાય. ભગવાન શંકરાચાર્યે કહ્યું છે :-

'ચાર વેદ, વેદાંગ (વેદનાં છ અંગ-શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત, છંદ ને જ્યોતિષ) તથા ષડ્શાસ્ત્ર (સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક મીમાંસા અને વેદાંત) એ સર્વ કંઠાગ્ર હોય તથા ગદ્યપદ્યાદિનું સર્જન પણ કરતો હોય; પરંતુ જો પ્રત્યક્ષ પરમાત્મા જે સર્વ ગુરુના ગુરુ છે તેમના ચરણારવિંદમાં જો તેનું મન નિમગ્ન ન હોય તો તેથી શું ? તેથી શું ? શરીર સૌંદર્ય, દ્રવ્યની વિપુલતા, વિસ્મયકારી વાણી ઈત્યાદિ ગમે તેટલાં સાધન એકી સાથે પ્રાપ્ત થયાં હોય તોપણ જો પરમાત્માના ચરણારવિંદમાં તેનું મન નિમગ્ન નથી તો તેથી શું ? તેથી શું ? તેથી શું ? અનાદિમુક્ત સ. ગુ. બ્રહ્માનંદ સ્વામીએ ગાયું છે :—

નરનારાયણ જાહી ન પ્યારે. નર૦ ટેક
સો નર ખર શૂકર કુર સમ,
જીવત પ્રેત જ્યુંહી તન ધારે. નર૦ ૧
ભય-નિદ્રા-આહાર-મૈથુન
સબ જીવનકે લાર લગારે;
નર તન અધિક ભજે જો પ્રભુપદ,
નહીં તો કહે હૈ પશુ સમસારે. નર૦ ૨
સુંદર રૂપ સુજાન સકલ ગુન,
ઉત્તમકુલ ઉત્પન્ન ધન ભારે;
જો ઉર ભક્તિ નહીં પ્રભુજીકી,
ઈંદ્રામન ફળ સમકરવા રે. નર૦ ૩
ક્રિયા કુલ સબ જગમેં હી કીર્તિ,
અતિશય દેવત દાન ઉદારે;
બ્રહ્માનંદ ભક્તિ વિન શોભત,
જૈસે ભૂષન નાક વિના રે. નર૦ ૪

(૨) બ્રહ્માનંદકાવ્ય પદ ૨૪૪૬

આ વિષયમાં પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા શ્રી સહજાનંદ સ્વામી સ્વયં પ્રશ્ન પૂછે છે ને તે પ્રશ્નનો ઉત્તર પણ પોતે જ આપે છે. આ રહ્યા તેઓશ્રીના પરમ રહસ્યપૂર્ણ શબ્દો :—

"જેને કુશાગ્ર બુદ્ધિ હોય તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. તે-કુશાગ્ર બુદ્ધિ તે, જે સંસાર વ્યવહારમાં બહુ જાણતો હોય તેની કહેવાય કે નહિ ? અથવા શાસ્ત્ર-પુરાણના અર્થને બહુ જાણતો હોય તેની કહેવાય કે નહિ ?"

આ પોતાના પ્રશ્નનો ઉત્તર આપતાં પોતે જ કહે છે :-

"કેટલાક તો વ્યવહારમાં અતિ ડાહ્યા હોય, તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહિ, તથા કેલાક શાસ્ત્રપુરાણ ઈતિહાસના અર્થને સારી પેઠે જાણતા હોય તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહિ-એને તો જાડી બુદ્ધિવાળા જાણવા."

"અને જે કલ્યાણને અર્થે જતન કરે છે, ને તેની બુદ્ધિ થોડી છે તો પણ તે કુશાગ્ર બુદ્ધિવાળો છે."

"અને જે જગત વ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે તો પણ તે જાડી બુદ્ધિવાળો છે."

"ભગવાનનું ભજન કરવું તેમાં તો જગતના સર્વે જીવની બુદ્ધિ, રાત્રિની પેઠે અંધકારે યુક્ત વર્તે છે, કે'તાં ભગવાનનું ભજન નથી કરતા; અને જે ભગવાનના ભક્ત છે તે તો ભગવાનના ભજનને વિષે જાગ્યા છે-કે'તાં નિરંતર ભગવાનનું ભજન કરતા થકા વર્તે છે; અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ- એ જે પંચ વિષય તેને વિષે જીવમાત્રની બુદ્ધિ જાગ્રત વર્તે છે- કે'તાં વિષયને ભોગવતા થકા જ વર્તે છે : અને જે ભગવાનના ભક્ત છે તેની બુદ્ધિ તો તે વિષયભોગને વિષે અંધકારે યુક્ત વર્તે છે-કે'તાં તે વિષયને ભોગવતા નથી- (આ પ્રમાણે શ્રીમદ્ ભગવદ્ ગીતાના **या निशा सर्व भूतानाम्०** એ શ્લોકનો અર્થ છે) માટે એવી રીતે જે પોતાના કલ્યાણને અર્થે સાવધાનપણે વર્તે છે, તે જ કુશાગ્ર બુદ્ધિવાળા છે, અને તે વિના તો સર્વ મૂર્ખ છે."

(૩) વચનામૃત ગઢડા પ્રથમપ્રકરણ ૫૦

અનાદિ મુક્ત સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામી કહે છે : - "શ્રી સ્વામિનારાયણ ભગવાન કહેતા જે નાથભક્ત બુદ્ધિવાળા છે ને દીવાનજી મૂર્ખ છે." આ નાથભક્ત વડોદરાના પાટીદાર હતા. કસબી લૂગડાં વણવાનો ધંધો કરતા; સારું લૂગડું વણાય તે સ્વામિનારાયણ ભગવાનને ધરતા-વ્યાવહારિક બુદ્ધિ, વિદ્વત્તા કે દ્રવ્યની વિપુલતા ઈત્યાદિ એમનામાં કાંઈ ન હતું; પરંતુ શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિષે અપૂર્વ નિષ્ઠા હતી અને થોડી પણ બુદ્ધિ તે પ્રત્યક્ષ પરમાત્માનો નિશ્ચય કરવાના કામમાં આવી તો એ કુશાગ્ર બુદ્ધિવાળા (સૂક્ષ્મબુદ્ધિવાળા) કહેવાયા; જ્યારે દીવાનજી, જે વડોદરાના બાબાદીવાન નામે ઓળખાતા અને જેના નામઉપરથી બાબાશાહી સિક્કાનું ચલણ ચાલતું, તેમની બુદ્ધિ રાજ્યશાસનના કાર્યમાં અગાધ હતી છતાં પ્રત્યક્ષ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનના નિશ્ચય કરવાના કામમાં ન આવી તો તેમને સ્વયં પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાને 'મૂર્ખ' કહ્યા. એ દીવાનજી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સમકાલીન હતા પણ તેમને ઓળખી તેમનો સમાશ્રય કરવાનું તો ક્યાં રહ્યું પણ એમણે શ્રી સ્વામિનારાયણ ભગવાનનો તથા તેમના ભક્તજનોનો દ્રોહ જ કર્યો!!! ત્યારે એ બુદ્ધિ શા કામમાં આવી ? એવી બુદ્ધિ તો મુસલાગ્ર બુદ્ધિ (સાંબેલાના અગ્રભાગ જેવી જાડી બુદ્ધિ) કહેવાય પણ કુશાગ્ર (કુશ ઘાસના અગ્ર ભાગ જેવી ઝીણી) બુદ્ધિ ન કહેવાય.

ભગવાન શ્રી કૃષ્ણચંદ્રે સાત્ત્વિકી, રાજસી અને તામસી-એમત્રણ પ્રકારની બુદ્ધિના ભેદ સમજાવ્યા છે. તે કહ્યું છે:-

**प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।**

**बन्धं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्त्विकी ॥**

હે પાર્થ (અર્જુન), મનુષ્યદેહે કરીને સિદ્ધ કરવાના ચાર પુરુષાર્થો પૈકી અર્થ અને કામ-એ બે પુરુષાર્થના સાધનભૂત એવો જે પ્રવૃત્તિધર્મ અને મોક્ષરૂપ પુરુષાર્થના ઉપાયભૂત એવો જે નિવૃત્તિધર્મ તેનું યથાર્થ જ્ઞાન જે બુદ્ધિથી થાય છે-જે કરવા યોગ્ય એવું જે કર્મ અને ન કરવા યોગ્ય એવું જે કર્મ તેના ભેદનું જ્ઞાન જે બુદ્ધિથી થાય છે-શાસ્ત્રવિહિત આચરણ કરવાથી અભય અને શાસ્ત્રનિષિદ્ધ આચરણથી ભય ઉત્પન્ન થાય છે એવું જે જ્ઞાન, તે જે બુદ્ધિથી થાય છે અને જે બુદ્ધિથી સંસારના બંધનનું સ્વરૂપ અને મોક્ષનું સ્વરૂપ સમજાય છે, તે બુદ્ધિ સાત્ત્વિકી જાણવી. રાજસી બુદ્ધિ ધર્મ કે અધર્મને સમજી શકતી નથી તથા કાર્ય કે અકાર્યને યથાર્થ જાણી શકતી નથી, જ્યારે તામસી બુદ્ધિ અધર્મને ધર્મ માને છે અને ધર્મને અધર્મ માને છે- સત્પુરુષને અસત્પુરુષ સમજે છે અને અસત્પુરુષને સત્પુરુષ સમજે છે : આ પ્રમાણે બધું અવળું જ સમજે છે. ભગવાન શ્રી કૃષ્ણચંદ્ર પણ આપણે ઉપર જોઈ ગયા તેમસાત્ત્વિકી બુદ્ધિને જ કુશાગ્ર બુદ્ધિ કહે છે. ઉપનિષદમાં બ્રહ્મવિદ્યાની પરંપરા વર્ણવતાં જણાવ્યું છે :-

(૪) ભગવદ્ગીતા અધ્યાય ૧૮ શ્લોક ૩૦

(૫) ભગવદ્ગીતા અધ્યાય ૧૮ શ્લોક ૩૧-૩૨

"પરમાત્માએ બ્રહ્માને બ્રહ્મવિદ્યાનું જ્ઞાન આપ્યું- બ્રહ્માએ પોતાના જ્યેષ્ઠ પુત્ર અથર્વાને, તેમણે અંગિર્ નામના ઋષિને, તે ઋષિએ સત્યવાહ ઋષિને, તેમણે પોતાના શિષ્ય અંગિરાને." અંગિરાએ શૌનક ઋષિ પ્રત્યે કહ્યું :-

**द्वे विद्ये वेदितव्ये इति ह स्म ।**

**यद् ब्रह्मविदो वदन्ति परा चैवापरा च ॥**

હે શૌનક, આ વિશ્વમાં બે વિદ્યા જાણવા યોગ્ય છે એમવેદના અર્થને જાણનારા પરમાર્થદર્શી બ્રહ્મવેત્તાઓ કહે છે. તે બે વિદ્યામાં એક '**परा**'- પરા એટલે પરમાત્માના સ્વરૂપના જ્ઞાનને પમાડનારી અને બીજી '**अपरा**'- અપરા એટલે ધર્માધર્મના સાધનને તથા તેના ફળને પમાડનારી.**तत्रापरा**

ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्ववेदः शिक्षा कल्पो व्याकरणं निरुक्तं छन्दो ज्योतिषमिति। अथ परा यया तदक्षरमधिगम्यते ॥

તે બે વિદ્યામાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ ને અથર્વ વેદ- એ ચાર વેદ તથા શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ ને જ્યોતિષ-એ છ વેદાંગ એ અપરા વિદ્યા છે અને જે વડે પ્રત્યક્ષ પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન થાય છે અને તે થતાં તેમને પમાય છે તે પરાવિદ્યા છે. જે વિદ્યાથી આત્યંતિક કલ્યાણ ન થાય - આત્યંતિક મોક્ષ ન થાય તે વિદ્યા નથી પણ અવિદ્યા છે. सा विद्या या विमुक्तये ॥ જે વિદ્યાથી આત્યંતિક મોક્ષ થાય તે જ વિદ્યા છે. આ જીવ જ્યારે પ્રત્યક્ષ પરમાત્માને સત્સંગથી ઓળખી એમની શરણાગતિ લે છે ત્યારે એ જીવ અવિદ્યાને તરી જાય છે. તે ભગવાન શ્રી કૃષ્ણચંદ્રે કહ્યું છે :-

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥

દેવ એવો હું તેણે લીલામાત્ર જીવ પ્રાણીમાત્રના ચારે પુરુષાર્થની સિદ્ધિ સારુ ભોગ, ભોગસ્થાન, ભોગોપકરણ તથા દેહાદિ રૂપે નિર્માણ કરેલી માયા તે મારી શક્તિ છે. સત્ત્વ, રજ ને તમ-એ ત્રણ ગુણમયી છે- ત્રિગુણાત્મિકા છે અને મારી શરણાગતિ ને મારી ઉપાસના સિવાય તેને તરી પાર ઊતરવું દુષ્કર છે; પણ જે મારી જ શરણાગતિ લે છે તે એ માયાને તરે છે.

(૬) મુંડકોપનિષદ પ્રથમમુંડક મંત્ર ૪-૫

(૭) શ્રીમદ્ ભગવદ્‌ગીતા અધ્યાય ૭ શ્લોક ૧૪

શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં પણ ભગવાને ઉદ્ધવજી પ્રત્યે કહ્યું છે :-

"विद्याविद्ये मम तनू विद्ध्युद्धव शरीरिणाम्।
मोक्षबन्धकरी आद्ये मायया मे विनिर्मिते ॥"

હે ઉદ્ધવ, વિદ્યા (પરાવિદ્યા) અને અવિદ્યા (અપરાવિદ્યા) એ બન્ને મારું શરીર છે અર્થાત્ એ બન્ને મારે અધીન છે-મારી માયાથી (મારા સંકલ્પથી) નિર્માણ થયેલ છે-વિદ્યા આત્યંતિક કલ્યાણ-આત્યંતિક મોક્ષ-આપનારી છે અને અવિદ્યા બંધન કરનારી છે.

પરાવિદ્યાથી જેમપરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ થાય છે તેમજે કુશાગ્ર બુદ્ધિવાળો હોય તે પરબ્રહ્મ પરમાત્માને પામે છે. આ જ સિદ્ધાંતને બીજી રીતે કહીએ તો આ જીવને જ્યારે પ્રત્યક્ષ પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ થાય છે ત્યારે એમસમજવું કે એ પરાવિદ્યાના પારને પામ્યો; તેવી જ રીતે, ગમે તેવો અવિદ્વાન, અવ્યવહારજ્ઞ, ગરીબ કે સામાન્ય કુળમાં જન્મેલો હોય તો પણ જો એને પ્રત્યક્ષ પરમાત્માની પ્રાપ્તિ થાય તો સમજવું કે એ કુશાગ્ર બુદ્ધિવાળો છે. પ્રત્યક્ષ પરમાત્માને ઓળખી (સત્સંગથી) એમની ઉપાસના-ભક્તિ કરતો હોય અને તે દેહદૃષ્ટિએ નીચા કુળમાં જન્મપામ્યો હોય તો પણ તે બ્રાહ્મણાદિક ઊંચા કુળમાં જન્મેલા મનુષ્યો કરતાં પણ શ્રેષ્ઠ છે. તે માતા દેવહૂતિએ કપિલદેવજી ભગવાન પ્રત્યે કહ્યું છે :-

यन्नामधेयश्रवणानुकीर्तनात्
यत्प्रह्वणाद्यत्स्मरणादपि क्वचित्।
श्वादोऽपि सद्यः सवनाय कल्पते
कथं पुनस्ते भगवन्नु दर्शनात् ॥

હે ભગવન્, તમારું નામશ્રવણ કરવાથી, તમારાં લીલાચરિત્રોનું ગાન કરવાથી, તમને પ્રણામ કરવાથી, તમારું સ્મરણ કરવાથી, ચંડાળ (શ્વપચ) પણ તત્કાળ યજ્ઞ કરવાને યોગ્ય થઈ જાય છે અર્થાત્ પવિત્ર થઈ જાય છે; તો તમારાં દર્શનથી પવિત્ર થવાય તેમાં તો જ શું કહેવું?

(૯) શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધ અધ્યાય ૩૩ શ્લોક ૬

(૧૦) શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધ અ. ૩૩ શ્લોક ૭

**(ક્રમશઃ)**

**અનુસંધાન પાન નં. ૭નું**

મુક્તાનંદ સ્વામી, સ.ગુ. નિત્યાનંદ સ્વામી, સ.ગુ. શુકાનંદ સ્વામી આદિક મોટા વિદ્વાન સંતોને શિક્ષાપત્રી આપીને ભૂલ શોધવાનું કહ્યું. અને નાની સરખી વ્યાકરણ કે કાનામાતરની ભૂલ શોધે તેને છાતીમાં ચરણારવિંદ આપવાના તેમજ પ્રસાદિનો થાળ આપવાનો. આમ, આ શરતે સૌ સંતો શિક્ષાપત્રીમાં ભૂલ શોધવા લાગ્યા પણ સ્વયં પરબ્રહ્મ નારાયણે જેનું આલેખન સ્વહસ્તે કર્યું હોય તેમાં ભૂલ ક્યારેય મળે ખરી? અને જ્યારે શિક્ષાપત્રીમાં એકપણ ભૂલ ન મળી ત્યારે સંતોએ હાથ જોડીને મહારાજને કહ્યું : "મહારાજ! આપના દ્વારા લખાયેલ શિક્ષાપત્રીમાં વ્યાકરણ તો શું પણ કાનામાતરની પણ ભૂલ કે ક્ષતિ નથી. અને આ શિક્ષાપત્રી તો સર્વે જનના માટે સર્વ દેશે, સર્વ કાળે સદૈવ સુખદાયી જ છે."

આમ, આવા મોટા સંતો જેમાંથી ભૂલ ન શોધી શક્યા હોય કે કોઈ સુધારો કરવાની નિશાની જ ન બતાવી ત્યારે આપણે પણ આ શિક્ષાપત્રીને સર્વ રીતે સર્વ કાળે સાનુકુળ સમજી તેમાંથી ભૂલ ન શોધતા તથા યુગ પ્રમાણે કે સમય પ્રમાણે એ ભગવાન શ્રીહરિના શબ્દોમાં સુધારાની શક્યતાને ભૂલી આપણે આપણા જ જીવનની ભૂલોને સુધારી લેવા તે શિક્ષાપત્રીના આદેશ પ્રમાણે જીવન બનાવી; શ્રીજી મહારાજના રાજીપાના પાત્ર બનીએ એજ શિક્ષાપત્રીની ૧૮૦મી જન્મજયંતીએ અભ્યર્થના...સહ જય શ્રી સ્વામિનારાયણ.

**સંત પંચવર્તમાન ચિંતન**

સંશોધક : સ્વામી આનંદસ્વરૂપદાસજી
(વેદાંતાચાર્ય) સરધાર

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયમાં
પ્રવર્તાવેલ સંતોના પંચવર્તમાન એટલે

# ધર્મામૃત

## (૧) નિર્લોભ (૨) નિષ્કામ (૩) નિઃસ્વાદ (૪) નિઃસ્નેહ (૫) નિર્માન તથા એકાંતિક ધર્મ


સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં શતાનંદમુનિ પાસે રચાવેલા 'શ્રીમદ્ સત્સંગિજીવન' શાસ્ત્રમાં અધ્યાય ૬૨ થી ૬૭ સુધી આ 'ધર્મામૃત'નો સમાવેશ કરવામાં આવેલો છે.

વિ.સં. ૧૮૮૨ના જેઠ સુદી એકાદશી પછી એક દિવસ ગઢડા મધ્યે બિરાજતા સર્વ ત્યાગી-ગૃહી ભક્તોના ગુરુ એવા ભગવાન શ્રી સ્વામિનારાયણને ત્યાગી સંતોમાં મોટેરા એવા સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ પોતાના ત્યાગાશ્રમી સાધુઓના ધર્મો પૂછવાથી ભગવાન શ્રીહરિએ આ ધર્મરૂપી અમૃત એટલે 'ધર્મામૃત'નો ઉપદેશ કરેલો છે. આ ગ્રંથનું પાન કરનાર ત્યાગી સાધુ તો અમૃતપદને પામે છે જ, પરંતુ જે ગૃહસ્થ ભક્ત પણ જો આ ધર્મોને જાણવા માટે જ માત્ર વાંચે તો પણ તેના પંચ મહાપાપ જેવા પાપ બળીને ભસ્મથઈ જાય છે. આ પ્રમાણે સ્વયં શ્રીજી મહારાજે 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહેલું છે. એવું આ ગ્રંથનું અતિશય માહાત્મ્ય છે.

### અધ્યાય : ૧ - નિર્લોભી વર્તમાન

**શ્રી હરિએ વિસ્તારે સહિત ત્યાગીના ધર્મો ગોપાલાનંદ મુનિને કહ્યા - તેમાં લોભનાં દોષો અને તેને જીતવાનાં ઉપાયોનું નિરૂપણ કર્યું છે.**

સુવ્રતમુનિ બોલ્યા - હે રાજન્ ! પછી એક દિવસે કર્યો છે નિત્યવિધિ જેમણે એવા અને પોતાના આસન ઉપર બેઠેલા સ્વાશ્રિતોને સર્વ પ્રકારે ધર્મો કહેવા ઈચ્છતા શ્રી નારાયણમુનિને નમસ્કાર કરીને પ્રશ્ન કરવા માટે પ્રણામ કરીને મહાબુદ્ધિશાળી શ્રીગોપાલાનંદમુનિ પૂછતા હતા. (૧) 'હે સ્વામિન્ ! હું, તમારા આશ્રિત આ લોકમાં વર્તતા અમો સર્વે ત્યાગી સાધુઓના ધર્મો વિસ્તાર પૂર્વક જેમ હોય તેમ સાંભળવા ઈચ્છું છું'. (૨) સુવ્રતમુનિ કહે છે - હે રાજન્ ! આ પ્રકારે ત્યાગીઓના સદાચારોને જાણવા ઈચ્છતા ગોપાળાનંદમુનિએ પુછાયેલા સાધુજનોના એક સ્વામી શ્રીનારાયણમુનિ પ્રસન્ન થઈને સમગ્ર ત્યાગી-ધર્મોને કહેતા હતા. (૩) હે મુને ! મારા શરણને પામેલા તમો ત્યાગી સાધુઓના ધર્મોને અમારા ઉદ્ધવ સંપ્રદાયને અનુસરીને શાસ્ત્ર પ્રમાણે તમો મારા આશ્રિત સર્વ સાધુઓનું હિત કરવા માટે તમોને કહું છું. તમો સાંભળો : (૪) અક્ષરાદિ સમગ્રના કારણ શ્રીકૃષ્ણમાં તેમના માહાત્મ્ય જ્ઞાનયુક્ત જે નિત્ય એકાંતિકી (સ્વધર્મ-જ્ઞાન-વૈરાગ્યે યુક્ત પ્રેમે સહિત) ભક્તિ કરવી તે ત્યાગીઓનો પરમધર્મ માનેલો છે. (૫) તે શ્રીકૃષ્ણની એકાંતિકી ભક્તિમાં અધર્મવંશમાં ઉત્પન્ન થયેલા દંભ, લોભાદિ દોષો વિઘ્નરૂપ છે, તેને ધર્મવંશમાં ઉત્પન્ન થયેલા જ્ઞાનાદિ ગુણોથી જીતીને સાધુઓએ આ લોકમાં ભક્તિ કરવી. (૬)અધર્મવંશમાં દંભાદિ દોષોમાં પણ પાંચ દોષો અવશ્ય જીતવા યોગ્ય છે જ. પાંચ દોષો જીતવાથી સર્વે અધર્મવંશના દોષો જીતેલા થાય. આ અર્થમાં સંશય નથી. (૭) લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ અને માન આ પાંચ દોષો વિદ્વાનોને પણ દુઃખથી પણ જીતવા અશક્ય, અન્તઃશત્રુઓ છે એમ નિશ્ચે જાણો. (૮) આ લોભાદિ પાંચ દોષો સર્વ દોષોની ખાણ છે જ માટે મુમુક્ષુ ત્યાગી સાધુઓએ સાવધાનપણે પ્રયત્નથી જીતવા. (૯) તે લોભાદિની મધ્યે એક એકને આશ્રેલા દોષો જુદા જુદા કહી દેખાડીયે છીએ અને લોભાદિના જયમાં જે ઉપાયો છે તે અલ્પ પ્રયાસથી સિદ્ધ કરવાના ઉપાયો પણ બતાવીએ છીએ. (૧૦) તેમાં જે લોભને આશ્રેલા અધર્મવંશમાં રહેલા જે દોષો છે, તે સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. તે સમગ્ર દોષો પણ પ્રથમથી નિરૂપણ કરીએ



છીએ. (૧૧) હંમેશા લોભમાં વર્તનારા, મહાબળવાન દોષો નરકને પમાડનારા છે, લોભ છે તે પાપનું ભવન છે. પાપમાં પ્રવૃત્તિ કરાવનારો લોભ જ છે. (૧૨) લોભથી ક્રોધ ઉત્પન્ન થાય છે. લોભથી વિષયની ઈચ્છા પ્રવર્તે છે. લોભથી મોહ થાય છે, લોભથી માયા અને લોભથી માન (પૂજ્યત્વભાવ) તથા પરાધીનપણું પ્રવર્તે છે. આ લોકમાં પ્રસિદ્ધ છે. (૧૩) વિત્ત વગેરેના લોભથી જ મનુષ્યોને પોતાના કન્યાદિનો વિક્રય થાય છે અર્થાત્ નીચને ઘેર પરણાવે છે. વળી, ધનાદિના લોભથી પોતાના પુત્રાદિનો વિક્રય થાય છે. (૧૪) અક્ષમા, લજ્જાનો ત્યાગ, લોભીજનોને લજ્જાનો ત્યાગ પ્રસિદ્ધ છે. ધનનો ત્યાગ અથવા શોભાનો નાશ, ધર્મનો નાશ, ચિન્તા, અપકીર્તિ, અને દંભ, દ્રોહ, નિન્દા, મત્સર, (૧૫) ધર્મકાર્યમાં કૃપણતા, અતિતૃષ્ણા, આત્મશ્લાઘા, ન કરવાનું કૃત્ય કરે. અવિશ્વાસ, પ્રત્યક્ષ અથવા પરોક્ષ ચોરી, પરદારાનું તેના ધર્મથી પાડવાનું. (૧૬) દીનતા, સાહસપણાનો વેગ, અતિકઠણ મૃત્યુનો વેગ, બલવાન ઈર્ષ્યાનો વેગ, દુર્જય અનૃત ભાષણનો પ્રવાહ. (૧૭) અનિવાર્ય રસાસ્વાદનો વેગ, સર્વે અક્ષમાદિ દોષસમુદાય લોભથી પ્રવર્તે છે, માટે સર્વ પાપો લોભનાં કારણવાળાં છે એમજાણવું. (૧૮) લોભમાં રહેલા દોષોને સત્પુરુષોના સમાગમથી પોતાના મોક્ષરૂપી પુરુષાર્થને નાશ કરનારા છે. આ પ્રકારે હૃદયમાં નિશ્ચય કરીને વિવેકી સાધુ લોભનો ત્યાગ કરે. (૧૯) જનક રાજા, યુવનાશ્વ, વૃષાદર્ભિ વગેરે રાજાઓ લોભના ક્ષયથી પરમસુખને પામ્યા, માટે લોભ સાધુઓએ ત્યાગ કરવો. આ લોભના નાશની કથા ભારતમાં છે. (૨૦) શાસ્ત્રાભ્યાસ-સાંખ્યવિચાર-યોગનિષ્ઠત્વાદિ વિદ્વાનોના સર્વે ગુણો પણ એક લોભથી દોષરૂપ થાય છે. તે મહાદોષરૂપ લોભને બુદ્ધિમાન સાધુ કેમઆશ્રય કરે ? અર્થાત્ ના જ કરે. (૨૧) આવો બળવાન મહાદોષરૂપ પણ આ લોભ જે ઉપાયોના સંસેવનથી ત્યાગીઓએ જીતી શકાય તે શિષ્ટ પુરુષોએ માનેલા ઉપાયો કહું છું. (૨૨) જે દ્રવ્યાદિ પદાર્થનો લોભ કરાય છે. તે વસ્તુ વિનાશી જ છે, જે શરીરના સુખ માટે વસ્તુનો લોભ કરાય છે તે શરીર પણ ક્ષણભંગુર છે. (૨૩) સુખના અનુભવમાં કારણભૂત શરીર અને સુખને ઉત્પન્ન કરવામાં કારણભૂત-ધન, ગૃહાદિ સાધનરૂપ વસ્તુઓનું વિનાશીપણું છે તોપણ લોભથી જે જે હિંસાદિ પાપક્રિયાઓ દેહધારી આચરણ કરે છે. તે કર્મો દેહવાળા માણસને સત્ય થાય છે જ. (૨૪) પછી તે કર્મોથી નાના પ્રકારના નરકોને દેહી પામે છે અને વારંવાર શ્વાન-શૂકરાદિ યોનિઓને પામે છે, જ. (૨૫) માટે ત્યાગી શ્રોત્રને પ્રિય ગ્રામ્ય વાર્તાના શ્રવણમાં ક્યારેય અભિલાષાવાળો ન થાય અને સ્ત્રીઓ, બાળકો અને સૂક્ષ્મવસ્ત્રો એ આદિક પદાર્થોના સ્પર્શમાં લુબ્ધ થાય નહિ. (૨૬) સ્ત્રીઓ, સુવર્ણની મુદ્રાઓ સુવર્ણનાં અલંકારો અને સુંદર વસ્ત્રો,રાજમહેલ, પુષ્પની વાડીઓ, ગાયો વગેરે નેત્રેન્દ્રિયને પ્રીતિ ઉત્પન્ન કરનાર વસ્તુમાં લુબ્ધ ક્યારેય પણ ના જ થવું. (૨૭) વિવેકી સાધુએ નાના પ્રકારના રસયુક્ત ભક્ષણ કરવા યોગ્ય જલેબી વગેરે જીહ્વાને પ્રિય પદાર્થોમાં દોષ દૃષ્ટિથી ક્યારેય લુબ્ધ થવું નહિ. (૨૮) સુગન્ધિ તેલ, અત્તર, પુષ્પોના હારો અને ચંદન, કસ્તુરી મલયાચલના અગરૂ વગેરે ઘ્રાણેન્દ્રિયને પ્રિય પદાર્થોમાં આસક્તિ રાખવી નહિ. (૨૯) આ પ્રકારે ઈન્દ્રિયોને ક્ષોભ પમાડનાર રમણીય પંચ ઈન્દ્રિયોના વિષયોમાં લુબ્ધ થવું નહિ. (૩૦) જે સાધુ પુરુષ વિષયોમાં દોષદૃષ્ટિથી વિષયોથી ઈન્દ્રિયોની વૃત્તિઓને પાછી ખેંચી લે છે તે સાધુપુરુષને વિવેકી સજ્જનો જિતેન્દ્રિય કહે છે. (૩૧) મન પણ શ્રોત્રાદિ જ્ઞાનેન્દ્રિયોના પ્રતિ નિરંતર અનુવર્તે છે અને તે પંચજ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠું મન તેનો આશ્રય કરીને લોભાદિ શત્રુઓ જીવને પીડા કરે છે. (૩૨) ત્યાગી સાધુઓને પોતાનાં મન સહિત ઈન્દ્રિયો જ શત્રુઓ છે પણ ગૃહસ્થોની જેમબીજા પિતરાઈ ભાઈ- ભત્રીજા વગેરે શત્રુઓ નથી જ, માટે મુમુક્ષુઓએ ઈન્દ્રિયો જ પ્રયત્નથી જીતવી. (૩૩) જેણે ઈન્દ્રિયો વશ કરી છે, એવા સાધુઓના પ્રસંગથી અને શ્રીકૃષ્ણની માહાત્મ્ય જ્ઞાન-પૂર્વક ભક્તિથી તથા દરરોજ સદ્વિચારથી ઈન્દ્રિયોરૂપી શત્રુઓ જિતાય છે. (૩૪) હે મુને ! જે વસ્તુ પ્રારબ્ધ નિર્મિત, તે સર્વદેહધારીઓને અવશ્ય જ પ્રાપ્ત થાય છે. માટે દેહપુષ્ટિ માટે નકામો કલેશ કરવો નહિ. (૩૫) જેટલાં અન્ન વસ્ત્રાદિથી પોતાનો નિર્વાહ થાય તેટલાં અન્ન - વસ્ત્રાદિની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે. જે માટે શરીર ધર્મનું સાધન છે. (૩૬) ત્યાગીએ પોતાના દેહના નિર્વાહનો પ્રયાસ પણ મેં કહેલા માર્ગથી કરવો. પોતાની ઈચ્છાથી પોતાના દેહનો નિર્વાહ કરનાર ત્યાગી નરકને પામે છે. એમાં સંશય નથી. (૩૭) ગૃહસ્થે છ માસ ધારણ કરેલાં, માટે જ જૂના, ગૃહસ્થની પાસેથી માગવાથી પ્રાપ્ત થયેલાં શ્વેત વસ્ત્રોના ખંડોથી બનાવેલી-ટાઢને નાશ કરનારી એક ગોદડી. (૩૮) બે કૌપીનો, બે પહેરવાનાં વસ્ત્રો, એક ઓઢવાનું વસ્ત્ર, એક જળ ગાળવાનું ગરણું. (૩૯) એક કાન સુધી પહોંચતી મસ્તકની ટોપી, એક ચોરસ મસ્તકે બાંધવાનો રૂમાલ એ કૌપીન વગેરે આઠ માગ્યા વિના ગૃહસ્થથી પ્રાપ્ત થયેલા નવીન વસ્ત્રોથી નિર્માણ કરેલાં રાખવા. (૪૦) રસોઈ કરવા માટે પહેરવા એક ઊનની કામળી (અથવા તેવું આચાર પ્રાપ્ત ફાળિયા જેવું વસ્ત્ર) તથા એક ટાઢ હરનારી જૂની અથવા નવી કામળી. (૪૧) આટલો વસ્ત્રનો સંગ્રહ ત્યાગીઓને હિત કરનારો છે. તે વસ્ત્રોમાં ઊનની કામળીઓ વિના બીજાં વસ્ત્રો સુતરાઉ જ જાણવા. (૪૨) પહેરવાના બહિર્વાસ વગેરે વસ્ત્રો પણ અલ્પ મૂલ્યવાળાં જાડાં અને શ્વેત, ધાતુસૂત્ર વગેરેથી વર્જીત ગ્રહણ કરવાં તે પણ અવશ્ય જોઈતાં હોય તે જ રાખવાં. (૪૩) સૂક્ષ્મ, સુવર્ણાદિ ધાતુનાં

સૂત્રો સહિત, શ્વેત વર્ણથી બીજાં કુસુંભાદિ રંગથી રંગેલા તથા બહુમૂલ્યવાળાં વસ્ત્રો ગૃહસ્થ પોતાને આપવા માટે તૈયાર થયા હોય, તો પણ ત્યાગી સાધુ ક્યારેય ગ્રહણ ના કરે. (૪૪) માગ્યા વિના ગૃહસ્થજનોની ઈચ્છાથી નવીન વસ્ત્રની પ્રાપ્તિ ના થાય, ત્યારે જેટલું પ્રયોજન હોય, તેટલું છ માસ પહેરેલું વસ્ત્ર ગૃહસ્થની પાસે માગે તે યાચનાથી ત્યાગી દોષ યુક્ત થતો નથી. (૪૫) પૂર્વોક્ત વસ્ત્રો, લાલ વર્ણની મૃત્તિકાથી (ભગવા રંગની મૃત્તિકાથી) રંગેલા જ ત્યાગીએ ધારણ કરવાં. ક્યારેય પણ શ્વેત વસ્ત્રો ધારણ ન કરવાં. (૪૬) વળી શ્રીકૃષ્ણની પૂજાનાં ઉપકરણો જે સ્નાન કરાવવા વગેરેનાં પાત્રો અવશ્ય રાખવાં જોઈએ તે તાંબા વગેરે ધાતુથી ભિન્ન કાષ્ઠાદિથી કરેલાં ત્યાગી રાખે. (૪૭) ઉપયોગી સત્શાસ્ત્ર-પુસ્તકના લખવામાં ઉપયોગી લેખણી, શાહી, પાટિયું, કાતર, ચપ્પું વગેરે ઉપયોગી વસ્તુઓ ત્યાગી સંગ્રહ કરે, અધિક સંગ્રહ કરે નહિ. (૪૮) કાષ્ઠથી બનાવેલું અથવા તુંબડારૂપ પાણી પીવાનું પાત્ર અને તેવું જ કાષ્ઠનું અથવા તુંબડાથી કરેલું ભોજન-પાત્ર આ બે પાત્રો ત્યાગીએ રંગથી રંગેલાં નહિ, એવાં ગ્રહણ કરવાં. (૪૯) ત્યાગી, દ્રવ્યનો સંગ્રહ સર્વ પ્રકારે ના જ કરે. તે દ્રવ્ય પોતાનું કરીને બીજા દ્વારા રખાવે નહિ. (૫૦) વસ્ત્ર, પાત્ર, ગાયો વગેરે જે જે પદાર્થથી ધન ઉત્પન્ન થાય તે તે પદાર્થને ક્યારેય પણ સંગ્રહ ના જ કરે. (૫૧) ત્યાગી ક્યારેય પણ ચોરીનું કામન કરે. અને બીજા પાસે કરાવે નહિ. ચોરોની સાથે વસે નહિ. ચોરોને પોતાના નિવાસમાં રાખે નહિ. (૫૨) ફળ, પુષ્પ, ધાન્ય વગેરે જે જે વસ્તુ ધણિયાતી હોય, પાપથી બીક પામતા ત્યાગીએ તે તે વસ્તુ તેના ધણી પાસેથી માગ્યા વિના ગ્રહણ કરવી નહિ. (૫૩) ત્યાગી, ખેતર અથવા વાડી ન કરે. તથા પોતાને માટે કરાવે પણ નહિ. બીજાની થાપણરૂપ ધન અલંકારાદિ પણ સર્વ પ્રકારે રાખે નહિ. (૫૪) મેં કહેલાં નિયમોમાં કોઈ પણ નિયમનો જ્યારે ભંગ થાય, ત્યારે ત્યાગીએ તે દોષનું પ્રાયશ્ચિત્ત તત્કાલ જ કરવું. (૫૫) પોતાનાથી અલ્પ અથવા મહાપાપ જે કંઈ દુષ્કર્મ આચરણ થયું હોય. તે પાપ ત્રણ અથવા ચાર, ધર્માદિ ગુણથી શ્રેષ્ઠ સાધુઓની આગળ યથાર્થ કહેવું. (૫૬) પછી તે મોટા સન્તો પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત જે પ્રકારે કહે તે પ્રકારે જ ત્યાગી નિયમતત્પર થઈને દેશ - કાળને અનુસારે આચરણ કરે. (૫૭) મેં કહેલા વસ્ત્રોથી અધિક વસ્ત્રનો સંગ્રહ કરે, ગૃહસ્થ પાસે નવીન વસ્ત્ર માગે, સુવર્ણના તારે યુક્ત અને સૂક્ષ્મ-શ્વેત વિના કસુંબલ રંગ વગેરેથી રંગેલું, બહુ મૂલ્ય વાળું વસ્ત્ર ગ્રહણ કરે, સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કરાય, કહેલાથી અધિક સંગ્રહ કરે; એ દોષોમાંથી એક પણ દોષ થયો હોય, તો પાદકૃચ્છ્ર વ્રત કરે. (૫૮-૫૯) જ્યારે પોતાનું કે પારકું (થાપણ મુકનારનું) સુવર્ણાદિ દ્રવ્ય રાખે કે રખાવે, ત્યારે જેટલા દિવસો તેને રાખે-રખાવે તેટલા દિવસ ઉપવાસ કરે, તો તે શુદ્ધ થાય. (૬૦) તથા જે ત્યાગીસાધુ અશ્વાદિ વાહન અથવા ગાય-ભેંસ આદિક પશુઓ જેટલા દિવસ પોતાનાં કરી રાખે તેટલા દિવસ તે ઉપવાસ કરે. (૬૧) જો ત્યાગીએ ફલાદિની ચોરી કરી હોય તો મોટા સાધુઓની આગળ પોતે કરેલી ચોરીનું કર્મ કહીને તેમને સાષ્ટાંગ નમસ્કાર કરીને એક દિવસ ઉપવાસ કરે. (આ ઉપવાસ રાત્રિ દિવસ જાણવો) (૬૨) જે ત્યાગી પોતાના નિયમથી ભ્રષ્ટ થયો હોય. તે ત્યાગીને સર્વ પ્રકારે તેનું હિત ઈચ્છનારા બીજા ત્યાગીઓએ તત્કાલ જ પોતાની પંક્તિથી બહાર કરવો. (૬૩) તે ત્યાગી તો જ્યારે પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય, ત્યારે તો ધર્મમાર્ગમાં રહેલા ત્યાગીઓએ પોતાના સાધુમંડળની પંક્તિમાં ગ્રહણ કરવો. (૬૪) સત્સંગ અને કૃષ્ણ પરમાત્માની માહાત્મ્ય જ્ઞાને સહિત ઉપાસના સહિત આચરેલા પૂર્વે કહેલા નિયમોથી ત્યાગીઓ ન જીતી શકાય તેવા પણ આ લોભને તત્કાલ જીતે છે. (૬૫)

હે મુનિવર્ય ! મેં લોભને જીતવા માટે આ ઉપાયો કહ્યા છે, તે લોભમાં જે દોષો છે, તે પણ કહ્યા. હવે કામના દોષો અને તેના જયના ઉપાયો તમોને કહું છું. (૬૬)

**એવી રીતે શ્રી અવતારી નારાયણના ચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન ધર્મશાસ્ત્રને વિષે ધર્મામૃતમાં સાધુના ધર્મને વિષે લોભના દોષો તથા તે લોભને જીતવાના ઉપાયોનું નિરૂપણ કર્યું, એ નામે પ્રથમો અધ્યાય થયો (૧)**

(ક્રમશઃ)



જેમણે પોતાના જીવનકાળ દરમ્યાન ૫૦૦ જેટલી શ્રીમદ્ સત્સંગિજીવન, શિક્ષાપત્રી ભાષ્ય, શ્રીમદ્ ભાગવત્, રામાયણ વગેરે શાસ્ત્રોની કથા-પારાયણો કરી દેશ-વિદેશમાં લાખો લોકોને ભગવાન શ્રી સ્વામિનારાયણની ઓળખાણ કરાવી સંપ્રદાયની અજોડ સેવા કરેલી છે એવા

## ગઢપુર દેશના મુર્ધન્ય વિદ્વાન વક્તા સંતગુણ સંપન્ન
## પૂ. સદ્. પુરાણી શ્રી જગતપ્રકાશદાસજી સ્વામીનો અક્ષરવાસ

ગઢપુર દેશના મુર્ધન્ય વિદ્વાન વક્તા બ્રહ્મનિષ્ઠ સંત શિરોમણી પૂ. સદ્. પુરાણી શ્રી જગતપ્રકાશદાસજી સ્વામી (ડભાણનિવાસી) તા.૧૯-૧-૨૦૦૬ ગુરુવારને પોષ વદ - ૫ના પવિત્ર દિવસે સવારે ૫-૩૦ કલાકે ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજની સનમુખ બેસી ચાલુ મંગળા આરતીમાં આ લોકમાંથી વિદાય લઈ જાણે સંપ્રદાયમાં એક અનોખી ભાત પાડી જાણે વિદાય લેતા લેતા પણ લાખો લોકોની શ્રદ્ધાને વૃદ્ધિ પમાડી ૬૨ વર્ષની વયે અક્ષરવાસી થયા છે.

તેમના અક્ષરવાસથી ગઢપુર દેશને જ નહિ પરંતુ પુરા સત્સંગને ન પુરાઈ તેવી ખોટ પડી છે. જેમણે પોતાના જીવનકાળ દરમ્યાન સંપ્રદાયની અનેકાનેક સેવા કરી છે. જે ભુલી શકાય તેમનથી. પરંતુ ભગવાન શ્રીહરિને ગમ્યું તે સાચું તે ન્યાયે આપણ સર્વે ભગવાન શ્રીહરિના પાવન ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ કે, પૂ. સ્વામીના મંડળના સંતો. પૂ. માધવપ્રસાદ સ્વામી, પૂ. જગદીશપ્રસાદ સ્વામી, પૂ. જગતસ્વરૂપ સ્વામી, પૂ. શાંતિપ્રસાદ સ્વામી વગેરે સંતોને બળ મળે એવી પ્રાર્થના...

**ચરિત્ર પ્રસંગ ચિંતન**


સાધુ દિવ્યસ્વરૂપદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
(સરધાર)




શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં હજારો શહેરો અને ગામડાના, સેંકડો મંદિરોમાં, લાખો ઘરોમાં નિત્ય સવાર-સાંજ ગૂંજતી સત્સંગમાં જેને 'મા' નું બિરુદ પ્રાપ્ત થયેલું છે તે મુક્તાનંદ સ્વામી રચિત આરતી

# 'જય સદ્ગુરુ સ્વામી...'

ગતાંકથી ચાલુ.....

એટલે શ્રીહરિએ તેમને પૂછ્યું : "તમને સમાધિમાં રામાનંદ સ્વામીનાં દર્શન થયાં ?"

ત્યારે તેમણે કહ્યું : "હા, ઉદ્ધવ સ્વરૂપે અને તેઓએ મને કહ્યું કે મુક્તાનંદને કહેજો કે કેમમાનતા નથી ? મારા શબ્દો ભૂલી ગયા ?"

મુક્તાનંદ સ્વામીને આ સાંભળી કાંઈક અંતર્દષ્ટિ થઈ, છતાં ઉદાસીનતા તો ન જ ટળી. તેમને આવા ઉદાસ જોઈ તેમના બે શિષ્યો - માધવદાસ અને જેઠો - તેમની પાસે આવ્યા. તેમણે કહ્યું : "સ્વામી ! સમાધિ ખોટી નથી. અમે પણ અનુભવ કર્યો છે. માટે અમારું માનો અને આ શ્રીહરિએ આજે સત્સંગને જે રીતે વેગ આપી વિકસાવ્યો છે તેમાં ભળો."

આ સાંભળી મુક્તાનંદ સ્વામીને પ્રતીતિ થઈ કે આજે સત્સંગમાં નાના-મોટા તમામઆ સહજાનંદ સ્વામીમાં સર્વ પ્રકારે જોડાયેલા છે તે તેમના ઐશ્વર્યથી કે ચમત્કારથી નહિ પરંતુ તેમના પરમાત્મભાવથી. તેમણે સત્સંગને વેગ આપ્યો છે. સ્વામી છતાં જે સત્સંગ હતો તે આજે ઘણો વિસ્તરી ગયો છે. આવા આવો વિચારોમાં તે ઊઠ્યા.

સાંજે સહજાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી અને તેમનું મંડળ કાલવાણી જવા નીકળ્યું. વચ્ચે મેઘવતી નદી આવી. સીધા જ સ્નાન કરવા નદીએ આવ્યા. ભગવાન શ્રીહરિ તો તેમની સાથેના સંતો અને ભક્તો સાથે ઝડપથી આગળ ચાલવા લાગ્યા. અનેક તરંગોમાં ઘેરાયેલા મુક્તાનંદ સ્વામી ધીમે ડગલે ચાલતા હતા. પર્વતભાઈ ભગવાન શ્રીહરિ સાથે હતા. મુક્તાનંદ સ્વામીને પાછળ રહી ગયેલા જોઈ તેઓ ઊભા રહ્યા. મુક્તાનંદમુનિ સાથે થઈ ગયા.

મુક્તાનંદ સ્વામી તથા પર્વતભાઈ નદીને આરે બેસી ગયા. પર્વતભાઈએ સ્વામીની મનોદશા પારખી લીધી હતી. પરંતુ તેમનો વિષાદ કેવળ વાતોથી ટળે તેવો ન હતો. તેથી તેમણે સ્વામીને વિચારના વંટોળમાં રહેવા દીધા. સ્વામી વસ્ત્ર બદલાવી દિશાએ જવા તૈયાર થયા. ખાખરાના વનમાં આઘેરેક ગયા.

મુક્તાનંદ સ્વામીને શોક બમણો વધ્યો, 'શું કરવું ! કોને કહેવું ! ગુરુ પછવાડે આ તે શું થવા બેઠું છે' જળ વિના માછલું તરફડે તેમતરફડતા, હીબકાં લેતા તેઓ બહિર્ભૂમિગયા. મનમા ખૂબ ઉદ્વેગ હતો. આથી ખાખરાના વૃક્ષ નીચે બેસી ગુરુને સંભારવા લાગ્યા.

અને આશ્ચર્ય ! ગુરુ રામાનંદ સ્વામીએ પ્રત્યક્ષ દર્શન દીધાં. મુક્તાનંદ સ્વામીએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ગુરુએ કહ્યું : 'કેમ આમ ઉદાસ છો ! તમને મારા વચનમાં થોડી પણ પ્રતીતિ નથી એટલે જ બાળકની જેમરડો છો. એક વાત ફરી ફરીને કહું છું કે આ વર્ણી મનુષ્ય નથી, અવતાર પણ નથી, અનંત અવતારો એમાંથી સંભવે છે એવા એ અવતારી છે. અમારા સ્વામી (શ્રીકૃષ્ણ)ના પણ એ સ્વામી છે.

हमार प्रतित न तुमकुं लेशा । बालक ज्युं करत मन कलेशा । हमार
स्वामी के स्वामी हैं एहू । सत्य करिके मानो तुम तेहु ॥५५॥

(શ્રીહરિચરિત્રામૃતસાગર ૩-૩૩-૫૫)

એ પોતે મુખે કહે તો પણ આ વાત મનાય તેવી નથી, એટલે તો સમાધિ કરાવે છે. આ ધતિંગ નથી, સત્ય વાત છે એમનિશ્ચય માનજો.

એમની સેવા અમારે પણ દુર્લભ છે, તે તમને સહજે મળી છે. માટે હવે મન, કર્મ, વચનથી તેમની સેવા કરજો. એમાં સંશય રાખશો નહીં. મયારામતો (હાલમાં સંશયયુક્ત હોવાથી) ફૂટલું વાસણ છે. તેનું રેણ કરશો તો ઉપયોગમાં લેવાશે. વર્ણી તો વૃદ્ધ જાણીને તેમને માન આપે છે. વળી, એની સમજણની ગોબરાઈને ગણતા નથી. મયારામને અમારામાં ભાવ છે તેથી સૌ સંતો માને છે. તે મેરુ જેવા નિષ્કામી ખરા પણ વારંવાર સંશય કરવાનો તેમનામાં દોષ છે. વર્ણી એમનો આ દોષ નજરમાં નથી લેતા...' એમ કહી રામાનંદ સ્વામી અંતર્ધાન થઈ ગયા. મુક્તમુનિને આનંદ આનંદ થઈ ગયો.

ગુરુના વચનો યાદ આવ્યાં - વર્ણી બહુ મોટા છે. પરબ્રહ્મ છે, નારાયણ છે, એમની આગળ અમારી કોઈ ગણતરી નથી... અને એ તો ડુગડુગીના વગાડનારા હતા, હવે વેશના ભજવનારા એ સહજાનંદ સ્વામી પોતે છે... વિચારમાં ને વિચારમાં મુક્તાનંદ સ્વામી પાછા વળ્યા. હવે તેઓ હળવા ફૂલ હતા.

મહારાજ અને સંતો નદીએ સ્નાન કરવા ગયા તેને કલાકો વીતી ગયા હતા. મોડું થયું જાણી

પર્વતભાઈ ગામમાંથી બહાર આવ્યા, ત્યાં તો સામે મુક્તાનંદ સ્વામીને આનંદમગ્ન ખુશખુશાલ ચાલ્યા આવતા જોઈ ઊભા રહી ગયા. પર્વતભાઈ કહે : 'કેમસ્વામી ! આજ આટલા હરખમાં છો! કંઈ લાધ્યું?

ત્યારે સ્વામી કહે : 'ચિંતામણી લાધી. ગુરુ કહી ગયા. અહોહો! મારા જેવો કોઈ મુરખ નથી, અમૃતના ધોધ નીચે હું જ કોરો રહી ગયો. પર્વતભાઈ! ખરેખર તમે ખાટી ગયા. મુકુંદાનંદ પણ ખાટી ગયા...' પછી તો તેમણે રામાનંદ સ્વામીએ જે દર્શન દીધાં ને વાત કરી એ બધું વૃતાંત વિસ્તારથી કહ્યું. મહારાજના મહિમાનું ગાન કરતાં કરતાં બન્નેએ ત્યાં જ સ્નાન કર્યું. મહારાજ ને સંતો તો નદીમાં ખૂબ દૂર નીકળી ગયેલા.

સ્નાન કરતાં કરતાં મુક્તાનંદ સ્વામીએ કીર્તનો બનાવ્યા. 'અલૌકિક આદિત્ય ઉદિયા રે, સહજાનંદ સ્વામી...' 'સુખદાયક રે સ્વામી સહજાનંદ પ્રગટ પુરુષોત્તમશ્રીહરિ...' 'છાંડી કે શ્રીકૃષ્ણદેવ ઓરકી જો કરું સેવ...'

મુક્તાનંદ સ્વામીએ નક્કી કર્યું હતું કે આજે મહારાજને પૂજવા છે, શણગારવા છે, મન ભરીને ભેટવું છે.

આછાં-પીળાં કેસુડાનાં ફુલ ખાખરે ખાખરે ફુટવા શરૂ થયાં હતાં. મહારાજ અને સંતો જળમાંથી બહાર નીકળે તે પૂર્વે ઝટપટ તેઓ ફૂલ વીણી ઉતારે પહોંચી ગયા હતા.

અંતર્યામીએ જાણ્યું કે હવે કામપતી ગયું છે. તેઓ બહાર નીકળ્યા. વસ્ત્ર બદલી સૌ સાથે કાલવાણી ગામમાં પ્રવેશ્યા. ઉતારા પર મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિની ષોડશોપચાર પૂજા સામગ્રી તૈયાર કરી દીધી હતી. પર્વતભાઈ ખડે પગે સેવામાં હતા. સોનેરી ઢોલિયો મંગાવાયો હતો. તેના પર રામાનંદ સ્વામીનાં ગાદી-તકિયા બિછાવી દીધાં. ચંદન ઘસી તૈયાર કર્યું. ધૂપ-દીપ પ્રગટ્યા. મહારાજ પધાર્યા ત્યારે એક અનોખો ઉત્સવ થતો હતો. ઝાંઝ-પખાજ વાગતાં હતાં. કીર્તનો ગવાતાં હતાં.

મહારાજ પધાર્યા. મુક્તાનંદ સ્વામી સામા ગયા. દંડવત્ પ્રણામકર્યા. મહારાજ હં... હં... કરતા રહ્યા પણ હવે બંધ તૂટી ગયા હતા. મહારાજ એ વખતે ધોળી ધોતી ને ધોળું ઉપવસ્ત્ર પહેરતા તે ઉતારી મુક્તાનંદ સ્વામીએ જાતે શ્રીહરિને જરિયાન વસ્ત્ર પહેરાવ્યાં. અને પરાણે ઊંચકીને ગુરુગાદી પર મહારાજને બિરાજમાન કર્યા.

આજ સુધી ગાદી પર બેસતા મહારાજ સંકોચાતા હતા, પણ ગુરુ પાસે તેઓ મૌન રહ્યા. આજ એમનો હરખ સંવારી રહ્યા હતા. મુક્તાનંદ સ્વામીએ મહારાજને સોનાનાં ઊતરી, કડાં, વેઢ, વીંટી અને બાજુબંધ ધરાવ્યાં. પાઘ બાંધી તેમાં ફૂલના તોરા ખોસ્યા. ભાલમાં કેસર ચંદન ચર્ચ્યું. કુમકુમનો ચાંદલો કર્યો. ચરણોમાં ચંદન ચર્ચ્યું. વારંવાર લળીલળીને પ્રણામકર્યા. પૂજારી સાધુ પાસેથી આરતી લઈ લીધી અને ભગવાન શ્રીહરિ સમક્ષ ઊભા રહી તેમણે સર્વ પ્રથમવાર આરતી શરૂ કરી. નગારાં અને ઝાલરના ઘોષ વચ્ચે મુક્તાનંદ સ્વામીના મૃદુ સ્વર સરી પડ્યાં...

જય સદ્ગુરુ સ્વામી (૨) સહજાનંદ દયાળુ, બળવંત બહુનામી...જય.
ચરણસરોજ તમારા વંદું કર જોડી (૨) ચરણે શીશ ધર્યાથી, દુ:ખ નાખ્યા તોડી...જય.

અને આમમુક્તાનંદ સ્વામીના મંજુલ સ્વરોમાં આરતીનો પ્રથમરણકાર ગૂંજી ઊઠ્યો.

આ શબ્દો સાંભળી સર્વે સ્તબ્ધ બની ગયા ! પર્વતભાઈને પણ આશ્ચર્ય થયું. મુક્તાનંદ સ્વામીમાં આ કેવું પરિવર્તન ! તેમના અંતરની આંખ ઊઘડી ગઈ હતી. જે સમજવાનું હતું તે સમજાઈ ગયું હતું.

મુક્તાનંદ સ્વામીએ આરતી ઉતારી, શ્રીહરિને દંડવત્ કર્યા. પછી પોતાના આસને બેઠા. તે વખતે મયારામ ભટ્ટ પણ શ્રીહરિને પગે લાગીને મુક્તાનંદ સ્વામી પાસે આવી તેમની બાજુમાં બેસી ગયા. ધીરેથી તેમણે પૂછ્યું : "સ્વામી ! તમને સમાધિ થઈ ?"

સ્વામી હસ્યા. તેમણે કહ્યું : "શું ધૂળ સમાધિ થાય! આ જ્ઞાન થયું તે જ સમાધિ ! રામાનંદ સ્વામીએ સમજાવી દીધું. તમને ઠપકાના બે શબ્દો કહ્યા : 'તમારી સંશયવૃત્તિથી તમે ભરમાઓ છો અને બીજાને પણ એવી દ્વિધામાં મૂકી દ્યો છો. માટે હવે સ્થિરબુદ્ધિ રાખી આ ભગવાન શ્રીહરિમાં પરમાત્મભાવ દૃઢ કરજો.' સ્વામીએ ખાસ તમારા માટે આ સંદેશો કહ્યો છે."

આ.સં. ૧૮૫૯ના કાર્તિક સુદ દશમીનો આ દિવસ હતો. દૂર બેઠેલા માણાવદરના આલસી ઘાંચી મુક્તાનંદ સ્વામી તથા મયારામભટ્ટની વાતો સાંભળવા કાન ખેંચતા હતા. તેમને કાંઈ સંભળાયું નહિ છતાં મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિની આરતી ઉતારી, મયારામભટ્ટ પણ અત્યાર સુધી મૂંઝવણ અનુભવતા હતા તે હવે આનંદમાં દેખાય છે, એટલે તેમને પણ તેમના મનનું સમાધાન થતું લાગ્યું. તેમણે મનમાં નક્કી કર્યું હતું કે 'રામાનંદ સ્વામી વિના બીજો ભલે ઝાંઝર ખખડાવતાં લક્ષ્મીજી નારાયણ સાથે અથવા કૃષ્ણ સાથે દેખાડે તોપણ તેને ભગવાન ન જ માનું.' આજ તેમની આ ગ્રંથિ ગળતી હોય તેવું તેમને પોતાને પણ લાગ્યું.

પ્રબોધિની એકાદશીને દિવસે સવારમાં શ્રીહરિ સભામાં બિરાજ્યા. મુક્તાનંદ સ્વામી પણ યથાસ્થાને બેસી ગયા. અશાંત અને ભ્રામક દશાના ભાવ ઓસરી ગયા હતા. અંતર નિર્મળ બની ગયું હતું. તેથી તેમના મુખની આભા પણ કાંઈ જુદી જ દેખાતી હતી. અને મુખમાંથી શબ્દો સરી પડતા હતા :

"ભ્રમણાં ભાંગી રે હો હૈયાની, નથી એ કેને વાત કહ્યાની,
વીતી હોય તે રે હો જાણે, અણ સમજ્યા મર ઈર્ષા આણે."

આમ, હજુ સુધી સંપ્રદાયના સેંકડો મંદિરોમાં, લાખો ઘરોમાં નિત્ય સવાર-સાંજ આ આરતી ગૂંજતી રહે છે.

**તીર્થ ચરિત્ર પ્રસંગ**

સાધુ બાલમુકુંદદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
વડતાલ (હાલ- સરધાર)

ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્યાં 'ભવિષ્યમાં મંદિર થશે' તેવો કોલ આપ્યો છે તેવી આશીર્વાદાત્મક તીર્થભૂમિ

# સરધારધામમાં સૌપ્રથમ વાર શ્રીજી મહારાજની પધરામણી

**ભગવાન શ્રીહરિના પ્રથમ આગમનના ૨૦૩ વર્ષમાં પ્રવેશ નિમિત્તે કોટિ કોટિ વંદના...**

ગતાંકથી ચાલુ.....

### હરિભક્તોને ધર્મોપદેશ

શ્રીહરિએ હરિભક્તોને કહ્યું : ''આ સંતો આ લોકના નથી. આ બધાનું કેવું એક મન છે ? ભગવાનની મૂર્તિમાં ધ્યાન લગાવીને કેવા બેઠા છે ? હરિની મૂર્તિ વિના તેમને બીજી કોઈ ઈચ્છા નથી. દેહાદિકના દુ:ખને ગણતા નથી.જગતને દુ:ખરૂપ માને છે. બીજી વાતમાં જેટલું તાન હોય તેટલી જ્ઞાનમાં ખામી છે. હરિમાં તાન વધે એટલા માટે જે પ્રવૃત્તિ કરે છે તે નિવૃત્તિ જ ગણાય. એમ એકાંતિક ભક્ત જાણે છે. હંસ અને બક એ બેયની રીત જુદી હોય છે. તેમ ભક્ત અને અભક્તની રીત જુદી હોય છે. તે સત્સંગ કર્યા વિના માલુમપડે નહિ. સત્સંગ કરવા છતાં જે ઘટી જાય તેને સત્સંગ થયો ગણાય નહિ. ભોજનમાં રાત્રિદિવસ રહે તો પણ ભૂખ્યો રહે તે ભોજનમાં રહ્યો ગણાય નહિ. એક બીજાનો મહિમા સમજી પોતાના દોષ જોવા. કોઈ પોતાને ભારે સિદ્ધ કહે તો પણ પોતાને તેમનહિ માનતાં દાસાનુદાસ માનવો. દાસનો દાસ થાય તે જ સિદ્ધ છે. એ જ સત્સંગ કરવાનો ઢાળ છે.''

**''અમૃત બોવે સો અમૃત પાવે । વિષ બોવે સો વિષ લહાવે । સત્સંગ અમૂલ યહ પાઈ અબહિ ।**
**વિષ કે બીજન બોના કબહિ ॥''**

અમૂલ્ય સત્સંગ પામી ઝેરનાં બી વાવવાં નહિ, નહિ તો પોતપોતના દોષ પોતાને જ સહન કરવા પડશે. ધ્યાન, ભજન, યોગાભ્યાસ, જપ, તપ, ત્યાગ, વૈરાગ્ય વગેરેનું ફળ એટલું જ છે, જે પોતાને ભગવાનના ભક્તના દાસનો દાસ માને. અમે એને જ શ્રેષ્ઠ માનીએ છીએ. હરિભક્ત દોષ વિના અપમાન કરે તેને સહન કરે તેના ઉપર હું પ્રસન્ન થાઉં છું. અંતે તો સૌને અમારી સાથે જ કામછે. જગતમાં માન કે અપમાન થાય તે તુલ્ય માનવું. કારણ કે, તે માનાપમાન નિશ્ચળ નથી. બધુંય જવાનું જ છે. વાદળની છાયાનું સુખ ક્યાં સુધી રહે ? તે છાયા આપણા હાથમાં નથી. મૃગતૃષ્ણાના જળથી પ્યાસ બુઝાય નહિ. સાચા જળથી જ બુઝાય માટે આવો જે રંગ ચઢ્યો છે તેને જીવતાં સુધી પાર પાડવો. કારણ કે, દેશકાળ સદાય સરખા રહેતા નથી. જેની સદાય એક સ્થિતિ રહે છે તેનો યશ આ બ્રહ્માંડમાં અખંડ રહે છે. કાળના માથે તે પગ મૂકે છે. એ બધાયનું મૂળ સત્સંગ છે. માટે હરિભક્તોએ શુદ્ધ સત્સંગ કરવો અને સંતને પોતાના હિતકારી માની તેમાં વિશ્વાસ કરવો.



### સમાધિમાં અક્ષરધામના દર્શન

શ્રીહરિ વાત કરતા હતા ત્યાં રાજા પૂજાનો સાજ લાવ્યા. કેસર, ચંદન, હાર, તોરા, બાજુબંધ વગેરેથી પૂજા કરી વસ્ત્રાભૂષણ પહેરાવી આરતી ઉતારી, સંતની પણ પૂજા કરી. વિપ્રને પણ દાન દીધાં. પછી પ્રદક્ષિણા, દંડવત્ અને સ્તુતિ કરી કહેવા લાગ્યા કે અમે રામાનંદ સ્વામીના હતા તે હવે તમારે શરણે છીએ. હવે તમે અમારી સહાય કરજો. તમે તો રામાનંદ સ્વામીના પણ સ્વામી છો. હવે આ ઘરબાર અને રાજપાટ તમને અર્પણ કર્યા. તમારી મરજી હોય તેમકરો. તમારા વચનને આધીન થઈ તમે રાખો ત્યાં રહીએ. એવાં વચન સાંભળી પ્રસન્ન થઈ શ્રીહરિ કહે : ''સત્સંગ દૃઢ રાખજો. અને પ્રગટનું ભજન કરજો, જેથી મોક્ષ પામશો. આવો અવતાર કોઈ થયો નથી અને થશે પણ નહિ. તમારા ભાગ્ય અપાર છે. એવાં વચન સાંભળી હરિભક્તોનો પ્રેમરસ વૃદ્ધિ પામ્યો. જેથી સમાધિ થઈ ગઈ. દેહનું ભાન ભૂલી અક્ષરધામમાં ગયા. ત્યાં તેજના સમૂહમાં સિંહાસન ઉપર રહેલા દિવ્યમૂર્તિ શ્રીહરિનાં દર્શન થયાં. પછી દેહમાં આવ્યા ત્યારે દેહના ભાવે વર્તવા લાગ્યાં.'' શ્રીહરિ કહે : ''સંતના મુખથી વાત સાંભળી બુદ્ધિને

પકવ કરી અષ્ટાંગ-યોગ સાધે અને દેવની આરાધના કરે તો પણ સમાધિ થતી નથી. એવી દુર્લભ સમાધિ આજે દરેક હરિભક્તને થાય છે. તે પ્રગટ હરિના પ્રતાપને ન જાણે અને તેને પાખંડી કહે, તે પાપી અને પૃથ્વીના ભારરૂપ છે. ભગવાનની કાળશક્તિથી એવા ભારરૂપ લોકો થોડે દિવસે નાશ પામશે. તેમનો ઘડો ભરાયો છે. સત્સંગની રક્ષા કરવા શક્તિએ કાળચક્ર લીધું છે. પણ અમને દયા આવે છે. તેથી ક્ષમા રાખીએ છીએ, ત્યારે તે અધિક બળ કરે છે. અને જાણીને દુ:ખી થવા માગે છે. તેમાં બીજાને પાપ નથી. જાણીને ઝેર ખાય તેમાં બીજાને શું ? સંતજનને તો આનંદ છે. એમવાત કરતાં સંધ્યા થવા આવી.'' સંતો ગાન કરી ગોડી બોલ્યાં. પછી આરતી કરી અને ધૂન બોલ્યા. શ્રીહરિ પોતે ધૂન બોલાવતા. પછી સ્તુતિ કરી 'જય શ્રી સ્વામિનારાયણ' કહી સૌ બેઠા. મધ્યરાત્રિ સુધી સંતોએ કીર્તન ગાયાં. પછી સૌ પોઢી ગયા.

પ્રભાત થતાં સંતો પ્રભાતિયાં બોલ્યા. શ્રીહરિ જાગીને શૌચવિધિ કરવા ગયા. ચાર ઘડી દિવસ ચઢતાં સંત-હરિભક્તો સાથે શ્રીહરિ નહાવા ગયા. એકાદશીનો દિવસ હતો. બહુ વાર સુધી જળક્રીડા કરી નવીન વસ્ત્રાભૂષણ પહેરી ઘોડે બેસી કીર્તન ગાતા સંતોની સાથે ધામધૂમપૂર્વક મુકામે આવ્યા. ત્યાં બહુ જનોની ભીડ થઈ. એકાદશીનો દિવસ જાણી ગામના હરિભક્તો શ્રીહરિની પૂજા કેસરચંદનાદિકથી કરવા લાગ્યાં. વસ્ત્રાભૂષણ, મેવા, મીઠાઈ વગેરે અર્પણ કરી હારતોરા ધરાવ્યા. પૂજા કરતા મધ્યાહ્ન થયો ત્યારે રાજા શ્રીહરિને કહે આપ અને સંતો ફળાહાર કરો. આપને તો ભાવ નથી, પણ ફરી આવો સમય આવે નહિ. નૃપતિની વિનંતી સાંભળી શ્રીહરિ ફરાળ માટે બેઠા. બરફી પેંડા, સાંબા યુક્ત દૂધપાક, શીંગોડાની પૂરી, સૂરણનું શાક, શીંગોડાના ભજીયા જમ્યા. દૂધ, દહિંનો તો પાર જ નહોતો. કેળાં સુધારી થાળ ભરીને લાવ્યા તે બધું રાજાનો ભાવ જોઈ શ્રીહરિ જમ્યા. રાજાના પ્રેમનાં શ્રીહરિએ વખાણ કર્યાં.

## ભૂજથી દેવાનંદ દંડીનું આગમન અને સ્વામિનારાયણ નામનો મહિમા

આ સમયમાં ભુજથી વૃદ્ધ દેવાનંદ દંડીએ આવીને શ્રીહરિને પગે લાગી ત્યાંનાં ભક્તોના 'જય શ્રી સ્વામિનારાયણ' કહ્યા અને કહ્યું : ''હે મહારાજ ! સૌ તમારી રાહ જુએ છે. તમારે માટે ખાનપાન તજી નિશદિન ધ્યાન કરે છે. તમને સંભારતા દેહનું ભાન ભૂલી જાય છે. આજકાલ આવશે એમ રાહ જોઈ રહ્યા છે. તમારા વિના મને ગમ્યું નહિ, તેથી અકળાઈને અહીં આવ્યો. તમારી મૂર્તિ ખેંચીને લાવે છે, ત્યાં અમારું જોર ચાલતું નથી. બધાય અવતારનું દૈવત આ મૂર્તિમાં રહ્યું છે. લોજમાં આપણે સાથે રહ્યા ત્યારે આવો પ્રતાપ જાણવામાં આવ્યો નહોતો. ત્યારે તો આપને સિદ્ધ માનતા હતા. કેટલાક હરિભક્તો દેહ મૂકે છે. ત્યારે રથ કે વિમાન લઈ આ મૂર્તિ તેડવા આવે છે. આવી વાત ક્યારેય સાંભળી નથી.''

''સ્વામિનારાયણ નામહિ સુનિકે ।
ભૂત પ્રેત જાવત શિર ધ્રુનિકે ॥
એસે દેખે હમઅબહિ કાલા ।
સત્સંગ મેં બહુ દિનહિ ગાલા ॥
વેદ પુરાન કિ સુનિ બહુ બાતા ।
એસો પ્રતાપ સુને મેં ન આતા ॥
અબ સત્સંગ પ્રતાપહિ જોઈ ।
મત પેઠે પાતાલ હિ સોઈ ॥
ધર્મ સો સબકો જીવ કહાવે ।
ધર્મ બિન જન શબવત રહાવે ॥''

સ્વામિનારાયણ નામ સાંભળી ભૂત-પ્રેમપણ માથું ધુણાવી નાસી જાય છે. બીજા મતપંથી સત્સંગનો પ્રતાપ જોઈ પાતાળમાં પેસી ગયા છે. કારણ કે, તેમનામાં ધર્મરૂપી જીવ રહ્યો નથી. તેથી શબ જેવા દેખાય છે. શ્રીહરિએ સંતોને તથા દેવાનંદ દંડીને ફળાહાર કરાવ્યું, હરિભક્તોને પણ કરાવ્યું. મધ્યરાત્રિ સુધી કીર્તન બોલ્યા. પછી સૌને સૂવાની આજ્ઞા કરી, હરિભક્તો સૂઈ ગયા અને સંતો ધ્યાનમાં બેઠા.

## શ્રીહરિએ કહેલો સરોવરનો મહિમા

સવારે ચાર ઘડી રાત્રિ રહેતા પ્રભાતિયા ગાવા લાગ્યાં. આવી સંતની વૃત્તિ દેખી ગૃહસ્થ જનોને ભાવ વધતો, અને અન્ન વસ્ત્ર લાવી આપતા. શ્રીહરિ સંતોને કહેતા : ''સંતના સમૂહમાં રહેવું એ પરમ કલ્યાણ છે, થોડે પુણ્યે સંત સમાગમ મળતો નથી. જેને આવો યોગ મળ્યો તેનાં ધન્ય ભાગ્ય છે. આજે દ્વાદશી છે. ચાલો નહાવા જઈએ. એમકહી શ્રીહરિ નહાવા ચાલ્યા.''

કીર્તન ગાતા સંતોની સાથે શ્રીહરિ નહાવા ચાલ્યાં. પાદુકા અને પીતાંબર પહેરી, શાલ ઓઢી ગજગતિએ ચાલતા સરોવર પર આવ્યા. બાંધેલા ઘાટ ઉપર બેસી તેની શોભા જોઈ બોલ્યા : ''આ સરોવરને બંધાવ્યું હશે તેના ભાગ્ય ઉદય થયા. મોટા મોટા મુક્તો તથા રામાનંદ સ્વામી જેવા આમાં વારે વારે નહાયા છે. માટે આ સરોવર બહુ જૂનું છે. આપણે વર્ષોવર્ષ અહીંયા એક સમૈયો કરવો.'' ત્યારે મુક્તમુનિ કહે : ''દેશ, કાળ વિષમછે. માટે કશો નિર્ધાર કરી શકાય નહિ. લૂંટફાટનો ભય બહુ છે. લશ્કરનો ભય રહે છે, તેથી કરીને કોઈને શાંતિ રહેતી નથી.'' ત્યારે શ્રીહરિ બોલ્યા : 'દેશ-કાળ ફરી જાય છે. એક પ્રકારના રહેતા નથી. હરિભક્તોને સુખ આપવા આ જે અવતાર લીધો છે, તેમનું ધાર્યું થાય છે, બીજાનું થતું નથી.' પછી શ્રીહરિએ સ્નાન કર્યું. સંતોએ પણ સ્નાન કરી પ્રસાદીનું જળ પીધું. નવીન ભારે જરીમય વસ્ત્રો પહેરી અશ્વ પર બેસી શ્રીહરિ મુકામ પર આવ્યા, અને મુકુંદાનંદ વર્ણીએ ધરેલાં દૂધપાક-પૂરી

વગેરે વિવિધ ભોજનો જમ્યા. સૌ સંતોને પણ પીરસીને જમાડ્યા. પછી પાટ ઉપર આવીને બેઠા. સંતોની સભા થઈ. વેરાભાઈ રાજા કેસર-ચંદનાદિક લાવીને પૂજા કરવા લાગ્યા. શ્રીહરિને વસ્ત્રાભૂષણો પહેરાવી આરતી કરી. સંતોની પૂજા કરી અને દંડવત્ કરી કહેવા લાગ્યા : "હે પ્રભુ ! હવે અહીંયા જ નિવાસ કરીને રહો. તમે કહેશો તેમમન, કર્મ, વચને અમે કરીશું." ત્યારે શ્રીહરિ કહે : "જેવો તમારો ભાવ છે તેવો બીજા હરિભક્તોનો પણ ભાવ છે. માટે જ્યાં જ્યાં હરિભક્તો છે ત્યાં ત્યાં ફરવા જવું છે. એકવાર આખા સત્સંગમાં ફરીને પછી હરિભક્તોનો ભાવ હશે ત્યાં બે-ત્રણ દિવસ રહીશું."

તેમકરીશું.'

### સદાવ્રતો બંધ કરાવ્યા

પછી પ્રસન્ન થઈને શ્રીહરિ સંતોને ભેટ્યા અને મુક્તમુનિ પાસે પત્ર લખાવ્યા. પ્રથમમોટા સંતોના નામ લખી પછી મોટા ગૃહસ્થના નામ લખ્યાં. પછી પોતાનું નામ લખાવી સંતોને લખ્યું કે, "આ પત્ર વાંચી ગામમાં મોટા આગેવાન ગૃહસ્થ હોય તેમને બધો સામાન સોંપી દેજો. કંઈ પણ છુપાવશો નહિ. અને ગૃહસ્થને કહેજો કે આ પરમાર્થનું કામ છે તે કોઈ એક મનુષ્ય તો કરતા રહેજો. રામાનંદ સ્વામી કહી ગયા છે કે અમે છીએ ત્યાં સુધી સદાવ્રત રાખવાં. પછી રાખવા નહિ, કારણ કે રાખે તેને બંધન થાય. તે વચન જાણીને અમારા હિતને માટે અમે હવે મૂકી દઈએ છીએ. એમ કહી સૌ અમારી પાસે આવજો. થોડું લખ્યું ઘણું જાણજો."

એમ જેટલા સદાવ્રતો હતા તેટલાં પત્ર લખાવ્યા. સંધ્યા વખત થવા આવ્યો ત્યારે બ્રાહ્મણો જમ્યા. પછી હરિભક્ત જમ્યા. બ્રાહ્મણોને દાન દેવડાવ્યા. પ્રસન્ન થઈને બ્રાહ્મણોએ આશીર્વાદો ઉચ્ચાર્યા. પછી આવેલા ભક્તોએ શ્રીહરિને ભેટ ધરી મધ્યરાત્રિ સુધી પૂજા ચાલી. પછી અશ્વ ઉપર બેસી પુરમાં આવ્યા. એમ અલૌકિક સમૈયો થયો. શ્રીહરિએ હરિભક્તોને કહ્યું : "પોતપોતાને ગામ જાઓ ત્યારે ભેગા મળીને જવું ગાફલ રહેવું નહિ. અમારું વચન માનવું." ત્યારે ભક્તો કહે : "અમે આપની આજ્ઞામાં સદાય તત્પર છીએ તો પણ એકવાર અમારે ગામપધારો. વર્ષોવર્ષ સંતને પણ અમારા ગામમાં મોકલજો. કારણ કે, સત્સંગનું કારણ સંત છે. સંત વિચરતા રહે તો સત્સંગમાં રંગ રહે.

"સત્સંગ કો કારન હૈં સંતા ।
જો રહેવે અખંડ વિચરંતા ।
તબ સત્સંગ કો રહો મહારંગા ।
જ્યું પટ પવિત્ર કરત હૈં ગંગા ॥"

વર્ષમાં એકવાર ઈન્દ્ર વૃષ્ટિ કરે છે તો સૌ જીવે છે. નહિ તો રાજા હોય તો પણ ઊડી જાય. સંત વિના સત્સંગનો રંગ ઊતરી જાય. " ત્યારે શ્રીહરિ કહે : "સંતો તો ગામડે આવશે, છતાં તમારે દરેકે પણ બળવાન રહેવું"

એમકહી શ્રીહરિ પોઢી ગયા. પ્રભાત થતાં શ્રીહરિ તૈયાર થયા. પત્ર લખ્યા હતા તે મોકલાવી આપ્યા. સંતો અને રાજાઓ પણ તૈયાર થયા. ગામના રાજા તાણ કરવા લાગ્યા. તેમને સમજાવી શ્રીહરિ સરધારથી આટકોટ તરફ ચાલ્યા.

આમ, ભગવાન શ્રીહરિએ સરધારમાં સં. ૧૮૫૯ માગશર સુદ તેરશે ગુરુવર્ય રામાનંદ સ્વામી ધામમાં સિધાવ્યા તેનું એક વર્ષ પૂર્ણ થતા તે નિમિત્તે બ્રાહ્મણોની ચોરાશી કરી, સરધારપુરના અને બીજા ગામોના ભક્તજનોને બહુ સુખ આપ્યું. આવી રીતે પ્રથમવાર સરધારમાં પધારી અનેક લીલાઓ કરી સરધારને પોતાના ચરણકમળથી પાવન કર્યું.

## :: સત્સંગનો લીધા જેવો અલભ્ય લ્હાવો ::

### સરધારધામને આંગણે દરેક માસના પ્રથમરવિવારે યોજાતી દિવ્ય માસિક સભા

સર્વે વ્હાલા હરિભક્તોને જણાવવાનું કે ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ**ના રૂડા આશિર્વાદથી સરધારધામને આંગણે દરેક અંગ્રેજી મહિનાના પ્રથમરવિવારે ભવ્ય અને દિવ્ય **'અભયદાન સત્સંગ સભા'** યોજાય છે. જેનો હેતુ ફક્ત એટલો જ છે કે, મુમુક્ષુ જીવાત્માઓને પરમાત્માને પામવાનો સાચો રાહ પ્રાપ્ત થાય, માયામાં સુખ માનતા આત્માને એક પરમાત્માની સલુણી મૂર્તિમાં હેત થાય, દરેક જગ્યાએથી પ્રીતિ તોડી એક ભગવાન શ્રીહરિમાં પ્રીતી બંધાઈ અને વચનામૃત જેવી ભગવાન શ્રીહરિની પરાવાણી સુધી મુમુક્ષુ જીવાત્માની મતિ પહોંચી શકે, જન્મમરણના ખાતા વળાવી ભગવાન શ્રીહરિ એકજ પોતાનું અંતિમલક્ષ્ય બને, સત્સંગમાં વિનય-વિવેક-સરળતા પ્રાપ્ત થાય, અંતઃશત્રુ સામે લડવાની તાકાત મેળવી શકાય, સંપ્રદાયમાં ભગવાન શ્રીહરિએ બતાવેલ છ અંગ અને છ હેતુ તેના સુધી પહોંચી શકાય, આવા અનેક શુભ આશયને આપ અવશ્યમેવ સમજી આ માસિક 'અભયદાન સત્સંગ સભા' માં જોડાજ્યો. આ માસિક સભાથી સાચા સત્સંગી બનવું છે, નિર્વાસનીક બનવું છે અને આજ્ઞા-ઉપાસના દૃઢ કરવા છે તેમવિચાર કરી વહેલા વહેલા અવશ્ય પધારજ્યો.



સરધારધામને આંગણે તૈયાર થયેલ નૂતન **'શ્રી નૃગેન્દ્ર સભામંડપ'** તેમાંજ આ પ્રથમસભાનો પ્રારંભ થશે. સાથે સાથે આજ રોજ (તા.૫-૨-૨૦૦૬)થી સંતો પણ નવા આશ્રમમાં પોતાનું નિવાસ સ્થાન કરશે. તો તેનો લ્હાવો લેવાનું ચૂકશો નહિ. સભાનો કાર્યક્રમસવારે ૮ વાગ્યા થી બપોરના ૧ વાગ્યા સુધી રહેશે. બપોરે ૧ વાગ્યે હરિભક્તો મહાપ્રસાદ લઈને છૂટા પડી શકશે.

**ખાસ નોંધ** :- બહારગામથી કે દૂરથી આવનારા હરિભક્તો આગલે દિવસે શનિવારે બપોર પછી આવી જશે તો પણ તેમને માટે રહેવા-જમવાની વ્યવસ્થા અહીં કરવામાં આવશે.

**શાસ્ત્ર પરિચય ચિંતન - ૨**

સ્વામી કૈવલ્યસ્વરૂપદાસજી
(સરધાર)



સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત ૨૩ ગ્રંથ પૈકીનો એક અજોડ ગ્રંથ

# પુરુષોત્તમ પ્રકાશ

ગતાંકથી ચાલુ.....

**ભક્તિધર્મ સુત શ્રી હરિ, સહજાનંદ સુખરૂપ;**
**વિનય સહિત વંદન કરૂ, પાવન પરમઅનુપ.**
**ચિંતવી ચરણ નખચંદ છટા, લખી ઉર અમીત પ્રતાપ;**
**વંદુ વિઘ્ન વિનાશકર, હરણ વિપત અણમાપ.**
**લખી ઉર અમીત પ્રતાપ; વંદુ વિઘ્ન વિનાશકર,**
**હરણ વિપત અણમાપ. સ્વામિનારાયણ સુખદ,**
**પ્રગટ વિદિત જગસૂર; ત્રિવિધ તાપ અજ્ઞાનતમ,**
**કળિમળ મત કર ચૂર. આપો વાણી રસભરી,**
**વિમળ મતિ અવિનાશ; ચરણ વંદી આદર કરૂ,**
**પુરૂષોત્તમપ્રકાશ.**

ગ્રંથના પ્રારંભમાં સ્વામી પ્રથમજેના ગુણ ગાવાના છે એવા ઈષ્ટદેવની પ્રાર્થના સ્તુતિ કરી મંગલાચરણ કરે છે. જેના ચરિત્ર લખવા છે તે કોણ છે ? કોના પુત્ર ? તેનું નામશું ? શા માટે સ્તુતિ કરે છે ? વંદના કરવાથી (યાદ કરવાથી) શું ફાયદો ? ને કેવા મોટા છે ? સ્તુતિ-વંદના-પ્રાર્થના કરી સ્વામી શું કરવા માગે છે ? વગેરેને ધ્યાનમાં રાખી મંગલાચરણ કરે છે. જેને આપણે પણ જીવનમાં અમુક અંશે અપનાવવું જ જોઈએ. જે કાર્યના પ્રારંભમાં મધ્યભાગમાં ને અંતભાગમાં મંગલાચરણરૂપી મૂર્તિ ન સંભારે તેને બહુજ મોટી હાનિ થાય છે. એવુ શાસ્ત્રસંમત મંતવ્ય છે. વ્યવહાર કાર્યમાં કોઈપણ કાર્ય કરવાનું થાય તો ઈષ્ટદેવનું પૂજન કરી પ્રાર્થના કરીને જ કાર્ય કરવુ એવુ તો માનવ માત્રને હોવુ જ જોઈએ. અનિવાર્ય સંજોગોમાં પૂજન ન થઈ શકે તો વંદન કરવું. વંદન ન થઈ શકે તો સ્મરણ તો અવશ્ય કરવુ જ જોઈએ એવુ તમામશાસ્ત્ર આપણને સુંદર શીખવે છે. તોપ્રથમજેનુ મંગલાચરણ કરૂ છું તે છપૈયાધીશ, ધર્મદેવ (પિતા) ને ભક્તિદેવી (માતા) ના પુત્ર છે. જેનું નામજગ પ્રસિદ્ધ **'શ્રી સહજાનંદ'** મહાપ્રભુ એવુ છે. વળી વિશ્વકસેન સંહિતા કહે છે કે : 'भूम्यां कृतावतारोऽहं सर्वान्नेतान् जनानहम् । प्रापयिष्यामि वैकुण्ठं सहजानंदनामतः ॥' એવા મહાપ્રભુ છે.

જેને યાદ કરતા સુખ-શાંતિ-આનંદ જીવમાત્રને ઉપજે છે તેને અતિ દાસ થઈ વંદન કરૂ છું. જે પતિતોને પણ પાવન કરે છે જેનાથી કોઈ પર તત્ત્વજ નથી એની કોઈને ઉપમા દેવાય જ નહિ. (આ બ્રહ્માંડમાં કોઈ ચીજ એવી નથી કે ભગવાન સ્વામિનારાયણની ઉપમા દઈ શકીએ) તેમને ચરણની આંગળીના નખથી લઈને શિખાના ભાગ સુધી યાદ કરી, તે મૂર્તિના જ પ્રતાપને વર્ણવવો છે જે મૂર્તિના પ્રતાપથી શું થાય ? ને શું ન થઈ શકે ? તે મહા અલૌકિક મંગલકારી મૂર્તિના પ્રતાપથી તમામવિપત-આપત અણતોળ્યુ દુ:ખ નષ્ટ થાય છે. તે મહાપ્રભુ કોણ, તે બીજા કોઈ નહિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન; જેનું નામલેવાથી સદ્‌ગુરૂ શ્રી ગુણાતીતાનંદ સ્વામી કહે કે વિશ્વાસ હોય તો કાળા નાગનું ઝેર ઉતરે ! જે નામના પ્રતાપથી ભૂત પ્રેતાદિ ગગનભેદી અવાજ સાથે દૂર રહે, જેને અનુલક્ષીને વિષ્ણુ પુરાણમાં કહેવામાં આવ્યુ છે કે :

'महा धर्मान्वये पुण्ये नाम्ना पापविनाशके । हरिप्रसाद विप्रस्य स्वामि नाम्ना हरिः स्वयम् ॥' તથા બ્રહ્માંડ પુરાણમાં જેની આગાહી કરવામાં આવી છે કે: 'दत्तात्रेयो कृत युगे त्रेतायां रघुनंदनः । द्वापरे वासुदेवश्च कलौ स्वामी वृषात्मजः ॥' તેજ આપણા સર્વના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન આજ કળિયુગના વાતાવરણથી પીડાતા જીવાત્માના ઉદ્ધારાર્થે પ્રગટ થયા છે ને **'નિષ્કુળાનંદ કહે દુર્ગપુર આવ્યા, નિરખ્યા મેં નેણાં ભરી'** તે હાલ દુર્ગપુરમાં (જે પશ્ચિમપંચાલ દેશમાં પવિત્ર ઉન્મત ગંગાના કિનારે આવેલ નગર છે, તેમાં) રહેતા થકા અનંત આત્માઓને પોતાનું દિવ્ય સુખ આપે છે. એવા ઈષ્ટદેવ સર્વાત્મા પરમાત્માને વંદન કરૂ છું કારણ કે જે પુરૂષોત્તમભગવાન આ બ્રહ્માંડમાં પધાર્યા છે. તેનો પ્રકાશ સારાએ વિશ્વમાં વ્યાપે એટલા માટે મારે તેમનું જીવન-કવનનું આલેખન કરવું છે.

વળી તેમાં પ્રગટના જ ગુણ ગાવા છે. વળી સ્વામીએ પોતાની જે સાધુતાને પણ જગતને દેખાડી કે હું સર્વોપરિ ભગવાનનો દાસ છું એટલે તે પરમાત્માનો પ્રકાશ જ્યાં જ્યાં ગયો હોય તેને પુરૂષોત્તમમય સમજી તેની પણ પ્રાર્થના કરૂ છું કે તમે પણ મારા પર પ્રસન્ન થઈ કૃપા કરો જેથી હું પ્રગટના પ્રતાપ-મહિમાની વાત હું કરી શકું. આ વિરાટ શાસ્ત્રનું નામજ **'પુરૂષોત્તમપ્રકાશ'** રાખુ છું. જેમાં પુરૂષોત્તમના મહિમા સિવાય કશુ જ નજરમાં ન લાવતા સત્સંગમાં દિવ્યતા પથરાય તો જે કાર્ય વર્ષોના દાખડાથી થવાનું હોય તે આજ ટૂંકા સમયમાં પ્રાપ્ત થાય. જોકે ધર્મપુત્ર ઘનશ્યામનો મહિમા યથાર્થ તો કોઈ કહી જ ન શકે જેનો મહિમા અગમ-નિગમન પામી શકતા હોય તો મન-વાણીની હેશિયત જ નથી. વળી કળિયુગમાં અલ્પબુદ્ધિ તે શું વર્ણન કરી શકે, પણ સર્વના

ઉપરી મહાપ્રભુશ્રી સહજાનંદ સ્વામીના ચરણકમળ પ્રતાપે અમાપનો માપ લેવાની કોશિશ કરૂ છું. વળી સંપૂર્ણ તો નહિ જ **''લખુ દિશમાત્ર તે વિચારી રે''** આમકહી સ્વામીએ પ્રથમધામનું વર્ણન કર્યું છે જે ધામમાં પોતે વિરાજે છે સદાય સુખના દેનાર સુખસાગર સલુણા શ્યામકરોડો મુક્તો મધ્યે વિરાજમાન છે. જ્યાં કોઈ જીવ એકવાર પહોંચે તેને ફરી જન્મ-મરણ રે'તું જ નથી. પુનરાવૃત્તિ રે'તી નથી ''ગીતાકાર બોલે છે : 'न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः । यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥' જેનું વર્ણન જેણે જોયું હોય, અનુભવ્યું હોય તેજ વર્ણન કરી શકે.

ભગવાન સ્વામિનારાયણના ત્રીજા વંશજ ધર્મધુરંધરાચાર્ય ધર્મમાર્તંડ પ.પૂ. વિહારીલાલજી મહારાજે અદ્ભુત વર્ણન વસંતતિલકા છંદમાં કર્યું છે :-

**'કોટાન કોટી રવિ ચંદ્ર તણો પ્રકાશ,**
**ખદ્યોત તુલ્ય ન જણાય જ જેની પાસ ।**
**જેને સદૈવ શ્રુતિ બ્રહ્મપુરી કહે છે,**
**મુક્તો અનંત પણ અક્ષર જ્યાં રહે છે ॥**
**ત્યાં જાય તે પુનરજન્મ કદી ન પામે,**
**તે વ્યાધિ-આધિ તણી બાધી ઉપાધિ વામે ।'**

વળી ખૂદ શ્રી સ્વામિનારાયણ ભગવાને ઓરડાના જે ચાર પદ તે અંતર્ગત ૩-૪થા પદમાં ધામનું વર્ણન ને તે ધામમાં જવાય તેના ઉપાય બતાવ્યા છે. વળી ત્યાં ગયા પછી ત્યાં રે'વાય તે વિષે અદ્ભુત કહ્યુ છે. કોઈ ભક્તે પૂ. સદ્. આધારાનંદ સ્વામીને પૂછ્યું કે એ ભગવાન પોતાના ભક્તને ધામની ઝાંખી કેમકરાવતા નથી ? ત્યારે સ્વામીએ કહ્યું કે દેખાડે તો ગાંડા થઈ જવાય એટલે નથી દેખાડતા.

વળી ભક્ત પાત્ર થાય તેને દેખાડે છે તેવા અનેક, સંપ્રદાયમાં ઈતિહાસ છે. બોટાદના ભગા સોનીએ મહારાજને કહ્યું કે હે મહારાજ ! આપને કાયમરહેવાનું જે સ્થાન (ધામ) તે બતાવો તો મને આનંદ થાય ને સુખ આવે. મહારાજ કહે સોની તમારી વૃત્તિ હજુ આ લોકમાં ચોટેલી જણાય છે એટલે આ લોકમાં ધન-સંપત્તિ ભેગુ કરવાની તાલાવેલી રહે છે. માટે ભજન કરો સમય આવશે બધું જ દેખાશે.

''ઘણા લોકોને જ્યાં જાય ત્યાંથી એકજ તાન હોય કે 'આ મારા ઘરે હોય તો સારું' એટલે મે'માન થાય ત્યાંથી અમુક વસ્તુ થેલીમાં લેતા આવે. એક ભાઈ મે'માન થઈને ગયા હતા. તેમાં બે દિવસ ત્યાં રહ્યા ને ઘરધણીને કહે : હવે મારે સવારે વહેલા નીકળવું છે. એટલે વેલાસર મને જગાડજો. એટલે ઘરધણીને એમકે મે'માનને બસ ચૂકાશે તો તેનો દિવસ બગડે એટલે આલારામપ વાગ્યે મૂક્યો. વળી બસ ૫-૧૫ની છે. રાત્રે સૂતી વખતે આલારામમે'માનની આંખે ચડી ગયો. બધા સૂતા પછી આલારામમે'માને પોતાની થેલીમાં મુકી દીધોને ખોટુ-ખોટુ સૂઈ ગયા. ૪-૩૦ વાગ્યે જાગી દાતણ-પાણી કરીને ચાલવા ગયા ત્યારે ઘરધણી કહે કે તમારું ગામદૂર છે માટે શિરામણ કરી નીકળો એટલે મોડું થાય તો તકલીફ નહિ. હા-ના કરવા રહ્યા ત્યાં પાંચ વાગી ગયા ને થેલીમાં આલારામબોલ્યો એટલે થેલીને મે'માન બંને ધ્રુજે, પછી માફી માગી. કેવાનો ભાવાર્થ, જીવની પ્રકૃતિ છે કે ગમે ત્યાંથી લઈ આવીને કીડીની જેમપોતે જ્યાં રહેતો હોય ત્યાં જ ભેગુ કરે.

ભગા સોનીએ હઠ લીધી એટલે મહારાજે પોતાનો જમણો હાથ તરછોડ્યો ને બોલ્યા : ''જીવની દશાતો જુઓ, અમારા વચનમાં વિશ્વાસ નહિ એટલે તે સોની વિરજા નદીના કિનારે જઈ પડ્યો.'' વળી ડાબો હાથ તરછોડ્યો એટલે ગોલોકમાં ગયો ત્યાં પ્રભુએ એવુ દેખાડ્યુ કે સોનાનો ઓટો છે તેની ઉપર પ્રભુ બેઠા છે, તે ભગત ઓટા નજીક પગથિયા પાસે જઈને બેઠા. મહારાજ સામે નજર અને હાથ પગથિયાની ઈંટ ખેંચે; તે ખૂબ બળ કર્યું પણ ઈંટ નીકળી નહિ ને દેહમાં આવ્યા, પ્રભુને પગે લાગવા ગયા એટલે મહારાજ કહે પ્રથમસ્નાન કરતા આવો પછી અમારો સ્પર્શ કરજો. કે'વાનો ભાવાર્થ કે પાત્ર ન હોઈએ એટલે ધામદેખાડતા નથી ને જબરજસ્તીથી જો જોવાની ઈચ્છા કરે તો સોની જેવું થાય.

એક સમયે પ્રાતઃકાળે ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં ચોકમાં ઢોલિયા ઉપર રજાઈ ઓઢીને શ્રીજીમહારાજ વિરાજમાન હતા. તે વખતે કોઈક પોઠવાળો ચારણ માગવાને મિશે તે દરબારમાં આવ્યો. ત્યારે ત્યાં તેજનો પૂંજ જોઈને બોલ્યો : ''ઓ હો...હો...હો બાવાની ગોદડીમાં તેજ તો માતું નથી ! આ તો રાધાનો વર બેઠો છે, તેને કેમકોઈ જોતા નથી ?'' એટલે સોમલાખાચરને મહારાજે કહ્યુ : ''એને ના પાડો કે બોલે નહિ.'' ત્યારે સોમલાખાચરે ના પાડી તો પણ તે તો બોલ્યા જ કરતો હતો. એટલે શ્રીજી મહારાજે કહ્યું : ''એને કાઢી મૂકો. '' પછી સોમલાખાચરે તેને કાઢી મૂક્યો. તે બજારમાં બોલતો જાય કે 'શું બધા બેસી રહ્યા છો ? દાદાખાચરના દરબારમાં રાધાનો વર બેઠા છે તેનું તેજ માતુ નથી, શું જોતા નથી ?' એટલે ગામમાં જાહેરાત થઈ કે 'દાદાના દરબારમાં જે રહે છે એ સાક્ષાત્ ભગવાન છે' ને લોકો ટોળે-ટોળા દર્શન કરવા આવવા લાગ્યા.

જેણે પ્રભુને નિરખ્યા તેને ધામદેખાડ્યું, આવા તો કેટલાય પ્રસંગો છે. માટે મહારાજની મરજીથી ધામદેખાય તો જ સારૂ અને ન દેખાય તો વચનમાં રહી ભજન કરતા રહેવું. જ્યારે આપણે પાત્ર થશું ત્યારે આપણને ધામનહિ દેખાડે તો શું વચન લોપે તેને દેખાડશે ? અંતે એ ધામમાં જવાના જ. માટે કેફમાં જ ભજન કરવુ ને એક વાત જીવમાં (કાળજામાં) લખી લેવી કે જે વચન પાળશે તેને એ ધામમળશે જ. આ લોકનું સુખ દુઃખ તો પાંચ-પચીસ વર્ષ જ છે, બાકી ભક્તજનો ! આપણે જીવતા લાખના ને મૂવે સવા લાખના છીએ. (ક્રમશઃ)


**છપાય છે...છપાય છે...છપાય છે...**

વ્હાલા ભક્તજનો ! ટૂંકસમયમાં જ નિર્ણય છપાય છે તો જો આપ તેમાં પોતાનું નામ અથવા કંપની,ઓફિસ, ફેકટરી યા દુકાનનું નામ શુભેચ્છ તરીકે આપવા ઈચ્છતા હોય તેમણે નીચે જણાવ્યા પ્રમાણે સંપર્ક કરવો.

પૂ. ઘનશ્યામસ્વામી - વડતાલ મો. ૯૮૨૫૧ ૩૪૧૦૮
પ.ભ. શ્રી નનુમામા મો. ૯૮૨૫૨ ૩૪૩૬૨

**સંસ્કૃતિ ચિંતન**

સાધુ યોગેશ્વરદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
વડતાલ (હાલ- સરધાર)

અરે ઓ ! ભારતમાતાના ખમીરવંતા સંતાનો ! જાગો !

# ભારતીય સંસ્કૃતિ બચાવો

સંપ્રદાયના આક્રમકોની સામે ઝઝૂંમવું, વિકૃતિઓના વાયરામાંથી ભક્તોને ઊગારી લેવા સંઘર્ષ કરવો એજ જીવન છે. ગીતાજી આપણને કહે છે : 'कर्मण्येवाधिकारस्ते... ...मा फलेषु कदाचन' કર્મની અંદર – કાર્ય કરવામાં જ તારો અધિકાર છે. હાર કે જીતનાં વિચાર વિના તું ધર્મથી પ્રાપ્ત યુદ્ધ લડી લે. પરાયા ફળ વિશે તારો કોઈ અધિકાર નથી.

વર્તમાનકાળમાં ભોગભૂખની ભૂતાવળે માનવીય જીવનમાં સુખ અને શાંતિને હરામકર્યા છે. ભોગોની ભયંકર ભૂખ આજે ચારેબાજુ મર્યાદા મુકીને ફેલાઈ છે. માનવી પણ બધા જાણે સ્મશાને જઈને સૂતા, ક્યાંક 'ઓક્સિજન' ઉપર જીવવા લાગ્યાં. અક્ષરધામનું રીઝર્વેશન અશક્ય બનાવી દીધું ! મોક્ષને પામવું સો ગણું દુર્લભ કરી દીધું.

પુરુષે તોડી-ફોડી નાખ્યાં છે પરંપરાગત બંધનો ! મૂલ્યો અને ગૌરવો !

નારીએ લજ્જાનાં વસ્ત્રો ફેંકી દીધા છે, ભારે બહાદુરીપૂર્વક.

એક પાપ સાત વાર થાય કે હૈયું નઠોર બને...

એક પાપ ? સાત વ્યક્તિઓ કરતા દેખાય તે પાપ પ્રત્યેની અછૂતતા મટી જાય, સૂગ નીકળી જાય, ભય નિર્મૂળ થઈ જાય.

એક ગાડર પડ્યું ખાડામાં, ક્રમશઃ બધાં પડ્યા ખાડામાં...

એક માનવ પડ્યો અનાચારમાં તો બધા પડ્યા અનાચારમાં.

ભયાનક વેગથી ફેલાઈ ચૂક્યા છે ચેપ, રુશ્વતખોરી અને હરામખોરીના... મર્યાદાનાશના અને સાધુહીનતાના ત્યારે કોણ ઉગારશે સંપ્રદાયને ?

જ્યાં સંપ્રદાયના રખોપાઓ સંતો જ મોહ નિંદ્રા ખેંચી રહ્યાં છે, તે પણ બાદશાહી આનંદપૂર્વક...

જગાડનારા જ ઊંઘમાં છે.

યુવાનો જ જ્યાં વિષયસુખમાં શુદ્ધ-બુદ્ધ ખોઈ બેઠા છે.

યુવતીઓ જ શીલસંપન્ન માતા બનવાની પાત્રતા ખોઈને રૂપનો જુગાર ખેલી બેઠી છે.

તેમછતાં પણ આવા વિપરીત સંજોગોમાં હોંશ ગુમાવીને કોઈ પણ પ્રકારની પ્રતિક્રિયા કર્યા વિના જ માત્ર દૈહિકની જ પરવામાં પડ્યા રહીને 'હવે આમાંથી કોણ ઉગારશે ?' એટલો જ પ્રશ્ન ઉપસ્થિત કરવો એ પણ શું અસ્થાને નથી લાગતું ?

જ્યાં 'વાસના' જ સહુનું મીઠું જીવન બની હોય, જ્યાં ઘેલછા જ સર્વત્ર વ્યાપી હોય, જ્યાં 'ટોળાવાદ ઝિંદાબાદ'નાં ગગનભેદી નારાઓ ચાલતા હોય ત્યાં એ ટોળાનો તારણહાર કોણ બનશે ?

હા....ટોળાવાદનાં આવા ધસમસતા ઘોડાપૂરમાંય તે જરૂર ઊગરી શકે છે કે જેને ખરેખર ઊગરવું જ છે. તે તણાતા જગતના ત્રાસમાં પણ ઊગરી જશે.

આ ધસમસતા જળપ્રવાહની વચોવચ એક વડલો ઊભો છે. એની ઉપર એક માંચડો બાંધ્યો છે. ધર્મશાસનના એ માંચડાને જે વળગી પડે તે જરૂર ઊગરી જાય, દેશકાળ ગમે તેવો કપરો કેમન હોય પણ આટલું સદ્‌ભાગ્ય તો કોઈ પણ વ્યક્તિનું આજેય જીવંત છે. તે જો ધારે તો ટોળામાંથી છૂટો પડી શકે.

સંપ્રદાયના આક્રમકોની સામે ઝઝૂંમવું, વિકૃતિઓના વાયરામાંથી ભક્તોને ઊગારી લેવા સંઘર્ષ કરવો એજ જીવન છે. ગીતાજી આપણને કહે છે : '**कर्मण्येवाधिकारस्ते......मा फलेषु कदाचन**' કર્મની અંદર - કાર્ય કરવામાં જ તારો અધિકાર છે. હાર કે જીતનાં વિચાર વિના તું ધર્મથી પ્રાપ્ત યુદ્ધ લડી લે. પરાયા ફળ વિશે તારો કોઈ અધિકાર નથી.

धर्मध्वंसे क्रियालोपे स्वसिद्धांतार्थविप्लवे । अपृष्टेनापि शक्तेन वक्तव्यं तन्निषेधितुम् ॥

જ્યારે ધર્મમાર્ગનો ધ્વંસ થઈ રહ્યો હોય, મોક્ષલક્ષી ધર્મક્રિયાઓને 'જડ જડ' કહીને વગોવવામાં આવતી હોય, શાસ્ત્રના સિદ્ધાંતોનો લોપ કરાઈ રહ્યો હોય તે વખતે કોઈ માણસ તેનો વિરોધ કરવાની પ્રેરણા ન કરે તો પણ શક્તિશાળી સાધુઓ અને ભક્તો તેનો સર્વ ઉચિત રીતે નિષેધ કરવો જ જોઈએ.

ધર્મરક્ષા ખાતર શક્તિસંપન્ન સાધુઓએ કોઈને જોયા વગર આ અવસરે કૂદી પડીને ધર્મશાસનનું રક્ષણ કરવું જોઈએ.

ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભ એવા ધર્મશાસ્ત્રમાં પણ કહ્યું છે :

गुरुत्यागात् न भवेत् मोक्षं मंत्र त्यागात् दरिद्रता ।

गुरुमंत्र परित्यागी रौरवं नरकं व्रजेत् ॥ (સ્કંદપુરાણ/ગુરુગીતા)

ગુરુનો ત્યાગ કરવાથી મોક્ષ થતો નથી. ગુરુએ આપેલા મંત્રનો ત્યાગ કરવાથી દરિદ્રતા આવે છે. ગુરુ અને મંત્ર બંનેનો ત્યાગ કરનારો રૌરવ નામના નરકમાં પડે છે.

આજે વર્તમાનકાળમાં કોઈની વાતો માની લઈને લડાઈ બંધ કરીને બાપને બદલી નાખીએ તો ભાવિ પેઢીનું શું ?ભવિષ્યમાં અમારા પણ દૃષ્ટાંતો લઈને, સર્વસંમત સિદ્ધાંત દર્શાવીને ફાવે ત્યારે ધર્મના વડાઓને હાકી નાંખે, આ અમને હરગીજ મંજુર નથી. દેહ પડી જાય તો કુરબાન છે - કારણ કે તેથી તો ભવિષ્યમાં આવી લડાઈ થશે ત્યારે પણ સંસ્કૃતિ ઉપર ખરા ખપી જનારા મુમુક્ષુઓ અમારા નામો લઈને ધર્મયુદ્ધના મંડાણ માંડશે.

રામરાજ્ય સ્થાપવા પતિનો વિયોગ સીતાને મંજુર હતો. પરંતુ રાવણનો સાથ હરગીજ નામંજુર હતો.

શ્રીરામચંદ્રજી ભગવાનના વિરહમાં સીતાજી અશોકવાટીકામાં એકાકીપણે દિવસો પસાર કરી રહ્યા હતા. રાવણ કદાચ આજીવન સીતાનો દાસ બનીને રહેવાની પ્રતિજ્ઞા કરવા તૈયાર થાય તો પણ સીતાજીએ તેને મચક ન આપી, પણ તેની કંગાળ યાચનાઓને ધુત્કારી નાખી. રાવણની સખત શબ્દોમાં ખબર લઈ નાખી હતી.

આ બાજુ શ્રીરામચંદ્રજી ભગવાને સીતાની ભાળ મળી ગઈ હતી. પ્રાથમિક પ્રયત્નોમાં સફળતા ન મળી એટલે શ્રીરામચંદ્રજી ભગવાને લંકા ઉપર યુદ્ધ લઈ જવાની તૈયારીઓ આરંભી દીધી. લંકામાં ચોરે ને ચૌટે યુદ્ધની વાતો શરૂ થઈ ગઈ.

અશોકવાટીકામાં સીતાજીની ચોકી ભરતી રાક્ષસીઓને યુદ્ધના સમાચાર મળ્યા. સહુ ગમગીન બન્યા, નાહકનું આ યુદ્ધ શા માટે વહોરી લેવાય છે ? તે કોઈને સમજાતું નથી.

યુદ્ધોતર વિનાશનાં કરુણા દૃશ્યોની કલ્પનાથી એક વૃદ્ધ રાક્ષસી ધ્રુજી ગઈ હતી. તે જાતે સીતાજી પાસે ગઈ. યુદ્ધ અને તેના પરિણામોની ભયાનકતાનું ચિત્ર હૂબહુ રીતે તેણે રજૂ કર્યું. તેણીએ વણ પૂછ્યું જ કહી દીધું : ''હે મહાદેવી ! આ યુદ્ધમાં બંને પક્ષે ભયાનક ખુવારી થશે. એથી હજારો માતાઓ લાડકવાયાઓને ગુમાવી મહિનાઓ સુધી દિનરાત રુદન કરશે અને લાખો પત્નીઓ પોતાના પ્રિયતમોને ગુમાવીને વિધવા બનશે, સેંથાના સિંદુર ભૂંસાઈ જશે.''

''ઓ દેવી ! આપ સ્ત્રી છો તો પણ સ્ત્રીજાતિ ઉપરની આ આફત પ્રત્યે આપની હમદર્દી નથી ? શું લાખો સ્ત્રીઓના વિધવાપણાની આપ આરામથી કલ્પના કરી શકો છો ?''

ત્યારે ગંભીર વદને સીતાજી બોલ્યા : ''વૃદ્ધ માજી ! આ બધુંય મારા ખ્યાલમાં ન હોય તેવું બને ખરું ? મારો પ્રશ્ન તો એ છે કે આથી તમે મારી પાસે શું ઈચ્છો છો ? મને સ્પષ્ટ શબ્દોમાં જણાવો.''

''આજે વર્તમાનકાળમાં કોઈની વાતો માની લઈને લડાઈ બંધ કરીને બાપને બદલી નાખીએ તો ભાવિ પેઢીનું શું ?ભવિષ્યમાં અમારા પણ દૃષ્ટાંતો લઈને, સર્વસંમત સિદ્ધાંત દર્શાવીને ફાવે ત્યારે ધર્મના વડાઓને હાકી નાંખે, આ અમને હરગીજ મંજુર નથી. દેહ પડી જાય તો કુરબાન છે – કારણ કે તેથી તો ભવિષ્યમાં આવી લડાઈ થશે ત્યારે પણ સંસ્કૃતિ ઉપર ખરા ખપી જનારા મુમુક્ષુઓ અમારા નામો લઈને ધર્મયુદ્ધના મંડાણ માંડશે.''

રાક્ષસીએ કહ્યું : ''જો કે બોલતાં મારી જીભ ઉપડતી નથી. હિંમત કરીને મારો અભિપ્રાય સ્પષ્ટ શબ્દોમાં હું જણાવું છું કે જો યુદ્ધથી લાખો સ્ત્રીઓ વિધવા થતી હોય તો તેના કરતા બહેતર છે કે આપ લંકાપતિની ઈચ્છા પૂર્ણ કરો અને યુદ્ધને અટકાવી દો. ભલે તેમાં આપનું સતીત્ત્વ હણાશે પરંતુ 'લાખો વિધવા'ની સમસ્યા તો હલ થઈ જશે ! ઘણા મોટા અપાય(વિનાશ)નું નિવારણ કરવા માટે નાનકડા અપાયને વધાવી લો. એ આપદ્ધર્મ તરીકેનો સારો માર્ગ નથી શું ?''

સીતાજીએ કહ્યું : ''માજી ! તમારી સમજણ ઘણી સ્થૂળ છે. એથી જ તમને આવા વિચારો આવે છે. પણ તેમાં તમારો દોષ નથી. તમારા દેશોનો બૌદ્ધિક વિકાસ જેવો હોય એટલું જ તમને સમજાય. હવે મારી વાત સાંભળો. તમે જે 'લાખો વિધવા'નું નુકસાન જણાવ્યું તે મને માન્ય છે. પણ હવે આગળ વધીને મારે તમને પ્રશ્ન પૂછવા છે કે તમારી સૂચના મુજબ હું મારું સતીત્ત્વ ખતમકરું અને મારો દેહ સોંપી દઉં તો કદાચ યુદ્ધ બંધ થઈ જાય. પરંતુ જ્યારે જ્યારે જે સ્ત્રીઓ મારા જેવી પરિસ્થિતિનો ભોગ બનશે ત્યારે તે બધી સ્ત્રીઓ મારું દૃષ્ટાંત લેશે અને કહેશે કે રાજા રામની મહાસત્ત્વશાલિની સીતા પણ ઘણી ઝઝૂમવા છતાંય અંતે લાચાર બનીને જો લંકાપતિને શરણે ગઈ તો આપણું શું ગજું ? આવો વિચાર કરીને આર્યદેશની તે કન્યાઓ અને સ્ત્રીઓ પરપુરુષનાં ફંદામાં ફસાતાં જો તેને આધીન થવા લાગે તો ?''

આમ, કરોડો સ્ત્રીઓ કુલટા બનશે.

''હવે તમે જ મને કહો કે લાખોને વિધવા બનાવતો વિકલ્પ સ્વીકારવો કે કરોડોને કુલટા બનાવતા વિકલ્પની અભિમુખ બનવું ? તમે કોને પસંદ કરો છો ? હું તો ઈચ્છું છું કે એકેય વિકલ્પની સ્થિતિનું સર્જન ન થાય. કેમકે બંને વિકલ્પો સારા તો નથી જ, પરંતુ ન છૂટકે શું કરવું ? તેનું માર્ગદર્શન હવે તમે જ મને આપો.''

બિચારી ! રાક્ષસી ! શું બોલે ? સીતાજીની આ દૂરદર્શિતાથી તેનું માથું ઝૂકી ગયું. સીતાજીને પ્રણામકરીને કશુંય બોલ્યા વિના ત્યાંથી ચાલી ગઈ.

સીતાજીનું દૃષ્ટાંત લઈને કરોડો સ્ત્રીઓ કુલટા પાકે એના કરતાં લાખો સ્ત્રીઓનું વિધવાપણું આ આર્યદેશને મંજુર હતું.

આજે આ દૂરદર્શિત્વ નષ્ટપ્રાયઃ થઈ ચૂક્યું છે. માનવની ક્ષુલ્લક દૃષ્ટિએ ભારતીય સંસ્કૃતિનાં મહાવિનાશમાં ઘણો મોટો ફાળો નોંધાવ્યો છે.

અરે ! ગુરુને માથે રાખવા તો દૂર રહ્યા પણ આજે તો ગુરુના વ્યક્તિગત - સાહજીક એકાદ-બે દોષને આગળ કરીને ગુરુપરંપરા બદનામકરી નાખવાની એકપણ તક આજના દૃષ્ટિમંડળો જતી કરતા નથી. ગુરુતત્ત્વને લગતી ગૌરવયુક્ત બાબતોમાં તો કુટિલ ચાલ અવશ્ય રમી નાખે છે. પેલી કહેવત છે ને કે 'સિંહને ઠાર કરવો હોય તો લોક લાગણી પોતાની તરફેણમાં લાવવા માટે તેને નરભક્ષી

જાહેર કરવો પડે!'

જાગો ! મારા હિન્દુભાઈઓ ! અંગ્રેજો આ દેશની અંદર ધર્મસ્થાનોમાં ચૂંટણીનો એવો ભયંકર ઍટમબોમ્બ મુકતા ગયા છે કે જે હિન્દુ સંસ્કૃતિને પાયમાલ કરી નાખશે. ધર્મસ્થાનોમાં ચૂંટણી દ્વારા લડાવી મારવા એ અંગ્રેજોની કુટનીતિ છે. ભારત દેશ ધર્મહીન થતા અને પ્રજા સત્ત્વહીન થતા તથા સામર્થ્યહીન બની જતાં એ જ વખતે પ્રજાને એક લાફો મારીને આ દેશને કદાચ કબજે કરવો હશે તો તેઓ કરી શકશે. એવું પ્લાનીંગ કરીને અંગ્રેજો અહીંથી ગયા છે.

એ પ્લાનીંગ મુજબ ધર્મસ્થાનોમાં પણ હવે બહુમતીના જોરશોરમાં ચૂંટણીઓ યોજાવા લાગી છે.

પ્રજાસત્તાક ભારતનું જે વર્તમાન બંધારણ છે તેમાં ભારતીય પ્રજાનો કોઈ સૂર જણાતો નથી. ગોરાઓએ પોતાના એજન્ટ બનાવેલા કેટલાક પસંદગીના દેશીગોરાઓને (ભારતીયઓને) બોલાવીને બંધારણ સભા બનાવી દીધી. તે તમામદેશીગોરાઓએ વિદેશીઓના કહેવા મુજબ બંધારણ ઘડી નાંખ્યું. આથી જ બંધારણ સભાના પ્રમુખ ડો. બાબાસાહેબ આંબેડકરે જણાવ્યું હતું કે હું તો આમાં માત્ર રબર-સ્ટેમ્પનું કામકરતો હતો. બંધારણનો કાચો લેખ જોઈને મહાત્મા ગાંધીજી બોલ્યા હતા કે આતો સીતામૈયાને વિદેશી ફ્રોક પહેરાવ્યું હોય એવું લાગે છે. આમાં સીતામૈયા ક્યાં દેખાય છે?

આ દેશની પ્રજાને અને ધર્મસ્થાનને બધી રીતે પાયમાલ કરતું જે મુખ્ય તત્ત્વ છે તે બહુમત આધારીત ચૂંટણી પ્રથા છે. ઈ.સ. ૧૯૦૫માં વિદેશીઓએ આ તત્ત્વ ભારતીય પ્રજામાં ઘુસાડી દીધું છે.

ધર્મમાંથી ધર્મગુરુઓના વર્ચસ્વને તોડી નાખવામાં આવ્યા છે. આ માટે કેટલાક ધર્મગુરુઓને પણ જમાનાના ઝેર ખવરાવી દેવામાં આવ્યા છે. અને તેમના સૂક્ષ્મદોષોને પ્રજા સમક્ષ રજૂ કરીને તેમની હાંસી ઊડાવાઈ છે.

ધર્મગુરુઓની ગુરુશાહી તોડવા માટે ધર્મસ્થાનો અને ધર્મશાસ્ત્રની આજ્ઞાઓ ઉપર આ ચૂંટણી પ્રથાઓ દરેક ધર્મમાં ગોઠવી દેવામાં આવી છે. ચૂંટણી પ્રથા પોતપોતાના ધર્મોને નબળા પાડીને તોડવાનું કામકરતી રહી છે.

પારસી ધર્મમાં પંચાત ગોઠવાઈ ગઈ, મુસ્લિમોમાં મુસ્લિમલીગ સ્થપાઈ ગઈ, વૈષ્ણવોમાં વૈષ્ણવ બોર્ડ આવી ગયું. અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં કમિટી ટ્રસ્ટ આવી ગયું, શીખોમાં ગુરુદ્વારા કમિટી રચાઈ અને બૌધ્ધ ધર્મમાં મહાબોધિ સોસાયટીની સ્થાપના થઈ, જૈનોમાં પણ મહામંડળો સ્થપાઈ ગયા તેમજ તેરાપંથીમાં મહાસભા વગેરે ગોઠવાઈ ગયા છે.

બધેથી ધર્મવડા આચાર્ય ઊઠી ગયા છે. હા, એમને ઊઠાવી લેવામાં આવ્યા છે. જાણે કે એમને ફેંકી દેવાયા...

આમછતાં સદ્‌ભાગ્યે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં જમાનાવાદી માણસોના નિર્ણયો ચાલી શકતા નથી. તેમજ એ પરમાત્માની આજ્ઞા વિનાનું માત્ર આપખુદી વર્ચસ્વ પણ ક્યાં સુધી ટકશે. એ હવે કહી શકાય તેમનથી.

જ્યાં જ્યાં ચૂંટણી પ્રવેશી છે, ત્યાં ત્યાં ધર્મશાસ્ત્રોનો નાશ થયો છે. બહુમતવાદનાં માણસો નીચે જમાનાવાદી સાધુઓનું જોર જામી ગયું હોય પછી ધર્મશાસ્ત્રની વાતો ઊંચકીને ફેંકી દેવામાં વાર શી લાગે?

ફ્રાન્સને આઝાદી અને વિચારોનું મહત્ત્વ સમજાવનાર ફિલસૂલ અને રાજકારણી વોલ્ટરની પત્નીને સંતનો દંભ કરનાર માર્કવીસ લેમ્બેર્ટ ધર્મના નામે ભોળવીને ઝુંટવી ગયો ત્યારે સ્વાતંત્ર્યચિંતક ગાંધીજીના સમાન વોલ્ટરે કહેલું કે 'વ્હેન વન્સ એ નેશન બીગીન્સ ટુ થીંક ઈટ ઈઝ ઈમ્પોસીબલ ટુ સ્ટોપ ઈટ' આ સૂત્ર ભારતવાસીઓએ કાયમયાદ રાખવું જોઈએ. ધર્મના નામે કોઈ પક્ષ સત્તા મેળવી ભ્રષ્ટાચાર કરે તો તેને જાનને જોખમે પણ ઊથલાવવી પડશે.

હજી કદાચ ધોળે દિવસે આકાશમાંથી તારા તોડી લાવવા સહેલા છે. પરંતુ મોક્ષલક્ષી ચાર પુરુષાર્થના પાયા વિનાની ચૂંટણીના તંત્ર દ્વારા પ્રજામાં ધર્મ ઉત્થાનની આશા અસંભવિત છે.

એક જ અર્જુન કે ચાણક્ય પેદા થઈ જાય, એક જ પ્રતાપ કે શિવાજી જન્મી જાય, એક જ ભગતસિંહ કે ચંદ્રશેખર આઝાદ કબરમાંથી બેઠો થઈ જાય, એક જ જટાયુ કે જોબનપગી ધરતી ઉપર ધસી આવે તો, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની રોનક બદલાઈ જાય.

આજે હિન્દુસ્તાનમાંથી ધર્મતત્ત્વની અને ગુરુતત્ત્વની નાબુદી કરવામાં આવી છે. દેશને **Secular State** (સેક્યુલર સ્ટેટ) જાહેર કરીને ધર્મને ખૂબીપૂર્વક ઊડાવી દેવામાં આવ્યો છે. સરકારી સ્તર ઉપરથી એમસમજાવામાં આવી રહ્યું છે કે અમે તો સર્વધર્મને સમાન માનીએ છીએ. માટે જ અમે દેશને 'સેક્યુલર સ્ટેટ' જાહેર કર્યો છે. સેક્યુલર સ્ટેટનો અર્થ ધર્મનો નાશ નહિ પણ સર્વધર્મ સમન્વય છે વગેરે...

પરંતુ આ બધા તદ્દન જુઠાં આશ્વાસનો છે. આ રીતે પ્રજાને આંખે પાટા બાંધવામાં આવી રહ્યા છે. ધર્મનો નાશ કરવા માટે જ ભારતને 'સેક્યુલર સ્ટેટ' જાહેર કરવામાં આવે છે. જો આમન હોય તો ધાર્મિક સંસ્થાઓ ઉપરનું સર્વશ્રેષ્ઠ ધર્મવડાઓનું સ્થાન શા માટે ઊઠાવી લેવાયું ? માત્ર સામાજીક ટ્રસ્ટોની માફક ઐહિક પારલૌકિક હિતકારી દેવમંદિરો વગેરે ધાર્મિક ટ્રસ્ટોમાં દાનને કરમુક્તિ શા માટે આપવામાં આવતી નથી ? જે સંસ્થાઓને ધર્મ સાથે કશું લાગતું વળગતું નથી એવી અનેક સામાજિક જાહેર સંસ્થાઓના દાનને અને કામોત્તેજક સિનેમા ટોકીઝ વિડિયાઓને કરમુક્તિ આપવામાં આવે છે. અને ધાર્મિક ટ્રષ્ટને જ તેમાંથી બાકાત રાખવામાં આવે છે. એવું શા માટે ? જોતા આવડે તો તમે તમારા ચર્મચક્ષુથી જોઈ શકો છો. ધર્મસ્થાનો આજે બરબાદ થઈરહ્યા છે. એક અંગ્રેજના વડાએ કહ્યું છે કે:-

**'To Kill People, Kill Sanskrity**
**To Kill Sanskrity, Kill Temple.**

જો તમારે કોઈ દેશની પ્રજાને ખતમકરવી હોય તો તેની જીવનદોરી સમી વંશવારસાગત ચાલી આવતી સંસ્કૃતિને ખતમકરો. અને જો તમારે તે સંસ્કૃતિને ખતમકરવી હોય તો તેને જીવાડતા મંદિરને જ ખતમકરો. અંગ્રેજની આ વાત કેટલી ભયંકર છે!

સંસ્કૃતિનો નાશ કરવામાં આવે એટલે તેની પ્રજા સાફ થઈ જ જાય. પછી પ્રજાને ખતમકરવા માટે અણુબોમ્બ કે ઍટમબોમ્બ ફેંકવાની જરૂર જ ન રહે. સંસ્કૃતિ ખલાસ થઈ જાય તો કોઈ

ઉચ્ચકોટિના મહાપુરુષોનો આ ધરતી ઉપર જન્મજ ન થાય. આ રીતે સંસ્કૃતિના નાશ દ્વારા જ પ્રજાનો નાશ થઈ જાય.

અને સંસ્કૃતિનો નાશ કરવા માટે તે અંગ્રેજ કહે છે કે મંદિરનો પ્રથમનાશ કરો. તે મંદિર દ્વારાજ સંસ્કૃતિ અને ગુરુઓ જીવંત છે. આથી જો ભ્રષ્ટાચાર અને વિકૃતિ દ્વારા મંદિરોની અને ગુરુપરંપરાઓની પવિત્રતા નષ્ટ કરાય. તો એ મંદિર ભલે ઊભા રહે. (ખંડિયેર ન બને) તોપણ એ પ્રાણ વિનાના મડદા જેવા થયેલા મંદિરો સંસ્કૃતિના અને ગુરુઓના જીવંત ધામો કદી બની શકનાર નથી.

પોતાના ધર્મના પ્રચાર માટે મુસ્લિમો માથા કાપે છે, ખ્રીસ્તીઓ માથુ મંત્રી શિક્ષિતોની પણ બુદ્ધિ ફેરવી નાખે છે.

ધર્મપ્રધાન ચાર પુરુષાર્થની સંસ્કૃતિને જીવાડવા પ્રજાને ભોગ આપવો પડે તો તે પણ આપવો જ રહ્યો. જેમમાછલીને જીવાડવા માટે તળાવનું પાણી રાખવું જરૂરી બને છે. પાણી સુકાઈ જાય તો માછલી જીવી શકે જ નહિ. એમપ્રજારૂપી માછલીએ જીવતા રહેવું હોય તો સંસ્કૃતિરૂપી પાણી ટકાવવું જ પડશે. સંસ્કૃતિ વગરની પ્રજા પાણી વગરની માછલીની જેમ, પવિત્રતાનું લાંબુ જીવન જીવી શકે નહિ.

પરંતુ જો મોક્ષમૂલક શાસ્ત્રોને વફાદાર રહીશું તો આપણો વાળ વાંકો કરવાની તાકાત કોઈ ધરાવતું નથી. અન્યથા મૂળ સંપ્રદાય સર્વનાશની ભયાનક ખીણોના આરે એકજ સૈકામાં આવીને ઊભો રહેશે એ સ્પષ્ટ દેખાય છે. આ વાતને આજે નહિ સમજનારાની તે દિવસે આંખ ખુલશે, પરંતુ ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે.

પણ મને વિશ્વાસ છે કે જ્યાં સુધી શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન વગેરે પ્રથમકક્ષાના ગ્રંથોની સાથે સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણના વરદહસ્તે લખાયેલો 'દેશવિભાગનો લેખ' જીવંત છે અને તેને અનુસરરનારા સંતો-ભક્તોનો સમુદાય છે ત્યાં સુધી ભક્તોના હૃદયે લાખ-લાખ સિંહાસનો ઉપર ધર્મસમ્રાટ વિદ્યમાન પ.પૂ. સનાતન ધર્મધુરંધર ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ વિરાજમાન રહેશે જ.

જ્યાં સુધી લાખો હૈયાની ધરતી ઉપર એ ધર્મસમ્રાટ વિહરી રહ્યા હશે ત્યાં સુધી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ભવ્ય ભાવિને વેરવિખેર કરીને ખતમકરી નાખવાની તાકાત કોઈનામાં નથી. રશિયા-અમેરિકાની સલ્તનત ભેગી થઈને પણ એ તાકાત પામી શકે તેમનથી.

રાષ્ટ્રને, સંસ્કૃતિને કે ધર્મશાસનને વફાદાર રહેનારાઓને કેટલી ગાળો ખાવી પડે છે ? કેટલું કેટલું ખમવું પડે છે ? બહુજ બને. સારા અને સાચા માણસોના માથે માછલા ધોનારાઓ આ સમાજમાં હંમેશને માટે રહેવાના...રહેવાના...ને રહેવાના જ છે.

પણ જેને સંસ્કૃતિ કોઈપણ હિસાબે બચાવવી જ છે, તેને આ વાત હૈયે જડબેસલાક બેસી જાય તો એકલવીર બનીને પોતાનું કર્તવ્ય બજાવે. ગીરના જંગલમાં પણ સિંહના ટોળા ક્યારેય હતા નહિ અને ભવિષ્યમાં હશે પણ નહિ...!!! અસ્તુ જય શ્રી સ્વામિનારાયણ...


ભગવાન શ્રી સ્વામિનારાયણ

:: સંસ્થાપકશ્રી ::

:: અધ્યક્ષશ્રી ::

:: પ્રયોજક ::

:: પ્રકાશક ::

:: ઓનલાઈન મેમ્બરશીપ ::

:: ઓનલાઈન સ્ટોર ::

:: ઓનલાઈન ડોનેશન ::

:: પાછલા અંકો ::

:: અભયદાન સત્સંગ ::

:: સંપર્ક હેતુ ::

## સર્વે હરિભક્તોને ઘેર બેઠાં સત્સંગનો દિવ્ય લ્હાવો

વ્હાલા ભક્તજનો ! સર્વાવતારી, સર્વોપરી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે આપણને ગ.અં. પ્ર. ૨૪માં વચનામૃતમાં સ્પષ્ટ કહ્યું છે કે, 'જેને કથા-વાર્તાનું અંગ નહિ હોય તેની કોરની એમ અટકળ કરવી કે તેની વિષે મોક્ષકારી રૂડા ગુણ નહિ આવે.' માટે તો સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી પોતાના કીર્તનમાં કહે છે કે :-**'સંત સમાગમકીજે હો નિશદિન, સંત સમાગમકીજે.'** પરંતુ અત્યારે કળિયુગમાં નિત્ય સંતોનો સમાગમ મળવો અશક્ય છે. તેમજ ધમાલીયા જીવનમાં સમય કાઢીને સાચા સંતો સુધી પહોંચી કથા-વાર્તાનો લાભ લેવો પણ મુશ્કેલ છે. ત્યારે આવા આશીર્વાદસમા આધુનિક યુગમાં 'ઈન્ટરનેટ'ની સુવિધાથી આપ ઘેર બેઠા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની આશીર્વાત્મક આજ્ઞાથી સરધાર મંદિર દ્વારા પ્રકાશિત 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' અંકના ઓનલાઈન ગ્રાહક તેમજ ઓનલાઈન અંકને માણી શકશો. અને સાથે સાથે ઓનલાઈન સરધાર મંદિર દ્વારા પ્રસ્તુત પ.પૂ. લાલજી મહારાજની અમૃતવાણી, પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા અન્ય ધુન-કીર્તનની **VCD, MP3 & Audio Sassette** અને ધાર્મિક પુસ્તકો તેમજ પૂજા-સામગ્રી આદિક સાહિત્ય હવે તમો ઘેર બેઠાં વસાવી શકશો. તો આજે જ કલીક કરો...

**www.chintansardhar.com**

**તીર્થ મહિમા ચિંતન - ૩**

લેખક :- પૂ. પુરાણી શ્રી શ્રીહરિદાસજી
વડતાલ (હાલ - વરજાંગ જાળિયા કોઠારીશ્રી)

### સોરઠની પંચતીર્થનું દર્શ નીય દિવ્યધામઃ વરજાંગ જાળીયા

### "સંક્ષિપ્ત મહિમા"

# શ્રીહરિનું મંદવાડ ગ્રહણ સ્થાન

ગતાંકથી ચાલુ.....

હીરાભાઈ તો મહારાજ પધાર્યા એટલે અત્યંત આનંદમાં આવી ગયા. પરંતુ મહારાજે પણ હીરાભાઈને સરાણે ચડાવવા માટે તેમને કહ્યું : "હીરાભાઈ ! અમારે એક માસ સુધી મંદવાડ ગ્રહણ કરવો છે. તમે જો સેવા કરો તો અહીં રહીએ. અમે બધે ફર્યા પણ કોઈ અમારી રુચિ જાણી શક્યું નહીં એટલે અહીં આવ્યા છીએ."

હીરાભાઈએ કહ્યું : "મહારાજ ! મારાં અહોભાગ્ય કે આપની સેવા મને મળશે. આપ ખુશીથી અહીં બિરાજો."

મહારાજે તરત જ કહ્યું : "અમારે રહેવા માટે શાંત વાતાવરણવાળું એકાંત જગ્યા જોઈશે."

તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! મારું બીજું ઘર બાજુમાં ઉત્તરાભિમુખનું છે. તેની પાછળ વાડો પણ છે તો આપને ત્યાં અનુકૂળ પડશે."

મહારાજ તરત ઊઠ્યા અને તે ઘર જોવા પધાર્યા. એકાંત સ્થાનમાં ઘર તથા પાછળ વાડો જોઈ મહારાજ બહુ જ રાજી થયા. તેમણે કહ્યું : "અહીં હવે ઢોલિયો પાથરી દ્યો."

**- હીરાભાઈને ત્યાં મહારાજ મંદવાડ ગ્રહણ કરે છે...**

હીરાભાઈએ મહારાજ માટે ઢોલિયો, ગાદલું, રજાઈ, તકિયો, ઓશીકું, પાણી માટે નવી માટલી, રસોઈ માટે સામગ્રી વગેરે જે કાંઈ જરૂરીયાત વસ્તુઓનું તમામસગવડ કરી દીધી. તેમના પત્ની પણ સેવામાં તત્પર બની ગયા. મહારાજ સાથે મુકુંદાનંદ વર્ણી, ભગુજી તથા નાજા જોગિયા હતા. તે આ લીલા મૂંગે મોઢે જોતા હતા. તેમને વિચાર થયો : "આપણે ગઢપુરથી નીકળીને અહીં સુધી સાથે ફર્યા અને મહારાજની પ્રકૃતિ જરા પણ અસ્વસ્થ નથી છતાં મહારાજે શું લીલા આદરી ! તેઓ બધી તૈયારીઓ થતી જોઈ રહ્યા.

એકાએક મહારાજ ઊઠીને ઢોલિયામાં પોઢ્યા અને શરીરમાં જાણે કાળજ્વર વ્યાપ્યો હોય તેમમહારાજનું આખું શરીર લાલ લાલ થઈ ગયું ! ભગુજીએ મહારાજને કપાળે હાથ મૂક્યો ત્યાં તો ધગેલ લોઢીના જેવું ગરમમહારાજનું કપાળ તેને લાગ્યું. મહારાજનું આખું અંગ ધ્રૂજતું હતું. મહારાજે કહ્યું : "શું જોઈ રહ્યા છો ? ગોદડાં ઓઢાડો !"

મહારાજે આવો તીવ્ર જ્વર ગ્રહણ કર્યો તેથી જ બંને પાર્ષદો શૂરવીર હતા છતાં ગભરાઈ ગયા. તેમના મનમાં થયું : આપણે બે જ સાથે છીએ, બીજા કોઈને આ મંદવાડની ખબર નથી અને મહારાજ જો કોઈ અકળ લીલા કરશે તો આખો સત્સંગ આપણા માથે છાણાં થાપશે. તેથી તેમણે ધીરે રહીને મહારાજને પૂછ્યું : "મહારાજ ! મંદવાડના સમાચાર સત્સંગમાં મોટેરા હરિભક્તોને મોકલીએ ?"

આ સાભળી મહારાજ એકદમગુસ્સે થઈ ગયા. તેમણે કહ્યું : "એવા ખબર બધાને આપવાના હોત તો ઠેઠ સોરઠમાં વરજાંગ જાળિયામાં આવીને મંદવાડ શું કામગ્રહણ કરત ? તમારે સેવામાં રહેવું હોય તો રહો નહીં તો તમેય ચાલવા માંડો !"

જેવો મહારાજનો જ્વર તીવ્ર હતો, તેવો જ મહારાજનો આ પુણ્યપ્રકોપ પણ જલદ હતો. બંને હાથ જોડી ગયા અને કાંઈ બોલી શક્યા નહીં. મુકુંદ બ્રહ્મચારીએ તેમને ધીરેથી કહ્યું : "હમાણાં મહારાજને વધારે બોલાવવા જેવા નથી."

**- મંદવાડની તીવ્રતા**

ધીરે ધીરે મહારાજને મંદવાડનું જોર વધતું ગયું. અન્નનો ત્યાગ કરી દીધો. આથી, શરીરમાં અશક્તિ ઘણી આવી ગઈ. સેવકો ઉપાડીને સ્નાન કરાવવા લઈ જતા. આ રીતે મહારાને લગભગ અગિયાર ઉપવાસ થયા. મહારાજના આ તીવ્ર મંદવાડની વાત સત્સંગમાં પ્રસરવા લાગી એટલે મુક્તાનંદ સ્વામી એકદમતેમના મંડળને જે ગામડાંઓમાં ઉપદેશ અર્થે વિચરણ કરવાનું હતું ત્યાં મોકલીને એક સાધુ સાથે મહારાજને જોવા આવી ગયા. બીજા પણ આજુબાજુનાં ગામનાં ઘણા હરિભક્તો મહારાજને જોવા આવવા લાગ્યા. મહારાજને તેમને જુએ અને તેમના મનમાં થતા સંકલ્પો કહેવા માંડે. કોઈને સારા સંકલ્પો થતા હોય અને કોઈને ભૂંડા સંકલ્પો પણ થતા હોય ! પણ મહારાજ તો જેમજણાય તેમકહેવા માંડ્યા, આથી ઘણા ભક્તોને ત્યાં બેસવાનો સંકોચ થવા લાગ્યો. પછી મુક્તાનંદ સ્વામીએ મહારાજને હાથ જોડીને કહ્યું : " હે કૃપાનાથ ! જીવ તો એવા જ હોય. આ મન માંકડા જેવું હોય છે એટલે ગમે તેમકૂદાકૂદ કરે, પણ તેમના આચરણમાં સંયમહોય એટલે સત્સંગી તરીકે તે શોભે. માટે દયાળુ ! આપ જો બધાના સંકલ્પ કહેવા માંડશો તો હરિભક્તોને અહીં આવતાં મૂંઝવણ થશે."

આ સાંભળી મહારાજે સ્વામી સામે જોયું અને કહ્યું : "એમછે ? તો હવે અમે નહીં બોલીએ."

મહારાજની સેવા હીરાભાઈની સ્ત્રી કલુબાઈ તથા સાંગા બાબરીયાની સ્ત્રી રતન, કાથડ બાબરીયાની સ્ત્રી કુંવરબાઈ, નગા બાબરીયાની સ્ત્રી પરમાબાઈ તેમજ પ્રેમબાઈ સોનારણ તથા ગલુબાઈ સુથારણ વગેરે કરતાં હતાં. મહારાજ માટે જાતજાતની વાનગીઓ બનાવીને તેઓ લાવતા. બ્રહ્મચારી મહારાજને જમવાનું કહેતા ત્યારે મહારાજ કહેતા : "રાધા, લક્ષ્મી જેવી સ્ત્રીઓ અમારા માટે રોજ ભાતભાતના થાળ લાવે છે, પણ અમે તે અંગીકાર કરતા જ નથી. અમને જમવાની રુચિ જ થતી નથી." આ સાંભળી સૌ હતાશ થઈ જતા.

(ક્રમશઃ)

**સંત-ચારિત્ર્ય ચિંતન**

પા. કરશન ભગત
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
(સરધાર)

## મારા વ્હાલા ! આવો અવસર ફરી મળવો બહુજ કઠણ છે

# સંતના જીવનનું સામર્થ્ય અને વ્હાલપનાં વેણ

વહાલા ભક્તો ! એક વખત માંડવધારમાં હરિભક્તોએ શેરડી પીલવા ચીસોડો ચાલુ કર્યો હતો. ત્યાં એંશી બાવાની જમાત આવીને હરિજનની વાડીએ પડાવ નાખ્યો. પછી હરિજનને એક મહંતે કહ્યું કે, પટેલ એંશી કડા ગોળ આપો નહિ તો તમારો ચીસોડો બંધ કરી દઈશ. પછી પટેલ મૂંજાણા. હવે શું કરવું ? ત્યારે એક હરિજને કહ્યું કે, ચાલો આપણે ગઢપુર જઈએ અને મહારાજને વાત કરીએ. પછી હરિજન સૌ પ્રયાણ કરીને ગઢપુર ગયા.

ત્યાં મહારાજને ધબકતે હૃદયે વાત કરી. મહારાજ અમારે શેરડી પીલવાનો ચીસોડો ચાલે છે. એંશી બાવાની જમાત આવીને પડાવ નાખ્યો છે ને જમાતના મહંતે કહ્યું કે, પટેલ એંશી કડા ગોળ આપ. નહિતર આ તારો ચીસોડો બંધ કરી દઈશ. આવુ દુઃખ આવી પડ્યું છે. પછી મહારાજ કહે કે, તમો સચ્ચિદાનંદ સ્વામીને બોલાવી જાવ. પછી સચ્ચિદાનંદ સ્વામી માંડવધાર ગયા ત્યાં તો બાવો કહે કે, હું ગોળની કડામાં બેસું. ત્યારે સચ્ચિદાનંદ સ્વામી કહે કે, હું ચુલ્યમાં બેસું તો પણ દાઝીશ નહિ. એમકહીને કાચા સુતરની દડી મંગાવી. તેનો એક છેડો લઈને ચીસોડાની જાંગીએ બાંધ્યો અને બીજો પોતાની કેડે બાંધ્યો. પછી સ્વામીએ કહ્યું કે બે જણા શેરડી ઓરો અને પોતે માંડ્યા એકદમચાલવા, તેથી રસનો ધોરીયો માંડ્યો છલકવા; પછી બાવાને સ્વામીએ કહ્યું કે આમચીસોડો ચલાવો તો ગોળ મળે આતો લોઢાના ચણા છે અને કોણીનો ગોળ છે. તમારે એમકે એંશી જણા જઈને પટેલ પાશેથી એંશી કડા ગોળ દબાવીને લઈ લઈએ. આ બધા તમારા જેવા બાવા સમજતા નહિ. આતો સ્વામીનારાયણના સાધુ છે. તમો ઘર ભુલ્યા, એટલું બોલ્યા ત્યાં તો જોળીયુ ખંભે નાખતા ચાલી નીસર્યા.

વ્હાલા ભક્તો ! આવા સમર્થ સાધુ આ સંપ્રદાયમાં હજી પણ છે તો આવા સાધુને ઓળખીને સમાગમકરી લ્યો. મારા વ્હાલા આવો અવસર ફરી મળવો બહુજ કઠણ છે. આ મનુષ્ય દેહ દેવને પણ અતિ દુર્લભ છે. એ આપણને સે'જે મળ્યો છે. તેની આપણને ખબર નથી અને મહિમા સમજાણો નથી. મારા વ્હાલા ! કાળજ્યા કેરો કટકો મારો હાથથી છુટી ગયો. એ આજ મારો લાડ ખજાનો લુંટાય ગયો. વ્હાલા ભગતો હજી આ દેહ આપણને મળ્યો છે તે વેડફી નાખવાનો નથી. મહારાજે આ અવનીમાં મોકલ્યા છે તો આપણે એવો અભિનય આપવો જોઈ કે મહારાજ અને સંતો ખૂબજ રાજી થાય કે ધન્ય છે ! ધન્ય છે. આવા મુમુક્ષુ જીવ આ અવનીમાં જન્મીને પોતાનું તો કલ્યાણ કરે પણ એની એકોતેર પેઢીને તારે;


માટે મારા વ્હાલા ! આ અવસર ચૂકશો મા. 'ખાતા-પીતા, હરતા-ફરતા કાળ વસે છે પાસેજી, જ્યારે ત્યારે પકડી લેશે કહ્યું છે નારણદાસેજી.' ઓહોહો ! મારા વ્હાલા આવા શબ્દો સંતોના હૃદયમાંથી સરી પડે છે એને તમો વિચારજો. અરેરે ! હું આવ્યો ત્યારે ખાલી હાથે આવ્યો, જઈશ ત્યારે પણ ખાલી હાથે જ જવાનુ છે. હજી બાજી હાથમાં છે. મૂંજાશો નહિ. મારા વ્હાલા ખબડદાર થઈને મંડી પડજ્યો. મહારાજ બહુજ દયાળુ છે. મોક્ષના દ્વાર ખુલ્લા મુકી દીધા છે. 'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ.' આહાહા શું વાત કરવી. વ્હાલા ભક્તો ! મહારાજે આ અવનીમાં આવીને કેટલો દાખડો કરીને સંતો એકાંતિક કર્યા. મારા વાલા કાંઈક વિચારજ્યો. આવા સંતોને સાથે લાવ્યા, એટલુ જ નહિ પણ હજુ એવા સંતો છે. હજી બારણા બંધ નથી કર્યા.

મારા વ્હાલા ! મારા વીહામા ! પણ ઓળખવા તો આપણે જ પડશે ! માટે મારા વ્હાલા આટલી કથા-પારાયણું થાય, શિબિર(છાવણી) થાય અને સત્સંગના ઢોલ નગારા વાગ્યા છે અને હજી આપણી નિંદ્રા નથી ઉડતી. એનું કારણ શું છે ? તે પૂર્વેના પુન્ય ઘટે છે કે માયાનો પછેડો ઓઢાય ગયો છે. મારા વ્હાલા હવે તો પછેડા નાખી દઈને સંતનો સમાગમકરી લ્યો. નહિતર ઓલ્યા યમરાજાના પાર્ષદો ભેટશે ને તો મારી મારી તોડી નાખશે. ત્યાં સગા-કુટુંબી કોઈ આડુ ફરવા નહિ આવે અને પછી મારા વ્હાલા રોયે પાર નઈ આવે માટે આવો મનુષ્ય દેહ મળ્યો છે તેને તમો ઓળખી લેજ્યો ફરી આ દેહ ક્યારે મળશે એની ખબર નહિ હોય; સાડા ત્રણ કરોડ બ્રહ્મા પડી જાય ત્યારે આપણા આ અવનીમાં આપણા પગલા થાય છે. આ એકમદશકથી ગણતરી કરજ્યો. ક્યારેક એકલા બેઠા હો ત્યારે વિચારજ્યો કે હવે ભગવાન ભજવા છે, પરંતુ આ માયા ચુથવી નથી. અરેરે ! મારા વ્હાલા ફરી ફરીને કહું છું કે ઘણા જન્મલીધા પણ ક્યારેય આ જીવને ભગવાન સાંભર્યા નથી અને જો સાંભર્યા હોય તો ફરી આપણે અહીં આવ્યા ન હોત. માટે આજ ફેરે આ સર્વોપરી ભગવાન અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તેમજ સંતો મળ્યા છે, માટે હવે ફરીને આ પાહટાણ (દુઃખ ભરેલી માયાનો વિસ્તાર) કરવા નથી આવવુ. આવી મનમાં ગાઠ્ય વાળી લે જ્યો. મારા વ્હાલા ! 'સજની મનડે વાળી ગાંઠ્ય, ટુટે પણ છુટે નહિ રે લોલ' એ મારા વ્હાલા ! આ સંતો-ભક્તોના દાડા સામું જોજ્યો. તમારા હૃદયમાં સર્વોપરી ભગવાન રેડવા છે. કથા અને છાવણી અને ગામડે ગામડે સંતો-પાર્ષદો સત્સંગ કરાવવા ફરે, ભુખ્યા તરસ્યા અને ઉજાગરા કરી કોઈ વાતે જીવાત્માને જગાડવા મહેનત કરે છે. આવુ કાંઈક વિચારીને હૃદયમાં ઉતારજ્યો અને મારા વ્હાલા ! હવે જાગી જાજ્યો. હવે ક્યાં સુધી ઊંઘવુ છે. ઘણા જન્મઊંઘ્યા અને ખાધુ-પીધુ અને ભોગ ભોગવ્યા તો પણ હજી આ જીવ ધરાણો નથી તો કેટલાક જન્મલેવા છે. એ જાગો મારા વ્હાલા જાગો...!! જરૂર જાગી જાવો ! ભગવાનનાં ધામમાં પહોંચવું છે એવી ભાવના સાથે....

જય શ્રી સ્વામિનારાયણ...

પાર્ષદ રાજુ ભગત તથા મયુર ભગત
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી વડતાલ
(હાલ- સરધાર)

# સત્સંગ શબ્દજ્ઞાન મનોરંજન



## આડી ચાવીઓ

૧. ચૌદ લોકના આ બ્રહ્માંડમાં આત્યંતિક કલ્યાણ માટેનો સર્વ શ્રેષ્ઠ લોક. (૩)
૩. વચ. લો.૫ માં મહારાજ કહે : દંભે કરીને વર્તમાન હોય તે તો જ્યારે પ્રતિષ્ઠાનો ભંગ થાય ત્યારે એનો.......કળાય, નહિ તો ન કળાય. (૨)
૫. શ્રીમદ્ ભાગવત શાસ્ત્રમાં કુલ કેટલા સ્કંધ છે. (બાર, આઠ, સોળ) (૨)
૬. ગુરુવર્ય રામાનંદ સ્વામી વારંવાર કહેતા કે ‘હું કેવળ......ડુગીનો વગાડનારો છું’ (૨)
૭. મહારાજે આચાર્યપદની સ્થાપના..........ગામમાં કરી હતી. (૪)
૧૦. શ્રીજી મહારાજના અનન્ય ભક્ત અને મેંગણી ગામના દરબાર. (૩)
૧૧. શ્વાસ રૂક જાયેગી ચલતે ચલતે .......બુઝ જાયેગી જલતે જલતે, ક્યાં ભરોસા હૈ ઈસ જીંદગી કા. (૨)
૧૨. આપણા સંપ્રદાયના નરસિંહ મહેતાનું ગામ. (૪)
૧૩. અમોઘાનંદ સ્વામીના સમાગમથી વૈકુંઠમાં ગયેલા ભાઈલાલભાઈ ગામ. (૩)
૧૪. સૌના.......નિયંતા સ્વામી રે સૌ ધામતણા પણ ધામી રે. (૨)
૧૫. છ મંદિરોમાંથી જૂનાગઢ મંદિરની એકની જ પ્રતિષ્ઠા......પક્ષમાં થઈ છે. (સુદ, વદ) (૨)
૧૭. વડોદરાના એક ગરીબ એવા મહારાજના એકાંતિક ભક્ત. (૨)
૧૮. હમતો એક સહજાનંદ સહજાનંદ ગાવે, .......મન સ્વામિનારાયણ દૂસરો ન ભાવે. (૩)
૧૯. મારા જનને.......જરૂર આવવું, બિરૂદ એ મારું ન બદલે એમસર્વ જનને જણાવવું. (૨)
૨૦. શોધી સાર સર્વે તણો લઈ લેવો લાભ લાલચ્યે કરી, આવ્યો અવસર ઓળખી......કરી લેવા શ્રીહરિ. (૨)
૨૧. બ્રાહ્મણોમાં જ્ઞાતિના અનેક પ્રકારો છે. તેમાંથી મહારાજની બ્રાહ્મણ જ્ઞાતિનો પ્રકાર ક્યો છે. (૫)
૨૩. નારાયણઋષિના ભાઈ. (૨)
૨૪. પર્વતનું સંસ્કૃત. (૨)
૨૫. ચાર વેદમાંથી એક. (૨)
૨૬. અચિંત્યાનંદ બ્રહ્મચારીએ બનાવેલ એક મહાકાવ્ય. (૫)
૨૭. પરમેશ્વરનું.......તથા પરમેશ્વરના વચનને હૃદામાં ધારે તો તેણે કરી કારણ શરીરરૂપ માયા બળીને ખોખા જેવી થઈ જાય. (રૂપ, નામ, ધ્યાન) (૨)
૨૮. નિત્યાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું ગામ. (૩)

## ઊભી ચાવીઓ

૧. એવી કોણ વસ્તુ છે આ....., જેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં. (૨)
૨. અદ્‌ભૂતાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું ગામ. (૨)
૪. ઘર, નિકેતન, નિવાસ. (૩)
૫. શ્રીજી મહારાજના દાદાનું નામ. (૪)
૮. મહારાજે શુકાનંદ સ્વામીને દિક્ષા ..........ગામમાં આપી હતી. (૩)
૯. મહારાજના અંગોનાં માપથી બનાવેલ મૂર્તિ. (૫)
૧૩. હમતો ચલેંગે વોહી ...... પે, જહાં ચલે હૈ ભક્ત ભગવાન કે. (૨)
૧૬. આકાશ, ખાલી જગ્યા. (૧)
૧૭. મહારાજના સમયે મૂર્તિઓ કંડારવાની સેવા કરનાર એક સુથાર ભક્ત. (૪)
૧૮. .........શિર પાસંગમાં લઈ અમે........(૫)
૧૯. ભગવાનનું ભજન કરતા જે આડું આવે તે. (૨)
૨૧. મહારાજ જ્યારે અયોધ્યામાં હતા ત્યારે રોજ.....નદીમાં સ્નાન કરતા. (૩)
૨૨. મહારાજે વચનામૃતમાં પ્રમાણ માટે લીધેલા સંસ્કૃત શ્લોકો ક્યાં શાસ્ત્રમાંથી વધારે ગ્રહણ કર્યા છે. (૪)
૨૩. કબ દેખું કિરતાર.....ભરી. (૩)
૨૪. પગ ઠેલી પર્વત પાડતા.......તારા નખથી ઉખાડતા, કરી અંજલી સિંધુ પી જતા, નવ જાણે એ જન કોઈ ક્યાં હતા. (૨)
૨૬. ......મારા વ્હાલા, કેમકહો છો ગાય નહોતી રે. (૨)

**ખાસ નોંધ :-** વ્હાલા ભક્તજનો ! આ ‘સત્સંગ શબ્દજ્ઞાન મનોરંજન’ના જવાબો મોકલવાના જ છો ત્યારે એક વાત ખાસ લક્ષમાં રાખજો કે આપના જવાબો જે તે મહિનાની તા.૫ સુધીમાં નીચેના સરનામે પહોંચતા કરશોજી. કારણ કે જો આપનો જવાબ સાચો હશે, તો અમો આપના નામને આવતા અંકમાં લખી અને આપને પ્રોત્સાહિત કરીશું. અને એવી રીતે જ આપ જો પુરા વર્ષના દરેક મહિનાના જવાબો મોકલશો અને તેમાંથી જો દશ અથવા દશથી વધારે જવાબો સાચા હશે તો આપને સરધાર થતી ‘સત્સંગ છાવણી’માં પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઈનામઆપી અધિકાધિક પ્રોત્સાહિત કરવામાં આવશે. અને સાથોસાથ જ્યારે આપ જવાબ તૈયાર કરો ત્યારે અલગથી રફ કાગળમાં જવાબો ત્યાર કરવા યા તો પોસ્ટકાર્ડમાં કોષ્ટક દોરી તેમાંજ જવાબો લખી મોકલવા, તે પોષ્ટકાર્ડ યા તો અંતર્દેશીય કવર દ્વારા જ મોકલવા. પણ કુરિયર કે આંગડીયા દ્વારા ન મોકલવા. તથા અંકના પાનામાં ત્યાર કરી ન મોકલવા. જેથી કરી આપનો અંક અતૂટ રહે અને તે અંકને આપ ભવિષ્ય માટે ફાઈલ કરી શકો.

તો ચાલો આપણે સર્વે સાચા જવાબોને ગોતી પત્રમાં લખી નીચેના સરનામે પહોંચતા કરીએ.

**પાર્ષદ રાજુ ભગત**
**‘સત્સંગ શબ્દજ્ઞાન મનોરંજન વિભાગ’**
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫**

# ગયા અંકના કોષ્ટકનો સાચો જવાબ તથા મોકલનારની યાદી

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) ર | ઘુ | (૨) વી | ર | | (૩) ભા | (૪) મા | (૫) શે | (૬) ઠ | |
| સા | | હા | | (૭) પ્ર | | (૮) શે | ખ | પા | ટ |
| | (૯) હ | રી | પ્ર | સા | (૧૦) દ | | (૧૧) મી | ટ | |
| | | લા | | (૧૨) દ | શ | | યા | | (૧૩) વા |
| (૧૪) કુ | (૧૫) શ | લ | લા | | (૧૬) મં | (૧૭) ન | | (૧૮) ત | સુ |
| (૧૯) મા | તા | જી | | (૨૦) ગો | | ર | | (૨૧) ખો | દે |
| | નં | | (૨૨) ઉ | પા | સ | ના | | | વ |
| (૨૩) કૃ | દ | લ | | ળા | | (૨૪) રા | (૨૫) મ | ના | (૨૬) મ |
| પા | | | (૨૭) છ | નં | | (૨૮) ય | મ | | હા |
| ળુ | | (૨૯) બો | ટા | દ | | ણ | | (૩૦) આ | ત્મ્ય |

## સત્સંગ કોષ્ટક - ૧

૪૯. કોરાટ રસીલાબેન બાબુભાઈ - નવસારી
૫૦. શેલડીયા હિતેશ રમણીકભાઈ - સુરત
૫૧. ઠુંમર ઘનશ્યામભાઈ પરસોતમભાઈ - નવસારી
૫૨. પટેલ અરવિંદભાઈ કનુભાઈ - સુરત
૫૩. વઘાસિયા કિશન ધરમશીભાઈ - સુરત
૫૪. સુહાગીયા ઘનશ્યામઅરવિંદભાઈ - સુરત
૫૫. વાઘ હરેશ ભીખાભાઈ - જોલાપુર
૫૬. વઘાસિયા ગોરધનભાઈ અંબાલાલ - વાશીયાળી
૫૭. સંકલુરા મનસ્વી દિનકરરાય - આણંદ
૫૮. પટેલ રાકેશ છગનભાઈ - ભાવનગર
૫૯. ભીકડીયા કલ્યાણ તથા ઘનશ્યામવી. - નિંગાળા
૬૦. સાવલીયા રમેશભાઈ રવજીભાઈ - સુરત
૬૧. શેખલીયા ભરતભાઈ લાખાભાઈ - સુરત
૬૨. હિરપરા હસમુખ ગગજીભાઈ - માલસીકા
૬૩. પટેલ ભીખાભાઈ સનાભાઈ - ખેડા
૬૪. બ્રહ્મભટ્ટ વિભા પી. - નડિયાદ
૬૫. ભંડેરી રમણીકભાઈ લલ્લુભાઈ - સુરત
૬૬. જોગાણી ચેતન હિંમતભાઈ - સાતપડા
૬૭. જોગાણી મનુભાઈ કરશનભાઈ - સાતપડા
૬૮. પટેલ કલ્પેશ રતિલાલ - અંકલેશ્વર
૬૯. પાનસુરીયા જીજ્ઞેશ રામજીભાઈ - અમદાવાદ
૭૦. સમજુબેન રામજીભાઈ સાતપડા - અમદાવાદ
૭૧. ગજેરા કાળુભાઈ આર. - વેળાવદર
૭૨. ગજેરા ચેતના દેવરાજભાઈ - શેડુભાર

## સત્સંગ કોષ્ટક - ૨

૧. પંકજ ભગત ગુરુઃ પૂ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી - અમરેલી
૨. સુદાણી પરેશકુમાર મનસુખભાઈ - મોટા બારમણ
૩. ટીંબડીયા પૂર્વેશ નાનજીભાઈ - રાજકોટ
૪. દોંગા ઘનશ્યામભાઈ ગંગદાસભાઈ - રાજકોટ
૫. શુકલ હેમાંશુ ભગવત્પ્રસાદ - આણંદ
૬. વિઠાણી જૈમિન નરેશભાઈ - નિંગાળા
૭. પાટડીયા ઈન્દુબેન ગુણવંતરાય - રાજકોટ
૮. છાયાણી રોમિત જયેશભાઈ જાદવભાઈ - જસદણ
૯. વડોદરિયા અજીતભાઈ એસ. - ડોંબવલી
૧૦. જોગાણી મનુભાઈ કરશનભાઈ - સાતપડા
૧૧. જોગાણી ચેતન હિંમતભાઈ - સાતપડા
૧૨. જોગાણી જયેન્દ્ર નાનજીભાઈ - સાતપડા
૧૩. કાસોડિયા ઘનશ્યામભાઈ ભગવાનભાઈ - સોલડી
૧૪. પંચાલ વિષ્ણુ હસમુખભાઈ - લાઇરસ
૧૫. કાશીયાણી નેહલ જયસુખભાઈ - રાજકોટ
૧૬. પટેલ નૈનિકાબેન મયુરભાઈ - કરમસદ
૧૭. પટેલ મધુભાઈ છોટાભાઈ - કરમસદ
૧૮. ભટ્ટી હંસાબેન એમ. - પોરબંદર
૧૯. સુદાણી હર્ષાબેન અમરશીભાઈ - મોટા બારમણ
૨૦. પરમાર બંસીધર નંદલાલ - રાજકોટ
૨૧. શિંગાળા હિંમતલાલ રણછોડભાઈ - ભંડારીયા
૨૨. ટાંક પ્રતિક અશોકભાઈ - સાંગવી(પુના)
૨૩. ચૌહાણ શુભમ્ અશ્વિન મોહનભાઈ - સાંગવી(પુના)
૨૪. ટાંક ઘનશ્યામલાલજી તુલશીભાઈ - સાંગવી(પુના)
૨૫. મકવાણા અમૃતભાઈ લાધાભાઈ - સાંગવી(પુના)
૨૬. ટાંક પંકજભાઈ અમરશીભાઈ - સાંગવી(પુના)
૨૭. પરમાર કરશનભાઈ ટપુભાઈ - સાંગવી(પુના)
૨૮. કાચા કાંતિભાઈ,મકવણા રાજુભાઈ - સાંગવી(પુના)
૨૯. વરુ નિલકંઠભાઈ તથા ટાંક પિયુષ ડી. - સાંગવી(પુના)
૩૦. શાંતિપાઠ મહિલા મંડળ - સાંગવી(પુના)
૩૧. ગોહેલ હિરેન વી. - બોટાદ
૩૨. બ્રહ્મભટ્ટ વિભા પી. - નડિયાદ
૩૩. વિઠાણી પ્રીતી અરવિંદભાઈ - નિંગાળા
૩૪. કાશીયાણી દિવ્યેશ ઈશ્વરભાઈ - રાજકોટ
૩૫. રાઠોડ કિશનભાઈ રમેશભાઈ - રાજકોટ
૩૬. કાશીયાણી પિયુષ દયાળજીભાઈ - રાજકોટ
૩૭. ડૉ. કાકડીયા ગણેશભાઈ - નિંગાળા
૩૮. પટેલ વલ્લભભાઈ ધરમશીભાઈ - નિંગાળા
૩૯. પટેલ વર્ષાબેન શંકરભાઈ અમરશીભાઈ - માનપુર
૪૦. પટેલ વિનુભાઈ ચુનીભાઈ - પલાણા
૪૧. સંકલપુરા મનસ્વી તથા ધ્રુપેશ દિનકરરાય - આણંદ
૪૨. કાસોડીયા શામજીભાઈ કેશવભાઈ - સોલડી
૪૩. પટેલ ઘનશ્યામભાઈ અમૃતભાઈ - ધરમપુર
૪૪. સરવૈયા વિનોદરાય જે. - ઉંભેલ
૪૫. ડોબરીયા રાકેશ છગનભાઈ - ભાવનગર
૪૬. પરમાર મિતેશ કેશવજીભાઈ - સાંગવી(પુના)
૪૭. રાઠોડ જયંતીલાલ રામજીભાઈ - સાંગવી(પુના)
૪૮. કાચા કૃપાલી જીવરાજભાઈ લીરાભાઈ - સાંગવી(પુના)
૪૯. ચૌહાણ રાકેશ ધીરજલાલ મોહનલાલ - સાંગવી(પુના)
૫૦. કોઠારી ગીતા એન. - પીઠવડી
૫૧. પોકિયા ભાવનાબેન નનુભાઈ - અમરેલી
૫૨. નસીત તથા ભોતિક, પાયલ જયંતીભાઈ-અભરામપરા
૫૩. ગજેરા ચેતના દેવરાજભાઈ - શેડુભાર
૫૪. વરુ ધર્મેશ કાનજીભાઈ - સાંગવી(પુના)
૫૫. ઢોલરીયા વૈશાલી પાંચાભાઈ - વાશીયાળી
૫૬. કથીરીયા હિરેન ભરતભાઈ - નવસારી
૫૭. કા.પટેલ તરલાબેન મહેશ વસંતલાલ - પેટલાદ
૫૮. જયાબેન માવજીભાઈ આંબાભાઈ - અભરામપરા
૫૯. ગૌદાની સંજય આર. - સુરત
૬૦. વિમલકુમાર મુકુંદભાઈ - ભાવનગર
૬૧. શાહ અક્ષય અશ્વિનભાઈ - ઉમરેઠ
૬૨. વાઢેર પ્રતિક પ્રવિણભાઈ
૬૩. પટેલ શીતલબેન હરિલાલ - મોટા અંકેવાળિયા
૬૪. સુહાગીયા અમીતાબેન તથા અનસુયાબેન - પીઠવડી
૬૫. પોકિયા મીરાબેન અશ્વિનભાઈ - અમરેલી
૬૬. દેસાઈ ભરતભાઈ રૂડાભાઈ - સુરત
૬૭. બોધાણી મયુર અશોકભાઈ - શેડુભાર
૬૮. પરમાર ચંદનબેન અંબાલાલ - રાજકોટ
૭૦. કાછડીયા ધીરુભાઈ મધુભાઈ - અડતાળા
૭૧. કાકડીયા મોહનભાઈ હરજીભાઈ - ઘોઘાવદર
૭૨. રફાળીયા શિલ્પાબેન કલ્યાણભાઈ - જૂની હળિયાદ
૭૩. પટેલ ચિરાગ ઘનશ્યામભાઈ - કરમસદ
૭૪. પટેલ સવિતાબેન અંબાલાલ - કરમસદ
૭૫. કા.પટેલ સૂર્યકાન્ત એમ. - પેટલાદ
૭૬. પટેલ કરમણ માંડણભાઈ - થાણા
૭૭. શિંગાળા ઘનશ્યામભાઈ મનસુખભાઈ - વેળાવદર
૭૮. કાચા દિપકકુમાર જે. - રાજકોટ
૭૯. અસૂયાબેન રામભાઈ - અમદાવાદ
૮૦. પટેલ ઘનશ્યામભાઈ ગોકળભાઈ - વાપી
૮૧. શિંગાળા ગીતાબેન રમેશભાઈ - અમદાવાદ
૮૨. ટાંક કિરણ જગજીવનભાઈ - રાજકોટ
૮૩. જયરામતથા રવજી તથા દામજી - થાણા
૮૪. પટેલ મલુભાઈ સાંમતભાઈ - થાણા
૮૫. પટેલ નરેશ ઘનશ્યામભાઈ - લસુંદ્રા
૮૬. મકવાણા નારણભાઈ લાલજીભાઈ - જામવંથલી
૮૭. ખીચડીયા રિન્કુ નારણભાઈ - અમદાવાદ
૮૮. મહેતા જયશંકરભાઈ મનજીભાઈ - વિસાવદર
૮૯. પટેલ ઉષાબેન મહેન્દ્રભાઈ જયંતીલાલ - ગોધરા
૯૦. પટેલ સરતાણ કે. - ફતેહગઢ
૯૧. વિઠાણી વલ્લભભાઈ, ઈશ્વરભાઈ લક્ષ્મણભાઈ - નિંગાળા
૯૨. વાઘેલા ધર્મેશ તથા મેહુલ પી. - બોટાદ
૯૩. પટેલ હસમુખ એસ. - તુરખા
૯૪. ગેલાણી રવજી મોહનભાઈ - ઉમેજ
૯૫. સુતરીયા ધીરુભાઈ બચુભાઈ - ઉમેજ
૯૬. કાશીયાણી નિલેશ વિઠ્ઠલભાઈ - મુંબઈ
૯૭. હિરપરા હસમુખ ગગજીભાઈ માલસિકા
૯૮. પટેલ મુકેશભાઈ જે. તુરખા - ભાવનગર
૯૯. વાઢેર દેવ અશોકભાઈ - રાજકોટ
૧૦૦. વાઘેલા વેલજી ભગવાનભાઈ - અમરાપુર
૧૦૧. માંગરોળિયા યોગેશ કરશનભાઈ - ફાટસર
૧૦૨. વિઠાણી પોપટભાઈ રામજીભાઈ - નિંગાળા
૧૦૩. વિઠાણી અરજણભાઈ શામજીભાઈ - ભાવનગર
૧૦૪. મોરડીયા જગદીશ પ્રેમજીભાઈ - નારી
૧૦૫. વાઘાણી અરજણભાઈ ગોંવિદભાઈ - સુરત
૧૦૬. કણકોટિયા જીતેન ખીમજીભાઈ - વલ્લભીપુર
૧૦૭. ઢોલરીયા આશાબેન જયંતિભાઈ - વેળાવદર
૧૦૮. વઘાસીયા કાન્તાબેન ચંદુભાઈ - સુલતાનપુર
૧૦૯. પઢીયાર કેશવભાઈ ભાઈલાલભાઈ - જોષીપુરા
૧૧૦. ભંડેરી રમણીકભાઈ લલ્લુભાઈ - સુરત
૧૧૧.જનક ભગત - હિતેશ ભગત - સુરત
૧૧૨. ગૌદાની ભાવેશભાઈ જયસુખભાઈ - વેળાવદર
૧૧૩. ઠુંમર હરેશભાઈ બાલુભાઈ (વાશીયાળી) - સુરત
૧૧૪. ગજ્જર બિનેશ રાજેન્દ્રકુમાર - ભાવનગર
૧૧૫. મોરડીયા અશોકભાઈ - નિંગાળા
૧૧૬. ગઢીયા દામોદરભાઈ માવજીભાઈ - અમદાવાદ
૧૧૭. ભીકડીયા કલ્યાણ વિઠ્ઠલભાઈ ડાયાભાઈ - નિંગાળા

## શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારમાં

# ઠાકોરજીનો થાળ તથા સંતો-ભક્તોને રસોઈ દેનારની શુભ નામાવલી

| | |
|---|---|
| પ.ભ. શ્રી માવજીભાઈ પાતાભાઈ વાલાણી | સુરત |
| પ.ભ. શ્રી માધવજીભાઈ પાંચાભાઈ | છાપરા |
| પ.ભ. શ્રી મહેન્દ્રભાઈ રાધનપુરા | રાજકોટ |
| પ.ભ. શ્રી મનજીભાઈ બેચરભાઈ કાશીયાણી | સુરત |
| પ.ભ. શ્રી હરેશભાઈ જોગાણી | અમદાવાદ |
| પ.ભ. શ્રી માધવજીભાઈ દેવજીભાઈ મનાણી | પુના |
| પ.ભ. શ્રી વિનુભાઈ દેવજીભાઈ ઘવા | રાજકોટ |
| પ.ભ. શ્રી બટુકભાઈ દુધાત | રાજકોટ |
| પ.ભ. શ્રી અરવિંદભાઈ જટુભાઈ | કુકડ |
| પ.ભ. શ્રી પ્રવિણભાઈ ધરમશીભાઈ કાચા | જામવંથલી |
| પ.ભ. શ્રી ચંદ્રેશભાઈ બી. પટેલ | યુ.એસ.એ |
| પ.ભ. શ્રી કેતનભાઈ વી. પટેલ | કેનેડા |
| પ.ભ. શ્રી ચંદુભાઈ મંગળભાઈ પટેલ | લંડન |
| પ.ભ. શ્રી અ.નિ. લક્ષ્મીફઈબાના સ્મરણાર્થે | બોટાદ |
| પ.ભ. શ્રી નારાયણભાઈ લાલજીભાઈ | સુખપુર |
| પ.ભ. શ્રી રમેશભાઈ કુંરજીભાઈ વોરા | રાજકોટ |
| પ.ભ. શ્રી મિથીલેશભાઈ સોની | અમદાવાદ |
| પ.ભ. શ્રી રૂડાભાઈ વાઘજીભાઈ પટેલ | નૈરોબી-આફ્રિકા |
| પ.ભ. શ્રી અમીતભાઈ એમ. લાખાણી | ડોંબીવલી |
| પ.ભ. શ્રી ઈશ્વરભાઈ ગોરધનભાઈ | યુ.એસ.એ |
| પ.ભ. શ્રી ભોગીલાલ ઈશ્વરભાઈ | યુ.એસ.એ |
| પ.ભ. શ્રી ઈશ્વરભાઈ રાઠોડ | વડોદરા |
| પ.ભ. શ્રી સી.ડી.જાડેજા(સૂકી સાજડીયાળી) | વડોદરા |
| પ.ભ. શ્રી મગનભાઈ મૂળજીભાઈ | મુંબઈ |
| પ.ભ. શ્રી હંસરાજભાઈ નાકરાણી | સુરત |
| પ.ભ. શ્રી રવજીભાઈ ભુડીયા | રામપર-વેકરા |
| પ.ભ. શ્રી ધનજીભાઈ પરસોતમભાઈ | મવડી |
| પ.ભ. શ્રી અ.નિ. કાનબાઈ હ.પુષ્પાબેન હરજીભાઈ | કેરાઈ |
| પ.ભ. શ્રી અ.નિ. જેચંદભાઈ હ. મહેન્દ્રભાઈ પાટડીયા | રાજકોટ |
| પ.ભ. શ્રી જીગ્નેશભાઈ જગદીશભાઈ પટેલ | યુ.એસ.એ |
| પ.ભ. શ્રી ગોરધનભાઈ તથા ચંદ્રકાન્તભાઈ | વડોદરા |
| પ.ભ. શ્રી શાંતીલાલ ટપુભાઈ કાચા | જામવંથલી |
| પ.ભ. શ્રી અશોકભાઈ ભગવાનભાઈ | રાજકોટ |
| પ.ભ. શ્રી ઉપેન્દ્રભાઈ બી. પટેલ | યુ.એસ.એ |
| પ.ભ. શ્રી કાન્તિભાઈ કાળુભાઈ ગૌદાની | વાપી |
| પ.ભ. શ્રી પ્રભાકરભાઈ | વાપી |
| પ.ભ. શ્રી મગનભાઈ કુરજીભાઈ પટેલ | નાના સમઢીયાળા |
| પ.ભ. શ્રી હરદાસભાઈ મોહનભાઈ પટેલ | જેતપુર(મચ્છુ) |
| પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ નાથાણી (વેળાવદર) | સુરત |

## શ્રી સ્વામિનારાયણ ચિંતન માસિક ભેટ નામાવલી

**ખાસ નોંધ : વહાલા ભક્તજનો ! સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ-આજ્ઞા સહ તેમજ પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે સરધાર મંદિર દ્વારા પ્રકાશિત થયેલ 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' નામના માસિક અંકમાં માસિક ભેટ યોજના અને જાહેરાત આપના ઘરના માંગલિક શુભ પ્રસંગે પુત્ર-પુત્રી જન્મ/કન્યાદાન/પુત્ર વિવાહ/વાહન ખરીદી વગેરે કોઈપણ પ્રસંગે અથવા ભગવાન શ્રીહરિના પ્રસન્નતાર્થે આ સાહિત્ય સેવામાં ભેટ આપી સહાયક બની શકો છો. સાથો સાથ આપની વ્યવહારિક-વ્યવસાયિક જાહેર ખબર આપીને પણ આપ અમોને સહકાર આપશો એવી આશા સહ જય શ્રી સ્વામિનારાયણ...**

| | | |
|---|---|---|
| ૧૫૧૫/- | શ્રી ઘનશ્યામયુવક મંડળ | સરધાર |
| ૧૧૦૧/- | પ.ભ. શ્રી માવજીભાઈ પાતાભાઈ વાલાણી | સુરત |
| ૭૫૧/- | સમસ્ત સત્સંગ મંડળ રૂગનાથપુર (ખોડી) | |
| ૫૦૧/- | વિજયકુમાર પરસોતમભાઈ નાકરાણી | જૂની હળિયાદ |
| ૨૫૧/- | પ.ભ. શ્રી લીંબાભાઈ બાબુભાઈ ઢાંકેચા | સરધાર |
| ૨૫૧/- | પ.ભ. શ્રી માવજીભાઈ કડિયા | રાજકોટ |
| ૨૫૧/- | પ.ભ. શ્રી કલ્પેશભાઈ ધીરુભાઈ ઢાંકચા | સરધાર |
| ૨૫૧/- | પ.ભ. શ્રી પોપટભાઈ ધુસાભાઈ ઢાંકેચા | સરધાર |
| ૨૫૧/- | પ.ભ. શ્રી પ્રવિણભાઈ મોહનભાઈ | ખેરડી |
| ૨૫૧/- | પ.ભ. શ્રી રવજીભાઈ નરશીભાઈ ઢાંકેચા | સરધાર |
| ૨૫૧/- | પ.ભ. શ્રી કેશુભાઈ સખીયા | સરધાર |
| ૨૫૧/- | પ.ભ. શ્રી છગનભાઈ રત્નાભાઈ ઢાંકેચા | સરધાર |
| ૨૫૧/- | પ.ભ. શ્રી વલ્લભભાઈ વસાણી | સરધાર |
| ૨૫૧/- | પ.ભ. શ્રી ગોરધનભાઈ રત્નાભાઈ ઢાંકેચા | સરધાર |
| ૨૫૧/- | પ.ભ. શ્રી છગનભાઈ બાબુભાઈ ઢાંકેચા | સરધાર |
| ૨૫૧/- | પ.ભ. શ્રી અરવિંદભાઈ ગોળકીયા | ભાવનગર |
| ૨૫૧/- | પ.ભ. શ્રી સંજયભાઈ | રાજકોટ |
| ૨૫૧/- | પ.ભ. શ્રી વિનુભાઈ ખીમજીભાઈ ઢાંકેચા | સરધાર |
| ૨૫૧/- | પ.ભ. શ્રી જીવરાજભાઈ શંભુભાઈ ઢાંકેચા | સરધાર |
| ૨૫૧/- | પ.ભ. શ્રી મહેન્દ્રભાઈ રાધનપુરા | રાજકોટ |
| ૨૫૧/- | પ.ભ. શ્રી રામજીભાઈ ખુંટ | સરધાર |
| ૨૫૧/- | પ.ભ. શ્રી બાબુભાઈ દેવજીભાઈ | સરધાર |
| ૨૫૧/- | પ.ભ. શ્રી મિથીલેશભાઈ સોની | અમદાવાદ |
| ૨૦૧/- | પ.ભ. શ્રી પુનમબેન ચંદ્રકાન્તભાઈ પટેલ | મલાતજ |
| ૨૦૧/- | પ.ભ. શ્રી કેશુભાઈ કોરાટ | શાપર |
| ૨૦૧/- | પ.ભ. શ્રી બાલુભાઈ કરશનભાઈ | મોટા આંકડીયા |
| ૨૦૧/- | પ.ભ. શ્રી વાઘજીભાઈ રવજીભાઈ | કોડકી |
| ૨૦૧/- | સમસ્ત સત્સંગ મંડળ | કુંકાવાવ |
| ૧૫૧/- | પ.ભ. શ્રી વિરજીભાઈ બચુભાઈ | અણીયાળા |
| ૧૫૧/- | પ.ભ. શ્રી સચીનભાઈ ગોંડલીયા | રાજકોટ |
| ૧૨૫/- | પ.ભ. શ્રી બાબુભાઈ કોઠારી | વિરડી |
| ૧૨૫/- | પ.ભ. શ્રી ગોપાલભાઈ પટેલ | સારિંગપુર |
| ૧૦૧/- | પ.ભ. શ્રી લવજીભાઈ પટેલ | રાજકોટ |
| ૧૦૧/- | પ.ભ. શ્રી પ્રાગજીભાઈ વઘાસીયા | રાજકોટ |
| ૧૦૧/- | પ.ભ. શ્રી રવજીભાઈ ઉકાભાઈ બારસીયા | રાજકોટ |
| ૧૦૧/- | પ.ભ. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ | રાજકોટ |
| ૧૦૧/- | પ.ભ. શ્રી કરશનભાઈ મેઘજીભાઈ ઢાંકેચા | રાજકોટ |
| ૧૦૧/- | પ.ભ. શ્રી મુકેશભાઈ પટેલ | રાજકોટ |
| ૧૦૧/- | પ.ભ. શ્રી ચંદુભાઈ આસોદડીયા | રાજકોટ |
| ૧૦૧/- | પ.ભ. શ્રી વિમલભાઈ ચાવડા | રાજકોટ |
| ૧૦૧/- | પ.ભ. શ્રી ડાયાભાઈ ગીગાભાઈ | તલગાજરડા |
| ૧૦૧/- | પ.ભ. શ્રી મહેન્દ્રભાઈ | મુલુંડ |
| ૧૦૧/- | પ.ભ. શ્રી શિવલાલ અમરસિંહ | મોટા બારમણ |
| ૧૦૧/- | પ.ભ. શ્રી વલ્લભભાઈ પટેલ | ઢેબર |
| ૧૦૧/- | પ.ભ. શ્રી શાંતિલાલ દેવજીભાઈ | રાજકોટ |
| ૧૦૧/- | પ.ભ. શ્રી ધર્મેશભાઈ પટેલ | ઘનશ્યામનગર |
| ૧૦૧/- | પ.ભ. શ્રી રસિકભાઈ ડોબરીયા | વિરપુર |
| ૧૦૧/- | પ.ભ. શ્રી અભિષેકભાઈ મનિષભાઈ બખાઈ | ડોંબીવલી |
| ૧૦૧/- | પ.ભ. શ્રી હસમુખભાઈ ગાંડુભાઈ | મોટા માંડવા |
| ૧૦૧/- | પ.ભ. શ્રી કાળુભાઈ ધામી | ચિતલ |
| ૧૦૧/- | પ.ભ. શ્રી ભરતભાઈ મધુભાઈ કાછડીયા | બીલા |
| ૧૦૧/- | પ.ભ. શ્રી મનસુખભાઈ | રાજકોટ |
| ૧૦૧/- | પ.ભ. શ્રી મહેશભાઈ જમનાદાસ | મુંબઈ |
| ૧૦૧/- | પ.ભ. શ્રી વલ્લભભાઈ રાજધાની | રાજકોટ |
| ૧૦૧/- | પ.ભ. શ્રી બચુભાઈ રણછોડભાઈ | સરધાર |
| ૫૧/- | પ.ભ. શ્રી જેરામભાઈ કડિયા | પુના |
| ૫૧/- | પ.ભ. શ્રી યોગેશભાઈ પટેલ | વાવડી |
| ૫૧/- | પ.ભ. શ્રી વિનુભાઈ હિંમતભાઈ | સારંગ |
| ૫૧/- | પ.ભ. શ્રી હરેશભાઈ ધીરુભાઈ | શેડુભાર |
| ૫૧/- | પ.ભ. શ્રી કલ્પેશભાઈ હંસરાજભાઈ | શેડુભાર |
| ૫૧/- | પ.ભ. શ્રી નરસિંહભાઈ | રાજકોટ |
| ૫૧/- | પ.ભ. શ્રી રામજીભાઈ પટેલ | મોટા આંકડીયા |
| ૫૧/- | પ.ભ. શ્રી વિરજીભાઈ પટેલ | મોટા આંકડીયા |
| ૫૧/- | પ.ભ. શ્રી નિલેશભાઈ | ગીરગઢડા |
| ૫૧/- | પ.ભ. શ્રી દેવજીભાઈ | ગોંડલ |
| ૫૧/- | પ.ભ. શ્રી વિઠ્ઠલભાઈ લીંબાભાઈ | વિરનગર |
| ૫૧/- | પ.ભ. શ્રી ખીમજીભાઈ હરિભાઈ | જામવંથલી |
| ૫૧/- | પ.ભ. શ્રી સામંતભાઈ આહિર | રાજુલા |
| ૫૧/- | પ.ભ. શ્રી જગદીશભાઈ દવે | રાજકોટ |
| ૫૧/- | પ.ભ. શ્રી દેવરાજભાઈ | લાખીયાણી |



# સત્સંગ સમાચાર પત્રિકા

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી વિધ વિધ આયોજન દ્વારા અનેક ગામો અને શહેરોમાં ઉજવાયેલ

## ભવ્ય શાકોત્સવો

વ્હાલા ભક્તજનો ! જેમભગવાન શ્રી સ્વામિનારાયણે લોયા ગામમાં સં.૧૮૭૭ મહા સુદ - ૭ના દિવસે ૬૦ મણ રીંગણા, ૧૨ મણ ઘીનો વઘાર કરી શ્રીહરિએ સ્વયં શાક બનાવ્યું હતું અને તેમાં પોતે સ્વાદ પુરી, પોતાના હસ્તકમળથી ભક્તજનોને તે શાક પીરસીને આનંદ આપ્યો હતો તેની સ્મૃતિ કરાવતો એવો ભગવાન શ્રીહરિએ સ્વહસ્તે પ્રવર્તાવેલ એક અદ્વિતીય ઉત્સવ એટલે 'શાકોત્સવ'

આ શાકોત્સવને યાદ કરીને સર્વાવતારી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ** તથા **પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ**ના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી વિધ વિધ આયોજન દ્વારા અનેક ગામડે-શહેરે 'ભવ્ય શાકોત્સવો' ઉજવવામાં આવ્યા હતા. તેમાં સંતો-હરિભક્તોએ સંપ્રદાયના મૂલ્ય છ અંગોને સાથે રાખી સત્સંગમાં દિન પ્રતિદિન વૃદ્ધિ પામે અને સત્સંગમાં સત્સંગ સંબંધી કાર્યો માટે હરહંમેશ જાગૃત રહેવા વિષે ઉદ્‌બોધનો આપ્યા હતા. આ સમગ્ર પ્રસંગોમાં હજારો હરિભક્તો પધારીને સંતો-ભક્તોના દર્શન-અમૃતવાણી સહિત રીંગણાનું શાક અને બાજરાના રોટલાના મહાપ્રસાદનો લાભ લઈને ધન્યભાગી થયા હતા.

### :: અનેક સ્થળોએ ઉજવાયેલ ભવ્ય શાકોત્સવોની યાદી ::

| તારીખ | આયોજક | સ્થળ |
|---|---|---|
| ૧૩-૧૧-૦૫ | શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ | રાજકોટ |
| ૨૦-૧૧-૦૫ | સમસ્ત સત્સંગ સમાજ | સમઢીયાળા(ઓઢાના) |
| ૧૮-૧૨-૦૫ | શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ | જેતપુર(ગાદીસ્થાન) |
| ૨૫-૧૨-૦૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર | અમરેલી |
| ૧-૧-૦૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર | બગસરા |
| ૧-૧-૦૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર | વરજાંગ જાળીયા |
| ૩-૧-૦૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર | મોટા આંકડીયા |
| ૭-૧-૦૬ સવારે | સમસ્ત સત્સંગ મંડળ | ઉકરડી, ભાટીવાડા, ખરેડી, |
| ૭-૧-૦૬ સાંજે | શ્રી સ્વામિનારાયણ મંદિર | દાહોદ |
| ૮-૧-૦૬ સવારે | સમસ્ત સત્સંગ મંડળ | આભલોડ, જેસાવાડા, નગરાળા, વિજાગઢ, ગાંગરડી |
| ૮-૧-૦૬ સાંજે | સમસ્ત સત્સંગ મંડળ | કાલીગામ, ખરોડ |
| ૧૧-૧-૦૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર તથા સત્સંગ મંડળ | આણંદ |
| ૧૨-૧-૦૬ | શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ | સાવરકુંડલા |
| ૧૩-૧-૦૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર | નિંગાળા(ગઢડા) |
| ૧૫-૧-૦૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર | સરધાર |
| ૨૨-૧-૦૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર | ડોંબીવલી(મુંબઈ) |
| ૨૯-૧-૦૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર | બોરિવલી(મુંબઈ) |

### :: પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી યોજાયેલ વિધ વિધ કાર્યક્રમો ::

ધનુર્માસ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર - ડોંબીવલીને આંગણે યોજાયેલ

**શ્રીહરિલીલામૃત કથા પારાયણ - ડોંબીવલી**

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ** તથા **પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ**ના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી ધનુર્માસ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર - ડોંબીવલીને આંગણે પ.પૂ. આચાર્યચૂડામણિ શ્રી વિહારીલાલજી મહારાજ દ્વારા વિરચિત ગ્રંથરાજ 'શ્રીહરિલીલામૃત'ની કથાનું તા. ૨૭-૧૨-૦૫ થી ૧-૧-૦૬ સુધી સરધાર નિવાસી પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શિષ્ય સ્વામી શ્રી ભક્તિવલ્લભદાસજીના વક્તાપદે આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ડોંબીવલી તેમજ દહિસર, થાણા, બોરિવલી, મીરા રોડ, વસઈ, ઘાટકોપર, મુલુંડ વગેરે વિસ્તારના તમામભાવિક ભક્તજનોએ લાભ લીધો હતો.

સરધાર નિવાસી પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની મુંબઈ-પરા વિસ્તારને આંગણે આયોજીત

## સત્સંગ સભાઓ

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન **શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ**ના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી મુંબઈ પરા વિસ્તારના ભક્તજનોના ભાવાગ્રહથી નીચેના વિસ્તારોમાં સત્સંગ સભાઓ રાખવામાં આવી હતી. આ દરેક સભાઓમાં સરધારથી પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી પોતાના સંતમંડળ સહિત પધારીને કથા-વાર્તાનો લાભ આપ્યો હતો.

| તારીખ | આયોજક | સ્થળ | તારીખ | આયોજક | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૨૨-૧-૦૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર | ડોંબીવલી | ૨૮-૧-૦૬ સાંજે | શ્રી સ્વામિનારાયણ મંદિર | દહિસર |
| ૨૫-૧-૦૬ | સમસ્ત સત્સંગ સમાજ | ઘાટકોપર | ૨૯-૧-૦૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર | બોરિવલી |
| ૨૮-૧-૦૬ સવારે | શ્રી સ્વામિનારાયણ મંદિર | મલાડ | | | |

સરધાર નિવાસી પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની મુંબઈ-પરા વિસ્તારને આંગણે આયોજીત

## સત્સંગ સભાઓ

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન **શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ**ના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી મુંબઈ પરા વિસ્તારના ભક્તજનોના ભાવાગ્રહથી નીચેના વિસ્તારોમાં સત્સંગ સભાઓ રાખવામાં આવી હતી. આ દરેક સભાઓમાં સરધારથી પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી પોતાના સંતમંડળ સહિત પધારીને કથા-વાર્તાનો લાભ આપ્યો હતો.

અક્ષરધામરૂપી ભૂમિગઢપુર મુકામે દાદાખાચરના દરબારમાં યોજાયેલ

## ૧૨ કલાક 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રની અખંડ ધૂન - ગઢપુર

સર્વાવતારી ભગવાન **શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી તથા પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ**ના ના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી તેમજ બોર્ડ સલાહકાર પૂ. એસ.પી. સ્વામી તથા કોઠારી પૂ. ઘનશ્યામવલ્લભદાસજી સ્વામી તથા ચેરમેન ભાણજી ભગતના આયોજન હેઠળ અક્ષરધામરૂપી ભૂમિજે ગઢપુર મુકામે દાદાખાચરના દરબારમાં તા. ૮-૧-૨૦૦૬ પોષ સુદ-૯ના મંગળ દિવસે સવારે ૭ થી સાંજના ૭ વાગ્યા સુધી અખંડ ૧૨ કલાક 'સ્વામિનારાયણ'મહામંત્રની ધૂન રાખવામાં આવી હતી.

આ પ્રસંગે સરધારથી પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી, અમરેલીથી પૂ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી તેમજ ગઢપુર, રાજકોટ, ખોપાળા, નિંગાળા, ઝીંઝાવદર, માંડવધાર, ઉગામેડી, બોટાદ, ભાવનગર, તુરખા વગેરે ગામોથી અસંખ્ય હરિભક્તો પધારી મહામંત્ર ધૂનની રમઝટ બોલાવી હતી.

શ્રીજી મંદિર અને પુણાગામસત્સંગ સમાજ દ્વારા આયોજીત પુણાગામ- સુરતને આંગણે યોજાયેલ ભવ્ય

## શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ - સુરત

સર્વાવતારી ભગવાન **શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ**ના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી શ્રીજી મંદિર અને પુણાગામસત્સંગ સમાજ આયોજીત પુણાગામ- સુરતને આંગણે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણનું તા. ૮-૧-૦૬ થી તા. ૧૪-૧-૦૬ સુધી ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે બગસરા,ખોપાળા નિવાસી પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજીએ બિરાજીને કથાનું પોતાની સુમધુર શૈલીમાં રસપાન કરાવ્યું હતું.

આ પ્રસંગે પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજે મોબાઈલ ફોન દ્વારા આશીર્વાદ આપ્યા હતા. તેમજ સરધારથી પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી, અમરેલીથી પૂ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી, બગસરાથી પૂ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી તેમજ ગઢપુરથી પૂ. એસ.પી. સ્વામી વગેરે ધામોથી સંતો-મહંતોએ પધારી દર્શન-અમૃતવાણીનો લાભ આપ્યો હતો. કથા પ્રસંગે દરરોજ ચાલીસ હજારથી વધુ ભક્તજનો કથાનો લાભ લઈને જીવનને ધન્ય બનાવતા હતા. અને આ કથાનું પુરા સુરતમાં લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું.

સરધારધામને આંગણે યોજાયેલ ભવ્ય 'સંતઆશ્રમ' અને 'શ્રી નૃગેન્દ્ર સભામંડપ'નો

## ભવ્ય ઉદ્ઘાટન મહોત્સવ તથા શાકોત્સવ - સરધાર

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન **શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ**ના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી તેમજ **પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના આયોજન હેઠળ તા. ૧૫-૧-૦૬ પોષ વદ - ૧ના રોજ સરધારધામને આંગણે 'સંતઆશ્રમ' અને 'શ્રી નૃગેન્દ્ર સભામંડપ'નો **'ભવ્ય ઉદ્ઘાટન મહોત્સવ તથા શાકોત્સવ'** રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંતઆશ્રમ, સંત ભોજનાલય, સંતધર્મશાળા, સભામંડપ, ઓફિસ, સ્ટેજ વગેરેનું ઉદ્ઘાટન વડિલ સંતો તેમજ વડિલ આગેવાન હરિભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ હોમાત્મક મહાપૂજા પણ રાખવામાં આવી હતી.

આ પ્રસંગે અમરેલીથી પૂ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી, બગસરાથી પૂ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી તેમજ ગઢપુરથી પૂ. એસ.પી. સ્વામી વગેરે અનેક ધામોથી સંતો-મહાનુભાવોએ પધારી દર્શન-અમૃતવાણીનો લાભ આપ્યો હતો.


આ પ્રસંગે જૂનાગઢ પ્રદેશ, ગઢપુર પ્રદેશ, વડતાલ પ્રદેશ, ઝાલાવાડ પ્રદેશ, હાલાર પ્રદેશ, સુરત, મુંબઈ, રાજકોટ તેમજ કેનેડા, અમેરિકા, આફ્રિકા વગેરે વિદેશના હજારો હરિભક્તો પધારીને ઉદ્ઘાટનવિધિ સહિત સંતો-ભક્તોના દર્શન-અમૃતવાણી તથા રીંગણાનું શાક અને બાજરાના રોટલાના મહાપ્રસાદનો લાભ લઈને ધન્યભાગી થયા હતા.

**તા.ક. :-** આગલે દિવસે તા. ૧૪-૧-૦૬ મકરસંક્રાતિના પવિત્ર દિવસે સરધારમાં હરિભક્તોના ઘેર ઘેર ઠાકોરજી તથા સંતમંડળ સહિત પૂ. સ્વામીએ પોતે પધારીને દરેક હરિભક્તોને પધરામણીનો અનેરો લ્હાવો પણ આપ્યો હતો. જેથી હરિભક્તો ખૂબ રાજી થયા હતા.













## સરધારધામને આંગણે તૈયાર થયેલ ભવ્ય 'સંતઆશ્રમ' અને 'શ્રી નૃગેન્દ્ર સભામંડપ'નો ભવ્ય ઉદ્‌ઘાટન મહોત્સવ તથા શાકોત્સવ - ૨૦૦૫

૧. સંત ધર્મશાળાનું ઉદ્‌ઘાટન કરતા પૂ. સ્વામી તથા પૂ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી - અમરેલી તેમજ આગેવાન હરિભક્તો. ૨. સંત આશ્રમનું ઉદ્‌ઘાટન કરતા પૂ. કોઠારી સ્વામી તથા નીતીનભાઈ ઢાંકેચા વગેરે ભક્તજનો. ૩. મંદિરથી વાડી સુધી જવા માટેના બનેલ સિમેન્ટ રોડને ખુલ્લો મુકતા પૂ. સ્વામી તથા સંતો-હરિભક્તો. ૪/૫. ઉદ્‌ઘાટનની સાથે સાથે યોજાયેલ ભવ્ય શાકોત્સવમાં પધારેલ દેશ દેશથી સંતો તથા હજારો હરિભક્તો. ૬. સરધારધામને આંગણે તૈયાર થયેલ ભવ્ય કલાત્મક 'શ્રી નૃગેન્દ્ર સભામંડપ' તથા 'સંતઆશ્રમ'.

**Shree Swaminarayan Chintan, Jan.2005 Reg. No. GRJ - 517/05 Reg. No. RNI No. GUJGUJ10785/06/1/03 - TC**















## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન

૧. સુરતને આંગણે યોજાયેલ ભવ્ય 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'નો લાભ લેતા હજારો શ્રોતાજનો. ૨. સરધારને આંગણે યોજાયેલ શાકોત્સવમાં કથાનું રસપાન કરાવતા પૂ. સ્વામી. ૩. સરધારને આંગણે યોજાયેલ સભામંડપ ઉદ્ઘાટન મહોત્સવમાં સભામંડપનું દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકતા વડિલ સંતો તથા હરિભક્તો. ૪. સરધારને આંગણે યોજાયેલ સભામંડપ ઉદ્ઘાટન મહોત્સવમાં નૂતન સભામંડપ પ્રથમસભામાં વડિલ સંતોની અમૃતવાણીનું પાન કરતા વિશાળ હરિભક્ત સમુદાય. ૫. સરધારને આંગણે યોજાયેલ શાકોત્સવમાં રીંગણાના શાકનો વઘાર કરતા પૂ. સંતો તથા હરિભક્તો. ૬. સરધારને આંગણે યોજાયેલ શાકોત્સવમાં રીંગણાના શાકનો મહાપ્રસાદનો લાભ લેતા હજારો હરિભક્તો.

શ્રીહરિ ડીજીટલ ફોટોગ્રાફી - સુરત. મો. ૯૮૯૮૭૭૧૨૦૭
















## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન

૧. અમરેલી શ્રી સ્વામિનારાયણ મંદિરને આંગણે યોજાયેલ ભવ્ય શાકોત્સવમાં પધારેલ હરિભક્ત સમુદાય. ૨. બગસરાને આંગણે યોજાયેલ ભવ્ય 'શાકોત્સવ-સત્સંગ શિબિર'માં અમૃતવાણીનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી - અમરેલી, પૂ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી - બગસરા, પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર. ૩. શ્રી સ્વામિનારાયણ મંદિર બગસરા આયોજીત ભવ્ય 'શાકોત્સવ-સત્સંગ શિબિર'માં કથાનું રસપાન કરતા હરિભક્તો. ૪. ગઢપુર મુકામે દાદાખાચરના દરબારમાં યોજાયેલ ૧૨ કલાક અખંડ ધૂનમાં મસ્ત બનેલ પૂ. સંતો. ૫. અક્ષરધામરૂપી ભૂમિગઢપુર મુકામે દાદાખાચરના દરબારમાં યોજાયેલ ૧૨ કલાક અખંડ ધૂનમાં તલ્લીન બનેલા પૂ. સંતો તથા ગામોગામથી પધારેલા હરિભક્તો. ૬. સાવરકુંડલાને આંગણે યોજાયેલ શાકોત્સવમાં ગામોગામથી પધારેલ વિશાળ હરિભક્ત સમુદાય.